વા.લ. રૂ. ૧૦૦/–
વા. સ. રૂ. ૧૦૦/–


# સત્યાન્વેષણ


SATYASHODHAK SABHA, SURAT

૧૫ માર્ચ, ૨૦૨૫ Vol. 19 No. 03

# ચારસો....ચારસો અંકની લાંબી મજલ !




નેટ પર તમને ચોક્કસ વાંચવા મળશે :
www.satyashodhaksabha.com પર જાઓ.

# ધી સૂરત પીપલ્સ કો-ઓ. બેન્ક લિ.

સ્થાપના : ૧૯૨૨

મલ્ટી સ્ટેટ શિડ્યુલ્ડ બેન્ક

## ડિપોઝીટના વ્યાજના દરો
(તા. ૨૭/૦૮/૨૦૨૪ થી અમલમાં)

| મુદત | વ્યાજ દર |
| --- | --- |
| ૭ - ૪૫ દિવસ | ૪.૦૦% |
| ૪૬ - ૧૮૦ દિવસ | ૪.૭૫% |
| ૧૮૧ - ૩૬૫ દિવસ | ૫.૫૦% |
| ૧ - ૨ વર્ષ | ૭.૦૦% |
| ૨ - ૩ વર્ષ | ૭.૧૦% |
| ૩ - ૪ વર્ષ | ૭.૨૦% |
| ૪ - ૫ વર્ષ | ૭.૦૦% |
| ૫ - ૧૦ વર્ષ | ૬.૭૫% |

વસુધારા ટેક્ષ પ્લાન યોજના
૭.૦૦%*

### વિશિષ્ટ યોજના
૧૫ મહીના ૮.૧૫%*
યીલ્ડ ૮.૪૯%*

વરિષ્ઠ નાગરીકોને ૩૬૫ દિવસો કે તેથી વધુ મુદતની થાપણો પર ૦.૭૫% વધુ વ્યાજ



PEOPLE'S BANK in real sense

*T&C Apply

રજીસ્ટર્ડ/ સેન્ટ્રલ ઓફિસઃ 'વસુધારા ભવન', ટીમલીયાવાડ, નાનપુરા, સુરત - ૩૯૫૦૦૧,
ફોન.: (+૯૧-૦૨૬૧) ૨૪૬૪૬૨૧ થી ૪૬૨૪, ફેક્સ (+૯૧-૦૨૬૧) ૨૪૬૪૫૭૭/૯૨,
ઈ-મેઇલઃ info@spcbl.in, ટોલ ફ્રી નં.: ૧૮૦૦૨૩૩૭૭૨૨, વેબસાઇટઃ www.spcbl.in

# અનુક્રમણિકા


| ક્રમાંક | વિષય | લેખક | પાન ક્રમાંક |
|---|---|---|---|
| ૧ | ચારસો...ચારસો લાંબી મજલ ! | સૂર્યકાન્ત શાહ | ૧ |
| ૨ | ટૂંકી દ્રષ્ટિનું રાજકારણ અને રેશનાલિઝમ | તંત્રી લેખ | ૪ |
| ૩ | 'સત્યાન્વેષણ' વિશે કાંઈક | ડૉ. બી. એ. પરીખ | ૬ |
| ૪ | નાની વાર્તા | ધનસુખ પટેલ | ૧૩ |
| ૫ | માનવી નૈતિક છે કારણ કે તે તર્ક-વિવેક બુદ્ધિથી વિચારે છે | બિપીન શ્રોફ | ૧૪ |
| ૬ | ધાર્મિક હોવાનો ઢોંગ | જાદવ વેકરિયા | ૧૬ |
| ૭ | ભારતીય રાજકારણમાં વૈજ્ઞાનિક અભિગમ | સુગીત પાઠકજી | ૧૭ |
| ૮ | 'સત્યાન્વેષણનો ૪૦૦મો અંક પ્રસિદ્ધ | જાદવ વેકરિયા | ૨૨ |
| ૯ | મોગલ સલ્તનતમાં પ્રગતિશીલતા | અતુલ પાઠકજી | ૨૩ |
| ૧૦ | વિચાર શૂન્યતા | ધનસુખ પટેલ | ૨૮ |
| ૧૧ | દુનિયાને સુધારતા પહેલાં ઘરના લોકોને સુધારવા જરૂરી છે ? હા કે ના ? | રોહિત કર્મ | ૩૦ |
| ૧૨ | તહેવારોની ઉજવણીનો અતિરેક | ગિરીશ સુંઢિયા | ૩૨ |
| ૧૩ | મહાકુંભમાં મારો ડૂબકી | ભગવાનજી રૈયાણી | ૩૫ |
| ૧૪ | શ્રદ્ધા એટલે જ અંધશ્રદ્ધા | વિજય ભગત | ૩૭ |
| ૧૫ | મહિલા અને અંધશ્રદ્ધા | ડૉ. રાધિકા મગ્રેસન | ૩૯ |
| ૧૬ | મહિલાઓ અને વિવેકબુદ્ધિવાદ | ડૉ. સુષ્મા ઐય્યર | ૪૧ |
| ૧૭ | બાબુભાઈ દેસાઈને સ્મરણાંજલિ | મોહનભાઈ પટેલ | ૪૭ |
| ૧૮ | સત્યશોધક સભાના સત્યશોધન માટેના કાર્યક્રમો | - | ૪૯ |
| ૧૯ | અંધશ્રદ્ધા નાબુદી કાર્યક્રમ | - | ૫૧ |

# સ્મરણાંજલિ

**કમળાબેન પટેલ**
**અવસાન : તા. ૩–૧૦–૨૪**

**રમણભાઈ ભાણાભાઈ પટેલ**
**અવસાન : તા. ૨૭–૧–૨૫**

**વતન : મોજે ચીતાલી (હવેલી ફ.) જિ. નવસારી (ગુજરાત)**

માનવીની સાચી કદર જ્યારે તે સદેહે પૃથ્વી પર ન હોય ત્યારે થાય છે. માણસ કેટલા વર્ષ જીવ્યો તે નહીં, પણ કેવી રીતે જીવ્યો તે મહત્વનું બને છે. આઈન્સ્ટાન કહે છે : 'જે જિનીયસ હોય છે તેમનામાં એક ટકા ટેલેન્ટ હોય છે. જ્યારે ૯૯ ટકા તેમની મહેનતી હોય છે.'

કમળાબેને માધ્યમિક શિક્ષિકા તરીકે નોકરી કરી–નિવૃત્તિ લીધી. જ્યારે રમણભાઈએ રેલવે–ટપાલ વિભાગમાં કલાર્કની નોકરીની સાથે કોલેજ–શિક્ષણ પ્રાપ્ત કરી માધ્યમિક શિક્ષક થયા ઉપરાંત અને બાદમાં સીધી ભરતીથી ગુજરાત સરકારના વેચાણવેરા વિભાગમાં ડેપ્યુટી કમિશનર ઓફ સેલ્સટેક્ષમાં વર્ગ–૧ ની સેવા બજાવી નિવૃત્ત થયા હતા. નિવૃત્તિ પછી પણ કૌટુંબિક–સામાજિક શિક્ષણ ક્ષેત્રે એક ઉત્તમ સલાહકાર માનદ્ સેવામાં પ્રવૃત્ત રહીને વતનમાં આદિવાસી–સમાજ–કે સૌ કોઈનું સેવાકીય કાર્ય અદા કર્યું. જેની સુવાસ આજે પણ જોવા મળે છે.

રમણભાઈ તથા કમળાબેને અનેક ક્ષેત્રના પડકારો અને મુશ્કેલીઓ વચ્ચે પ્રગતિ કરી. તે સૌ માટે પ્રેરક છે. કહેવાય છે કે એક પુરુષની પ્રગતિમાં સ્ત્રીનો સિંહફાળો હોય છે. તે રીતે કમળાબેનનો સહકાર મળતા રમણભાઈ તથા કુટુંબની પ્રગતિ શકય બની છે. અંતે તેમની સેવાઓને સ્મરણાંજલિ.

–ગાત્રી, દ્વિતી, તનીશ્ક





શુભેચ્છા સહ...

**શ્રી ભગવાનજી રૈયાણી**

તરફથી

**સર્વે શુભેચ્છાઓ**

# ચારસો...ચારસો અંકની લાંબી મજલ !

–સૂર્યકાન્ત શાહ
પ્રમુખ અને મુખ્ય સંપાદક

ભારતમાં અને તેમાંયે ગુજરાતના સુરતમાં રેશનાલિસ્ટોની સરકારી ચોપડે નોંધાયેલી સંસ્થા નામે 'સત્યશોધક સભા' ચાલીસ–ચાલીસ વર્ષથી પણ વધારે સમયની એકધારી અને તે પણ અંધશ્રદ્ધા–વહેમ વિરોધી, ઈશ્વરના અસ્તિત્વનો ઈનકાર કરતી અને રેશનાલિઝમને આગળ વધારતી પ્રવૃત્તિઓ કરે તે પોતે જ એક અજાયબી છે ! આ પ્રકારની પ્રવૃત્તિઓ કરતા રેશનાલિસ્ટો સુરતમાં છે, અને તે ઓછામાં ઓછી બે પેઢીથી પ્રવૃત્ત છે, એ પણ કેવું આનંદાશ્ચર્ય છે ! સુરતના આ રેશનાલિસ્ટો હિત, મિત્ત પથ્યમ્'ને બરાબર સમજીને પ્રવૃત્તિ કરતા દેખાયા છે. અન્યોને દુઃખ પહોંચાડીને નહીં, છતાં મક્કમ રહીને રેશનાલિઝમની વાતો સમાજ સમક્ષ મૂકવાનો રવૈયો સત્યશોધક સભાના આ રેશનાલિસ્ટોએ અપનાવ્યો છે. સરકારમાં તે નોંધાયેલી છે તેથી વર્ષોવર્ષની રચાયેલી એની કારોબારીઓએ તેમ જ પદાધિકારીઓએ સરકારી ખાતાં અને ઓડિટરોની ઝીણવટભરી તપાસમાંથી પાર ઉતરવાનું રાખ્યું છે. આ બાબત એક કસોટી છે, પરંતુ તે જ સભાને લાંબુ આયુષ્ય અર્પે છે. સત્યશોધક સભાના કાર્યકરો એવું પણ માને છે કે શહેર, રાજય, દેશ કે દુનિયાના કોઈપણ ખૂણામાં કોઈપણ વ્યક્તિ કે સંસ્થા રેશનાલિઝમને વધારતી કોઈ પણ પ્રવૃત્તિ કરે તો તેની સાદર નોંધ લેવી, શકય હોય તો ટેકો આપવો, અને એમાંથી જે કંઈ શીખવાનું મળે તો તે બોધપાઠને પોતાની પ્રવૃત્તિઓમાં સામેલ  કરવો.  એવું કશું પણ કરવું નહીં કે જેથી વાડાબંધીમાં ફસાઈ જવાય.

એવી આ સત્યશોધક સભાની અનેક બૌદ્ધિક પ્રવૃત્તિઓ પૈકીની એક પ્રવૃત્તિ તે એના માસિક 'સત્યાન્વેષણ'નું નિયમિત પ્રકાશન ! શરૂઆતમાં 'પ્રબોધ'ના નામે તે અનિયતકાલિન હતું. ૨૦૦૩ના જાન્યુઆરીથી એપ્રિલ ૨૦૧૦ સુધી તે ત્રિમાસિક રહ્યું. ત્યારબાદ આજદિન સુધી નિયમિત પ્રગટતુ માસિક બન્યું.  છેવટે આ અંક સાથે ચારસો...ચારસો અંક પ્રસિદ્ધ થયા ! જાન્યુઆરી, ૨૦૦૩ થી મેં એના મુખ્ય સંપાદક તરીકે નાવ સંભાળ્યું. મને એનો અતિ હર્ષ છે કે આજે ૨૦૨૫ના માર્ચના ચારસોમા અંક સુધી એનું હું નિયમિત પ્રકાશન કરી શકયો. 'સત્યાન્વેષણ'ના સંપાદક મંડળ અને સત્યશોધક

સભાની કારોબારીએ જોયું કે આ અભિયાન શકય બને. દર મહીને એની ૯૦૦ થી ૧૦૦૦ નકલ છપાય છે. ૮૦૦ થી ૯૦૦ નકલ ટપાલમાં જાય છે. મોટા ભાગના વાચકો આજીવન છે. આ માસિક થકી વહેમ–અંધશ્રદ્ધા વિરુદ્ધ પરના, ઈશ્વરના ઈનકાર પરના, સંશય પરના અને રેશનાલિઝમ પરના અનેકવિધ વિષયો પર સતત ચિંતન થતું રહે છે. આ જ વિષયોને કેન્દ્રમાં રાખીને સત્યશોધક સભાની તેમ જ ગુજરાતમાં અન્યત્ર ચાલતી પ્રવૃત્તિઓનું દસ્તાવેજીકરણ થાય છે. અખબારોથી માંડી, સંશોધન સામાયિકોનું  બને છે તેમ ‘સત્યાન્વેષણ’ના વાચકો પણ તે વાંચીને પ્રતિભાવો ઓછા આપે છે. આમ છતાં, એમના પૈકી જેમને તે મળતું નથી, ત્યારે નહીં મળ્યાની મળતી ફરિયાદો, ટપાલ ખાતાની વધતી બિનકાર્યક્ષમતાથી બચવા કુરીઅર દ્વારા મોકલવાના પ્રસ્તાવ, અને એ વાચકોમાંથી કોઈ રૂબરૂ મળે ત્યારે કોઈક લેખ કે કૃતિ માટે એમના તરફથી થતી ચર્ચા ‘સત્યાન્વેષણ’નું પ્રકાશન કરવા માટે પ્રોત્સાહન પૂરું પાડે છે. કેટલાક વાચકોના ઘરે ‘સત્યાન્વેષણ’ જાય તો ઘરમાં વિરોધ થાય છે. આથી એવા વાચકો જ્યારે રૂબરૂમાં આવીને અંક લઈ જાય છે ત્યારે પણ અમને ઘણું પ્રોત્સાહન મળે છે.

આ ચારસોમા  અંકની જેમ અઢીસોમો અંક પણ વિશેષાંક તરીકે પ્રસિદ્ધ કરેલો. તેમાં મેં આ જ પ્રથમ પાનાના સ્થળે જણાવેલું કે એના ૨૫૦... આંકડા પછીના બિંદુઓ સૂચવે છે કે ‘સત્યાન્વેષણ’ના ૩૦૦, ૩૫૦.... અંકો પણ બહાર પડશે એવી વિશ્વસનીય આગાહી કરી શકાય ! સારું છે કે ૩૫૦ પછી ટપકાં મૂકવામાં આવેલા. અન્યથા આ આગાહી ખોટી પડતે, અથવા એમ પણ કહી શકાય કે વધારે પડતી સાચી પડતે કારણ કે આ તો ૪૦૦ મો અંક છે ! આંકડાશાસ્ત્રમાં સમયશ્રેણીનું મહત્ત્વનું સ્થાન છે. એ સમયશ્રેણીના આધારે એવી વિશ્વસનીય આગાહી કરી શકાય કે ‘સત્યાન્વેષણ’ના ૪૫૦, ૫૦૦... અંક પણ બહાર પડશે ! આ આગાહીનું બીજું કારણ એ છે કે ભલે મારી ઉંમર ૮૯ વર્ષની થઈ, પરંતુ સત્યશોધક સભામાં નવા કાર્યકરોની ફોજ ઊભી થઈ છે. આ ફોજનો કોઈને કોઈ સભ્ય ‘સત્યાન્વેષણ’નો ઝંડો પડવા નહીં દે એવો મને ભરોસો બંધાયો છે.

૨૫૦ મા અંકમાં જ પ્રમુખની કલમે લખતા બાબુભાઈ દેસાઈએ જણાવેલું કે, ‘પડકારો ઘણા છે, મુશ્કેલી ઘણી છે.’ હા...મુશ્કેલીઓ વધતી જાય છે. સૌથી મોટી મુશ્કેલી ટપાલ ખાતા તરફથી ઊભી થઈ છે.  છેલ્લા ત્રણ વર્ષથી એ ઘણા વાચકોને

'સત્યાન્વેષણ' આપતું જ નથી ! કોણ જાણે કઈ વખારમાં એ એને નાંખી દે છે, એને અથવા શંકા જાય છે કે તે પસ્તીમા વેચીને 'રોકડા' કરી લે છે. મોટા ભાગની ફરિયાદો બહેરા કાને અથડાય છે. આટલું ઓછું હોય તેમ હવે બીજી બહુ મોટી મુશ્કેલી એણે ઊભી કરી છે. એણે પચ્ચીસ પૈસાને બદલે ચાર–ચાર રૂપિયાની ટિકિટ 'સત્યાન્વેષણ' મોકલવાનું ફરમાન કર્યું છે. આ લેખ વાંચનારા સૌ જાણે છે કે સત્યશોધક સભાના આર્થિક નાણાકીય સાધનો ટાંચા છે. આમ છતાં, હમણાં તો ચાર રૂપિયાની ટિકિટ લગાડીને અંક મોકલીએ છીએ. ચાર રૂપિયા લીધા પછી પણ ઘણા વાચકોને ટપાલખાતુ 'સત્યાન્વેષણ' મોકલતું જ નથી ! આ મુશ્કેલીનો પહેલો ઉકેલ એ છે કે આપ વાચકો નાનું–મોટું દાન આપો, જાહેર–ખબર અપાવો અને બીજો ઉકેલ એ છે કે તમને કોઈપણ મહીનાની પચ્ચીસમી તારીખ સુધીમા અંક નહીં મળે ત્યારે તે નહીં મળ્યાની ફરિયાદ તમારી ડિલીવરી ઓફિસને કરતા જ રહો. રેશનાલિઝમને કેન્દ્રમાં રાખીને પ્રકાશિત થતા આપણા અનેક સામયિકો બંધ થવાનું કારણ નાણાકીય હતું. મને આશા–વિશ્વાસ છે કે 'સત્યાન્વેષણ'ના સુજ્ઞ વાચકો તેવું થવા દેશે નહી. તેઓ સતત નાણાકીય સહાય કરતા જ રહેશે.

સત્યશોધક સભાના એક સ્થાપક, પૂર્વ પ્રમુખ અને આજના પેટ્રન ડૉ. બી. એ. પરીખે ૨૫૦ મા અંકની જેમ આ અંકમાં પણ પહેલા 'પ્રબોધ' નામથી બહાર પડેલા અને હવે 'સત્યાન્વેષણ'ની યાત્રાની ઝાંખી આપણને કરાવી છે. તેઓશ્રી આજે પણ સત્યશોધક સભાને પાયાની સેવા પૂરી પાડે છે. આજે ૯૨ વર્ષની વયે પણ તેઓ 'સત્યાન્વેષણ'નું પ્રકાશન નિયમિત થતું રહે તે માટેની કોઈપણ સેવા આપવા તૈયાર છે. વાચકોને જણાવવાનું ગમશે કે એમના અંગત ગ્રંથાલયમાં 'સત્યાન્વેષણ' અને 'પ્રબોધ'ના લગભગ બધા જ અંકો સચવાયેલા છે ! થોડી સ્વપ્રશસ્તિ ભલે થતી પણ પૂરી નમ્રતાથી જણાવવાની રજા લઉ કે 'સત્યાનવેષણ'નો પ્રત્યેક અંક દસ્તાવેજી મૂલ્ય તો ધરાવે જ છે, વાચકો એકવાર મળતા અંકોને સાચવે. વર્ષ પછી એકાદ અંક પુનઃ વાંચવા લે. એમને જરૂર જરૂરથી તે પુનઃ વાંચવાનો ગમશે જ !

આથી જ આ પરિપ્રેક્ષ્યમાં આજે 'સત્યાન્વેષણ'નો આ ૪૦૦મો વિશેષાંક તમારા કરકમળમાં મૂકવાનો અમને ઘણો આનંદ છે.

# ટૂંકી દ્રષ્ટિનું રાજકારણ અને રેશનાલિઝમ

**–તંત્રી લેખ**

એકવીસમી સદી શરૂ થઈ ત્યારે વીસમી સદી ઉત્તરાર્ધમાં બીજા વિશ્વયુદ્ધ બાદ વિશ્વની પ્રજાએ જે જવાબદારી દર્શાવી તેના થકી સમગ્ર વિશ્વ પર લાંબે ગાળે પડતી અસરો વિશે વિચારવાનું થયું. યુનો. (હવે યુ. એન.)ની સ્થાપનાથી માંડી વૈશ્વિકીકરણની દિશામાં મક્કમ પગલા માંડયા. ખાસ કરીને વૈશ્વિક આરોગ્ય, પર્યાવરણ, વૈજ્ઞાનિકતા, લોકશાહી, ન્યાયતંત્ર, વગેરેની બાબતોમાં વિશ્વની પ્રજાએ એના રાજકરણીઓની આગેવાનીમાં રેશનલ (વાજબી) બાબતોને સ્વીકારી. અવૈજ્ઞાનિકતા અને ધર્મને અંકુશમાં લઈને પ્રજા વત્તે–ઓછે અંશે રેશનલ થવા માંડી હતી. ધાર્મિક ગ્રંથો કરતાં વધારે વિજ્ઞાનનાં પુસ્તકો વધારે માન પ્રાપ્ત કરવા માંડેલા. ઘણા દેશોના શાસને પણ ધર્મ દેવસ્થાનોમાં જ રહે તેવા કાયદા બનાવવા માંડયા. શિક્ષણ દ્વારા બિનસાંપ્રદાયિકતા અને વૈજ્ઞાનિક મિજાજને સાર્વત્રિક બનાવવાની દિશામાં પ્રજા જાણે હરણફાળ ભરતી હતી. ખાસ કરીને ઈસ્લામી અને સરમુખત્યારશાહીવાળા દેશો મોટા અપવાદો હતા અને આજે પણ છે. આમ છતાં, એમના પર પણ ઉદારમતવાદ, માનવવાદ અને રેશનાલિઝમનો પ્રભાવ તો પડવા જ માંડયો હતો. ખાસ કરીને આ ઈસ્લામી દેશોએ પોતાના દેશમાં ધર્મનું ચુસ્ત ઢાંકણ વાસી દીધું. એમણે ખૂબ ટૂંકી દ્રષ્ટિનું રાજકારણ ચલાવ્યું. બહારની દુનિયાના ઉદારમતવાદ અને રેશનાલિઝમનો પોતાના સ્વાર્થ માટે ઉપયોગ કર્યો અને પોતાના દેશોમાં ઉદારમતવાદ અને રેશનાલિઝમને જરાયે સ્થાન આપ્યું નહિ. એ જ ટૂંકી દ્રષ્ટિએ તેઓ અંદારોઅંદર લડયા અને લડે છે. કેટલીકવાર એવા યુદ્ધગ્રસ્ત દેશોમાંથી હજારો મુસલમાનોએ આજુબાજુના ઉદારમતવાદી દેશોમાં આશ્રય લીધો. એ દેશોએ માનવતાના ધોરણે એમને આશ્રય આપ્યો. આ હિજરતીઓ સમજ્યા હતા અને સમજે છે કે ઉદારમતવાદને કારણે એમને આશ્રય મળ્યો છે, પરંતુ એ ટૂંકી દ્રષ્ટિવાળાઓએ એનો દુરુપયોગ કર્યો. એમણે પોતાના ધર્મ અને એની અવૈજ્ઞાનિકતાનો એ દેશોમાં પ્રચાર કરવા માંડયો ! થોડા પ્રમાણમાં અન્ય દેશોમાં લોકોએ પણ આ દેશોના ઉદારમતવાદનો ગેરલાભ લીધો.

આ બધાના પ્રત્યાઘાત સ્વરુપ એવા ઉદારમતવાળા દેશોમાં પણ હવે ટૂંકી દ્રષ્ટિવાળા રાજકારણીઓ સક્રિય બન્યા. એ દેશોમાં લોકશાહી છે. આથી એમણે પ્રજાને રાષ્ટ્રવાદના નામે અપીલ કરી. એમનો ધર્મ જેણે પીછેહઠ કરવા માંડી હતી. તે ધર્મને એમણે પુનઃજાગૃત કર્યો. પરદેશથી આવેલા શરણાર્થીઓ અને ગેરકાયદેસરના વસાહતિઓએ ઉદારમતવાદી દેશોમાંના ટૂંકી દ્રષ્ટિવાળાને સત્તા મળે તેમાં બહુ મોટો ફાળો આપ્યો ! પરિણામો આજે વિશ્વનું રાજકારણ વધારે સંકીર્ણતા, વધારે એવૈજ્ઞાનિકતા, વધારે અવિવેકવાદ તરફ પ્રયાણ કરવા માંડયું છે.

આ અવિવેક કેવો આગળ વધે છે.  તે એના પરથી સમજાશે કે પેટ્રોલ–ડીઝલના વિકલ્પો વપરાશમાં આવવા માંડેલા, સૌરશકિત, પવન શકિત, વગેરેને પ્રોત્સાહન આપવાનું ઓછું કરવા માંડયું. પેટ્રોલ–ડીઝલનો વપરાશ વધે તે રાજકરણીઓએ શરૂ કર્યું છે. પ્લાસ્ટીકનો અમર્યાદિત ઉપયોગ કરવાની છૂટ આપવા માંડી છે. પુરાવા આધારિત હકીકતોનો ઈનકાર થવા માંડયો છે. ખાસ કરીને સત્તાધીશોની પુરાવા વગરની માન્યતાઓનો ઝંઝાવાતી પ્રચાર થવા માંડયો છે. પ્રજા આ બધાને સ્વીકારવા માંડી છે. પુરાવા આધારિત હકીકતોનો ઈનકાર થવા માંડયો છે. જે ટૂંકી દ્રષ્ટિનું રાજકારણ આજે વિશ્વના ચોપાટ પર ખેલાવા માંડયું છે, તેમાં ડહાપણ અને પ્રબુદ્ધતાને પદભ્રષ્ટ કરવામાં આવ્યા છે. લોકશાહી પણ હવે એક 'નાટક' થવા માંડી છે. સામ, દામ, દંડ અને ભેદની બિલકુલ તિરસ્કૃત નીતિનો અમલ કરીને લોકશાહીના આંતર–પ્રાણને હણવામાં આવી રહયો છે. લોકશાહીના 'નાટક' બાદ અસલી સરમુખત્યારો કરતાં પણ વધારે સત્તાભૂખ્યા, ક્રૂર અને અવિવેકી રાજકરણીઓ સત્તા ઝૂંટવી લેવા માંડયા છે. 'રેશનાલિઝમ' તિરસ્કૃત શબ્દ બની જાય તેવી પરિસ્થિતિ પેદા થવા લાગી છે. આ પરિસ્થિતિમાં રેશનાલિસ્ટો વારંવાર મળતા રહે, સાહિત્ય સર્જન કરી તેનું વિતરણ કરે અને વિકલ્પે એવા રાજકારણીઓને ટેકો આપે કે જેઓ વિવેકબુદ્ધિવાદને સ્વીકારતા હોય અને તેને આગળ વધારવા તૈયાર હોય.

✤ ✤ ✤

---

એક જાણીતા લેખક લખે છે કે કેટલાક શાસ્ત્રોમાં પશુના બલિ કરવાનું જણાવ્યું છે તે પશુતાના બલિ માટે છે ! શું આ મહાશયને ખબર છે કે તે શાસ્ત્રોમાં માનવબલિ કરવાનું પણ જણાવ્યું છે ? શું માનવતાનો બલિ ચઢાવવાનો છે ?

# ‘સત્યાન્વેષણ’ વિશે કંઈક...

–ડો. બી. એ. પરીખ

આજે ‘સત્યાન્વેષણ’ સામયિક પ્રકાશિત કરીએ છીએ. તેમાં આવતાં લખાણોના ચોક્કસ હેતુઓ હોય છે તેમ જ અમે તે ચોક્કસ સ્વરૂપમાં પ્રગટ કરીએ છીએ.

‘સત્યાન્વેષણ’ દ્વારા આગેવાન સંનિષ્ઠ રેશનાલિસ્ટ ચિંતકોનો પરિચય થાય, લોકો તેમને ઓળખે તે હેતુથી આ વિદ્વાનોના શોધીને પસંદ કરેલા લખાણો એક પેરેગ્રાફ જેટલા પહેલા પાને છાપવામાં આવતા હતા. આ રીતે એક ભૂલાઈ ગયેલ પ્રખર બૌદ્ધિક નાસ્તિકવાદી ‘ઈશ્વરનો ઈન્કાર’ ના લેખક નરસિંહભાઈ પટેલ, રાજા રામમોહન રાય, જવાહરલાલ નેહરુ, પ્રખર નાસ્તિકવાદી અને આંધ્ર પ્રદેશમાં એથેઈસ્ટ સેન્ટરની સ્થાપના કરનાર શ્રી રામચંદ્ર ગોરા (આ સેંટર હાલ વિજયવાડામાં છે) પ્રો. જયંત નારલીકર, ઓશો રજનીશ જેવા દેશના વિચારકો ઉપરાંત વિશ્વવિખ્યાત બટ્રાંડ રસેલ, વીલ ડયુરાંટ, અબ્રાહમ કોવુર, ઓલ્વિન ટોફલર, રિચાર્ડ ડોકીન્સ, સ્ટીફન હોકિંગ ઉપરાંત વિજ્ઞાનીઓ કોપરનિકસ, ગેલિલીઓ ગેલીલી, ટાયકો બ્રાહી, લિઓનાર્ડો બ્રુનો, તેમ જ બાંગલાદેશની બળવાખોર લેખિકા તસલિમા નસરીન વગેરેને તેમનાં અવતરીત લખાણો સાથે તેમનો પરિચય કરાવ્યો છે. વર્તમાન સમયમાં ધાર્મિક કટ્ટરવાદીઓએ જેમની હત્યા કરી છે એવા રેશનાલિઝમ સમાજ પરિવર્તન તેમ જ વૈચારિક સ્વાતંત્ર્ય માટેની લડત ચલાવનારા શહીદો નરેન્દ્ર દાભોલકર, ગોવિંદ પાનસરે, ગૌરી લંકેશ, પ્રો. કે. કે. કુલબર્ગી વગેરેની ઓળખ કરાવી છે. ‘સત્યાન્વેષણ’માં વિવિધ પ્રકારનાં લખાણો આવે છે, તે વિશે વિગતે પરીચય.

(એ) ‘સત્યાન્વેષણ’ના મુખપૃષ્ઠ ઉપર જે તે માસમાં બનેલી ધ્યાનાકર્ષક લાગે તેવી ઘટના કે પ્રસંગ વિશે ચિત્ર.

(બી) મુખપૃષ્ઠ ઉપરના ચિત્ર વિશે પૂરી સમજ આપતો નાનો લેખ.

(સી) ‘તંત્રીલેખ’ ખાસ કરીને ધાર્મિક રીતે અનિષ્ટ તેમ જ વિજ્ઞાન અને તેની

વિચારસરણીને પ્રોત્સાહક ઘટનાઓ વિશે વિગતવાર સમાચાર અને લોકોનું ધ્યાન દોરાય તેને અનુલક્ષીને લેખ.

(ડી) રાજ્યમાં તેમ જ અન્ય રાજ્યોમાં બનતી અમારા ધ્યાનમાં આવતી રેશનાલિસ્ટ તેમ જ અંધશ્રદ્ધાયુકત પ્રવૃત્તિઓ વિશે હેવાલો અને ધાર્મિક શોષણ અને છેતરપિંડી વિશે સમાચાર.

(ઈ) ખાસ વિષયો ઉપર તજજ્ઞ લેખકોના લેખો. કેટલીક વાર આવા લેખો સતત ત્રણ ચાર અંકોમાં પણ અનુસંધાનમાં છપાયા છે.

(એફ) સત્યશોધક સભાની માસ દરમિયાન થયેલી પ્રવૃત્તિઓ, કાર્યક્રમો વિશે હેવાલો.

(જી) વાચકોના પ્રતિભાવો અને તેમના સવાલોના જવાબો.

(એચ) કેટલાક વિદ્વાનોએ તેમજ રેશનાલિસ્ટ વિદ્વાનોના અમુક મુદ્દાઓ વિશેના મિતભાશી લખાણો.

(આઈ) સત્યશોધક સભા દ્વારા શાળાના વિદ્યાર્થીઓ માટે યોજાએલી નિબંધ સ્પર્ધામાં પારિતોષિક વિજેતા વિદ્યાર્થીઓના નિબંધો.

(જે) સત્યશોધક સભાના પ્રકાશનો વિશે માહિતી.

ઘટનાઓ, પ્રસંગો, કાર્યક્રમો વિશે વિગતવાર માહિતી.

**રમણભ્રમણ સુવર્ણચંદ્રક :**

પ્રખર માનવવાદી રેશનાલિસ્ટ પ્રો. રમણભાઈ પાઠકની રેશનાલિઝમ ક્ષેત્રે અભૂતપૂર્વ પ્રદાન સેવાઓની યાદગીરીમાં 'રમણભ્રમણ સુવર્ણચંદ્રક' ની શરુઆત ૧૯૯૭માં થઈ અને પ્રથમ ચંદ્રક સત્યશોધક સભાના સંનિષ્ઠ કાર્યકર શ્રી બાબુભાઈ દેસાઈને આપવામાં આવ્યો. આ પ્રસંગે સીને કલાકાર ડૉ. શ્રી રામ લાગુ ખાસ આમંત્રણથી પધાર્યા હતા. ત્યાર પછી આજદિન સુધી આ ચંદ્રક અર્પણનો કાર્યક્રમ કોરોના કાળના બે વર્ષ સિવાય અવિરતપણે ચાલ્યા કર્યો છે. હાલ ૨૦૨૪માં આ ચંદ્રક રેશનાલિઝમને અર્પિત એવા શ્રી બીપીનભાઈ શ્રોફને આપવામાં આવ્યો છે. આ ચંદ્રક અર્પણનો કાર્યક્રમ અમદાવાદ ખાતે 'અમદાવાદ રેશનાલિસ્ટ એસોસિએશન'ના આશ્રયે યોજવામાં આવ્યો હતો. ચંદ્રક પ્રદાન કરવા અંગે એવી નીતિ નક્કી કરી છે કે એક વર્ષ આ ચંદ્રક સત્યશોધક સભાના કાર્યકરને અને બીજા વર્ષે ગુજરાતમાંથી રેશનાલિસ્ટ કાર્યકરને

આપવામાં આવે. ગુજરાતનાં જુદાં જુદાં શહેરો, વિસ્તારોમાં નિષ્ઠાપૂર્વક કામ કરતા રેશનાલિસ્ટોની કામગીરીની નોંધ લઈ તેમને ચંદ્રક આપવામાં આવ્યો છે. છેલ્લા વર્ષોમાં શ્રી બીપીનભાઈ શ્રોફ, ગોધરાના ડૉ. સુજાત વલી, સેવાકાર્યને જીવન અર્પણ કરનાર ઈંદુકુમાર જાની, રાજકોટના જયંત પંડયા, શ્રી અશ્વિન કારીઆ, વિદ્યાનગરના શ્રી જેરામ દેસાઈ, કીમ એજ્યુકેશન સોસાયટીના ઉત્તમ પરમાર વગેરે.

આ ચંદ્રક અર્પણ કાર્યક્રમોમાં બને ત્યાં સુધી રેશનાલિસ્ટોની કોન્ફરન્સ પણ ગોઠવવામાં આવે અને ખાસ મહેમાન પણ હોય છે. દા. ત. સુષ્મા અય્યરને સુવર્ણ ચંદ્રકપ્રદાન પ્રસંગે ડૉ. પ્રકાશ ભટ્ટનું 'પ્રતીતીકર પુરાવાઓનુ વિજ્ઞાન એટલે એલોપથી' પર પ્રવચન હતુ. સભાના દરેક પ્રકારના કાર્યક્રમોમાં શ્રોતાઓ વર્તમાન પરિસ્થિતિમાં દેશ અને સમાજમાં હાલમાં ઘણી હાવી બનેલી ધાર્મિક રુઢિચુસ્તા અને સામાજિક અનિષ્ટો સમજે અને તેઓ તેમની વિવેકબુદ્ધિને વધારે અને વધારે સતેજ બનાવે તેવી કાળજી રાખવામાં આવે છે. આ બધી પ્રવૃત્તિઓના અહેવાલ 'સત્યાન્વેષણ'માં પ્રસિદ્ધ થાય છે.

અતિ સક્રિય અને સતત કાર્યરત રેશનાલિસ્ટ કાર્યકરોના અવસાનની નોંધ લેવામાં આવે છે અને તેમની જીવનઝરમર તેમજ રેશનાલિઝમ ક્ષેત્રમાં તેમના પ્રદાન વિશે માહિતી આપતા લેખો તેમના ફોટા સાથે છાપવામાં આવે છે.

વિજ્ઞાન દિન નિમિત્તે વ્યાખ્યાનમાળા દર વર્ષે ફેબ્રુઆરી માસનો છેલ્લો દિવસ વિજ્ઞાન દિન તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસે જાહેર જનતાને વિજ્ઞાન અને વૈજ્ઞાનિકતાનું જીવનમાં સ્થાન અને મહત્વ સમજાય તેમ જ સાચુ જ્ઞાન અને સમસ્યા ઉકેલ કેવળ વિજ્ઞાનની રીતે જ આવે તેની ઉપર ભાર મુકતા કાર્યક્રમો સત્યશોધક સભાએ ગોઠવ્યા છે. કેટલાક વર્ષો સભાએ વિજ્ઞાન દિનને વિજ્ઞાન સપ્તાહ તરીકે ઉજવ્યો છે. આ ચાર પાંચ દિવસોના કાર્યક્રમોમાં વિજ્ઞાન અને રેશનાલિઝમને ઉજાગર કરતાં પ્રવચનો ઉપરાંત સેમિનાર, વાદ સભાઓ, પ્રશ્નોત્તર ઈત્યાદિ કાર્યક્રમો ગોઠવાતા હતા. હાલ આ પ્રવૃત્તિ કેવળ વિજ્ઞાન દિન તરીકે ઉજવાય છે, અને ખાસ કોઈ એક શાળામાં કાર્યક્રમો ગોઠવાય તેવા પ્રયત્નો કરીએ છીએ. જેથી વિદ્યાર્થીઓને સમજાય કે વિજ્ઞાન એ કેવળ વર્ગમાં ભણવાનો જ વિષય નથી પણ 'વિજ્ઞાન એટલે શું ? અને વૈજ્ઞાનિક સમજ' પણ ઉપજવી–વિકસવી જોઈએ.

એક આખા દિવસના હોય તેવા કાર્યક્રમો પણ કરીએ છીએ. આવા કાર્યક્રમોમાં વિદ્વાન વકતાઓનાં વ્યાખ્યાનો સાથે શ્રોતાઓ કેવળ ભાષણ સાંભળીને જતા ન રહે પણ કાર્યક્રમમાં સક્રિય રીતે સામેલ થાય તે આશય છે. આવા એક દિવસીય કાર્યક્રમો અવારનવાર ગોઠવવામાં આવ્યા છે. દા. ત.

(૧) રાજ્ય સ્તરીય રેશનાલિઝમ પરિસંવાદ ઉમિયાધામ સ્ટેશન પાસે, કેટલાક વકતાઓ તેમજ ડેલિગેટો બહારગામથી આવ્યા હતા.

(૨) 'સાહિત્ય અને વૈજ્ઞાનિક અભિગમના આંતરસંબંધો' કીમ એજયુકેશન સોસાયટીના સહકારથી એમ. એસ. યુનિવર્સિટીના ગુજરાતીના પ્રોફેસર ડૉ. ભરત મહેતા ઉપરાંત બીજા ચારેક સાહિત્યના ચિંતકો અને વિદ્વાનો પણ વકતા તરીકે હતા.

(૩) પ્રો. રમણ પાઠક અને રામસ્વામી પેરિયારની નાસ્તિકતા વિશે વિચારો અને અભિગમ.

(૪) વ્યાખ્યાન માળાઓ : રમણ પાઠકની સ્મૃતિમાં પાંચ વ્યાખ્યાનોની એ શ્રેણીનું આયોજન કરવામાં આવ્યું હતું.

શ્રી બાબુભાઈની સ્મૃતિમાં દર વર્ષે તેમની મૃત્યુતિથિના દિવસે કોઈક શિક્ષણ સંસ્થામાં કાર્યક્રમ રાખવામાં આવે છે.

(૫) અવારનવાર ખાસ કરીને શાળાઓમાં ચમત્કારના નિદર્શનના કાર્યક્રમો કરવામાં આવે. જેથી નવું જાણવાનું, કુતૂહલ જિજ્ઞાસા ધરાવતા વિકસતા બાળકોને દિવ્ય તત્ત્વ–ભગવાન માતાજી, જેવા કોઈ તત્ત્વો નથી, અને જે કંઈ છે તે આ નજરે દેખાતી અનુભવાતી દુનિયા જ છે અને તે જ સત્ય છે. તેવી સમજ ઉપજાવવાનો પ્રયાસ કરીએ છીએ. ચમત્કાર કરવા એ તો કે. લાલ જેવા જાદૂગરોનો વ્યવસાય છે.

સમગ્ર ગુજરાતના અનેક શહેરો, કસબા, ગામડાઓમાં ગ્રામ પંચાયત, મંડળ કે સંસ્થા શાળા, કોલેજ જાહેર સભા. એમ ઠેર ઠેર ચમત્કાર નિદર્શન કાર્ય કરેલા. ૫૦૦ કરતાં વધારે જાહેર સભાઓમાં લોકની સમક્ષ આ ચમત્કારો સાથે તેમની દેવ–દેવીઓમાં માન્યતાઓ, દૈવી શકિત જેવી બાબતો કેવી પોકળ છે અને સાધુ–માતાજીઓ કેવી રીતે

તેમને છેતરે છે તે સમજાવવામાં આવે છે. આવા પર્દાફાશના કાર્યક્રમોને કારણે ઘણા લોકો સભાન અને સચેત બન્યા છે અને એકદમ વૈજ્ઞાનિક તો નહી પણ પ્રશ્ન પૂછવા, તપાસ કરવી એવાં વલણો જરૂર પ્રગટયા છે અને પરિણામે અંધશ્રદ્ધાનું જોર અમને કયાંક અને કયાંક નબળું પડતું લાગ્યું છે. ઓછામાં ઓછું હવે લોક પ્રશ્ન પૂછતા, વિચારતા થયા છે એવો અમારો અનુભવ છે.

**વિજ્ઞાન અને અલૌકિક ઘટનાઓ :**

મેં સુરતમાં જ એક સંસ્થાના આશ્રયે એક વ્યાખ્યાન આપ્યું હતું. તેમાં પરામનોવૈજ્ઞાનિક કહેવાતી ક્રિયાઓ જેવીકે વિચાર સંક્રમણ, (Telepathy) દુરઅવરોધદર્શન (Clairvoyance) મનોશારીરિક ગતિ (Psycho kiness) પૂર્વજ્ઞાન થવુ, (Precongnition) વગેરે અસ્વાભાવિક ચમત્કારિક નથી અને તેમની મનોવિજ્ઞાનની દ્રષ્ટીએ સ્પષ્ટતા અને સમજ આપી હતી. બાબુભાઈ કહે કે, 'તમે તમારા આ પ્રવચનને સાંકળીને એક નાની પુસ્તિકા લખો અને 1984 માં મે 50 પાનાની એક પુસ્તિકા લખી. વિજ્ઞાન અને અલૌકિક ઘટનાઓ Science and Supernatural Events. આ પુસ્તિકામાં મેં પ્રથમ ધર્મ, ફીલસુફી અને વિજ્ઞાન વચ્ચેનો તફાવત સમજાવી જ્ઞાનપ્રાપ્તિ અને સમસ્યા ઉકેલ માટે માત્ર વિજ્ઞાન જ એક સાચી પદ્ધતિ છે એમ સમજાવી પરામનોવૈજ્ઞાનિક કહેવાતી ઘટનાઓ જેવી કે, અવરોધદર્શન વિચાર સંક્રમણ, મનોભૌતિક ગતિ, પૂર્વ જ્ઞાન વગેરે વિશે સાચી સમજ આપી ધર્મ અને ભગવાનના નામે થતી છેતરપિંડી અને શોષણ વિશે લખ્યું છે. સામાન્ય જન સમાજ તેમજ વિદ્વાનોમાં આ પુસ્તિકાને ભરપુર આવકાર મળ્યો. એક વિદ્વાને તો કહ્યું કે આ પુસ્તિકા રેશનાલિઝમનું બાઈબલ છે. આ પુસ્તિકાની પહેલી કિંમત રૂ. ૧, બે માસમાં બીજી આવૃતિ, પાંચ માસમાં ત્રીજી સુધારેલી અને સંવર્ધિત આવૃત્તિ, આજે આ પુસ્તિકાની આઠમી સંવર્ધિત આવૃત્તિ ચલણમાં છે. આ બધાના ઉલ્લેખ 'સત્યાન્વેષણ'માં થયા છે.

**સત્યાન્વેષણના મુખપૃષ્ઠની ખાસિયત :**

દરેક અંકમાં મુખપૃષ્ઠ ઉપર જે તે માસમાં બની ગયેલી ધ્યાનાકર્ષક વિશિષ્ટ પ્રકારની ઘટના કે પ્રસંગને અનુલક્ષીને ફોટો પ્રસિદ્ધ કરવામાં આવે છે અને પછી સામયિકોમાં પ્રથમ લેખમાં આ મુખપૃષ્ઠ વિશે વિગતવાર લખવામાં આવે છે. આવા કેટલાક ધ્યાનાકર્ષક મુખપૃષ્ઠ ચિત્રો લખાણો અત્રે ટાંકયા છે.

– શિક્ષણ માટે ઝંખતી બાલિકા, બાળદિક્ષા, બાળ મજૂરી ઉપર પ્રતિબંધ મૂકો.

– ભારત અને શ્રીલંકાને જોડતો કહેવાતો આદમ બ્રીજ–રામસેતુ, પ્રાકૃતિક રચના કે રામે બાંધેલો સેતુ ?

– 'અવૈજ્ઞાનિકતાની પુરસ્કર્તા સરકાર' મથાળા સાથે બાબા રામદેવનું ચિત્ર.

– ન્યૂટનનું ચિત્ર અને સાથે ચંદ્રયાન અવકાશમાં છોડતા તિરુપતિ બાલાજી ભગવાનને આ ચંદ્રયાનના પ્રતીકરૂપ આકૃતિ ભેટ ધરવા ગયેલા ઈસરોના વડા વૈજ્ઞાનિકનું ચિત્ર, ન્યૂટન વિજ્ઞાની કહેવાય પણ તે નિતાંત આસ્તિક હતા. આ ઈસરોના વડા વિજ્ઞાની પણ એટલા જ આસ્તિક...કેવી વિટંબણા !

– સમાન નાગરિક સહિતા વિશે ન્યાયદેવી હાથમાં સમાન પલ્લા ત્રાજુડી સાથે.

– ધાર્મિક ઘેલછા અને સમાજ, ધાર્મિક સૂત્રો બોલતા બાળકોના ટોળાનું ચિત્ર.

– કાવડ યાત્રા, કુંભ મેળો, તહેવારોની ઉજવણીમાં ટોળાબંધી અને કોમી તોફાનો ધરમનું માર્કેટીંગ વગેરેની નોંધ સાથે.

– ટોચ ઉપર પહોચેલો અંધશ્રદ્ધાનો વેપાર – નેશનલ સ્ટોક એક્ષચેન્જના મહિલા અધ્યક્ષ ચિત્રા સુબ્રહ્મણ્યમના ચિત્ર સાથે.

– શિક્ષણ પર અમાસનું ગ્રહણ – શાળામાં શિક્ષણથી બાળકમાં જ્ઞાન વિકાસ થાય, વહેમ અંધશ્રદ્ધાથી મુકત થાય, સ્વતંત્ર અને વૈજ્ઞાનિક રીતે વિચાર કરતુ થાય તેના માટે શાળા સંચાલકો, શિક્ષકો, કુસંસ્કારથી મુકત હોવા જોઈએ, પણ તેવું નથી.

– પ્રારબ્ધ કે પુરુષાર્થનો અભાવ, મોરબીમાં તૂટી પડેલા પુલના ચિત્ર સાથે પુલ ઉપરથી જનારા જે કોઈ કારણસર રોકાઈ ગયા અને બચી ગયા તે શું તેમનું સારું નસીબ પ્રારબધ ?

– લાડુમાં પણ રાજકારણ, ખસખસ લગાડેલા ગોળ લાડુનુ ચિત્ર સાથે ભકતોની લાગણીઓ અને ધરમભાવનાનો દુરુપયોગ કરી મંદિરોમાં ભેળસેળવાળા પ્રસાદ વેચનારા એજન્ટો ભકતો, વેપારીઓને અનુલક્ષીને.

સત્યશોધક સભાની કાર્ય પ્રવત્તિઓના પ્રશંસકો સારી સંખ્યામાં અમેરિકા,

કેનેડા ગ્રેટ બ્રિટન વગેરે દેશોમાં વિસ્તરેલા છે. તેઓ સત્યાન્વેષણના સભ્યો પણ છે અને કેટલાક કદરદાનોએ સભાને દાન આપ્યા છે. પરદેશથી આવે ત્યારે હોદ્દેદારોને મળવા પણ આવે છે.

સત્યશોધક સભા અને રાષ્ટ્રિય કક્ષાની સંસ્થા વિજયવાડામાં એથીસ્ટ સેંટર વચ્ચે સહયોગના સંબંધો છે. એથીસ્ટ સેન્ટરના નિયામક ડૉ. વિજયમ સુરત આવી ગયા છે તેમ જ હું, ડૉ. બી. એ. પરીખ અને બાબુભાઈ ત્રણેક વાર વિજયવાડામાં યોજાયેલી ઈન્ટરનેશનલ એથીસ્ટ કોન્ફરન્સમાં હાજરી આપી છે. અમે વ્યાખ્યાનો પણ આપ્યા છે. વિચિત્રતા જુઓ આજે આપણા દેશમાં વિજ્ઞાન ટેકનોલોજીના ભણતર અને અધ્યયન તેમ જ ટેકનોલોજીકલ ઉપકરણોના ઉપયોગ સાથે સાધુ–બાબા સ્વામીઓ અને માતાજીઓની સંખ્યા તેમ જ પ્રભાવ વધી રહયા છે. આ અંધશ્રદ્ધાયુકત વાતાવરણમાં આ સાધુસ્વામીઓ દ્વારા નાણાકીય તેમ જ યૌન શોષણનું પ્રમાણ પણ વધ્યું છે. આજે 20 કરતા વધારે સ્વામીઓ જેલમાં છે. રુપલની પલ્લી, કાવડ યાત્રા, કુંભમેળા જેવી ધાર્મિક પરંપરાઓ નબળી પડી નથી. તાંત્રિકો ભુવા–ભગતની સંસ્થા અને તેમને માનનારા લોકની પણ સંખ્યા ઘટી નથી. આ સામે રેશનાલિસ્ટોએ સરકારને અંધશ્રદ્ધા વિરોધી કાયદો ઘડવા માટે લડત ચલાવી હતી. આજે ગુજરાત સરકારે તેવો કાયદો પસાર કર્યો છે. સત્યશોધક સભા તેમ જ તેના કાર્યકર માધુભાઈએ આ કાયદો ઘડવાની ચળવળમાં સક્રિય ભાગ લીધો હતો. હવે જોવાનું એ છે કે આ કાયદો સરકાર દ્વારા કેવી અને કેટલી નિષ્ઠાથી અમલ કરવામાં આવે છે. આ બધી ચર્ચા ‘સત્યાન્વેષણ’માં કરવામાં આવી છે.

સત્યાન્વેષણમાં લેખમાળારૂપે પણ અમે વિષયો ઉપર સળંગ ચાર પાંચ લેખોની શ્રેણીઓ છાપી છે. દા. ત.

(અ) ડૉ. બી. એ. પરીખના સંમોહન, નાસ્તિકતા, સેકયુલારિઝમ પર્યાવરણ અને વૈજ્ઞાનિક દ્રષ્ટિ વગેરે કેટલાંક સંબંધિત વિષયો વિશે લેખોની માળા.

(બ) માર્ટીન મેકવાન સંપાદિત પુસ્તક–‘આધુનિક ભારતમાં દલિત ચળવળનો ફાળો’માંથી અવતરણો ચાર લેખો.

(ક) પ્રો. સુર્યકાંત શાહે ‘લોકાયત’ ગ્રંથ વિશે વિવેચન કરતા સાત લેખોની માળા. શાળાઓમાં અવિજ્ઞાનનું વિતરણ વિશે લેખો.

(ડ) નવીન ચાવડાની ભારતમાં રેશનાલિઝમ વિશે લેખમાળા.

(ડ) શ્રી પ્રવીણ ગઢવીની હિંદુ ધર્મશાસ્ત્રો ઉપર વિવેચનાત્મક લેખોની માળા.

(ઈ) 'સત્યાનવેષણ'માં રેશનાલિઝમ વૈજ્ઞાનિકતા, માનવવાદ, ધર્મની મર્યાદાઓ અને તેમાં રહેલા દૂષણો, સંસ્કૃતિ અને ધર્મના નામે હાવી થઈ ગયેલા આત્મા, પુનર્જન્મ, કરમના ફળ, જેવા કાલ્પનિક ખ્યાલો, ભારતનું બંધારણ અને વૈજ્ઞાનિકતા, તહેવારોની ઉજવણી વગેરે અનેક મુદ્દાઓ ઉપર પુનઃવિચારણા કરવી જોઈએ, તેવા વૈજ્ઞાનિક માનવવાદી અભિગમથી લેખકો, પ્રો. અશ્વિન કારીઆ, ડૉ. પ્રણવ વૈદ્ય, વ્રજકિશોર અને પદ્મસંભવ શાસ્ત્રી, પ્રો. જે. પી. મહેતા વગેરે.

✤ ✤ ✤

## નાની વાર્તા

**–ધનસુખ પટેલ**

જંગલમાં આગ લાગી. બધા પશુપંખીઓ આગ હોલવવા લાગે છે. એક ચકલી ચાંચમાં પાણીનું બુંદ ભરી આગમાં નાંખે છે. બીજા પશુપંખીઓ તેના પર હસે છે કે તું તારા એક બુંદથી આગ હોલવાશે ? ચકલી કહે, 'ના, પણ મારું નામ એમાં ન હોવું જોઈએ કે જેઓ આગ જોઈ રહ્યા હતા. પરંતુ ત્યાં હોવું જોઈએ કે જેઓ આગ હોલવવા મહેનત કરી રહ્યા હતા. રેશનાલિસ્ટોનું કામ આજે તો ચકલી જેવુ છે, પણ આપણી જાતને હોલવવાની વાત છે.

–સત્યશોધક સભાના થોડા તો થોડા કર્મઠ કાર્યકરોએ પોતાના આગવા અને સમાજ માટે લાભકારક વિચારોથી પરિવર્તનની જે હવા ચલાવી છે, જે ધીરે ધીરે રંગ લાવી રહી છે. જેની સાબિતી 'સત્યાન્વેષણ'ના ૪૦૦ મા અંક સુધી આ યાત્રા આવી પહોંચી છે.

# માનવી નૈતિક છે કારણ કે તે તર્કવિવેકબુદ્ધિથી વિચારે છે

–બિપીન શ્રોફ

The man is moral because he is rational

-M. N. Roy

આપણે સૌ પ્રથમ વિચારીએ કે માનવીય નૈતિકતા એટલે શું ? બીજું એ પણ યાદ રાખીએ કે માનવીય નૈતિકતા અને ધાર્મિક નૈતિકતા વચ્ચે આભજમીનનો તફાવત છે. માનવીય નૈતિક વ્યવહાર માનવ માનવ વચ્ચે હોય છે. જ્યારે ધાર્મિક નૈતિક વ્યવહાર માનવી કપોળકલ્પિત ઈશ્વર અને તેના મૃત્યુ પછીના સારા જીવન માટે હોય છે. તેથી માનવીય નૈતિકતા ધર્મનિરપેક્ષ (Secular Morality) છે. ધર્મથી બિલકુલ સ્વતંત્ર છે, વિમુખ છે. આમ ધાર્મિક નૈતિકતાને કોઈ સંબંધ માનવ માનવ વચ્ચે ન હોઈ શકે.

દા. ત. કુંભ મેળામાં અડધી રાત્રે ડૂબકી મારનાર ટોળાએ જે કામ કર્યું તેમાં બાજુવાળા ડૂબકી મારનારા સાથે કોઈ ધાર્મિક કે નૈતિક સંબંધ ન હતો. અરે ! તે ધંધામાં મદદ કરનારા કે આયોજન કરનારા યોગી આદિત્યનાથની સાથે પણ સ્નાનસુતકનો સાતમી પેઢીએ પણ સંબંધ ન હતો. પણ તેને ધાર્મિક નૈતિકતાએ ગળથુથીમાંથી શીખવાડેલું કે પોતાના બંગલા કે ફ્લેટના બાથરુમના શાવરમાં નહીં, પરંતુ ગંગાની ડૂબકીમાં મોક્ષ અપાવવાની તાકાત છે. ભલે બંને પાણી રાસાયણિક રીતે તો $H_2O$ ના જ બનેલા હોય છે !

આવી ધાર્મિક નૈતિકતામાં મોક્ષ અપાવવાની તાકાત  વિદ્યુતવેગી કે પ્રકાશની પ્રતિ સેકંડ ઝડપ કરતાં એટલી વધારે છે કે ડૂબકી મારનાર આપણી બહેનો, માતાઓ, તેમની પડોશમાં રહી ગયેલી બહેનપણી કે અન્યના નામો જેવા કે સાવિત્રી, તારા, કપિલા, વિ. નામોની યાદ કરીને ધડાપડ ડૂબકીઓ મારવા માંડે તો તે બધાંનો પણ જે તેના મૃત્યુ પછી મોક્ષ થઈ જાય.' આવી છે માનવીય નૈતિકતા. તેનો વેપલો કરનારને દિલ્હી અને લખનૌની ગાદી મળે તેમાં નવાઈ કોને લાગે ? માનવીય નૈતિકતા ઐહિક કે દુન્યવી છે. તેનો વિકાસ જૈવિક ઉત્ક્રાંતિના સંઘર્ષમાંથી અનેક તબકકાવાર ક્રમશઃ વિકસેલો છે. આવી ધર્મનિરપેક્ષ નૈતિકતાના મૂળ માનવ માનવ વચ્ચેના દુન્યવી કે ભૌતિક સહકારમાં અંતર્ગત રહેલાં છે. જીજીવિષા ટકાવી રાખવાના ભૌતિક સંઘર્ષમાં જંગલી હિંસક પશુઓ અને વિઘાતક કુદરતી પરિબળો સામે અન્ય સહમાનવોનો સહકારમાં ધર્મનિરપેક્ષ નૈતિકતા કે

WITH BEST COMPLIMENTS FROM...

STOCKIST OF M.S., S. S. &
HIGH TENSILE NUT, BOLT,
WASHERS &
OTHER FASTENERS ITEMS

**Mayank Patel** **(M) +91 94273 61384**



# Ichchha
## Traders

**Plot No. A-23-24, Shop No.-2, Road No. 14,
Udyog Nagar, UDHNA-SURAT-394 210.
E-mail : itrad1983@yahoo.com
Ph. : 0261 - 2276204**

With
Best
Compliments
From...



Binul Patel

081410 00055

# Ganeshpuri

## Hardware & Tools Centre

**Bolt, Tools, Pipe Fitting, Valves,**
**Pully, Oil, Seal Etc...**

U-1 to 6, Kaiwal Complex,
G. I. D. C. Pandesara, Surat-394 221.
binulpatel@gmail.com

શુભેચ્છા

સહ....

વૈજ્ઞાનિક અભિગમ ધરાવતા વિચારો
પેદા કરતાં અને પ્રસરાવતા
'સત્યાન્વેષણ'ના આ ૪૦૦ મા
અંકની શુભેચ્છા

**હસમુખભાઈ મગનભાઈ પટેલ**

**કરજણ.**



શુભેચ્છા સહ...

# સુદીપ હોસ્પિટલ

'પ્રશમ' બિલ્ડીંગ, અશોક પાન હાઉસ સામે,
સીટી લાઈટ રોડ, સુરત–395-007.
E-mail : h3sudeep@gmail.com. Mobile No.-82002 24585

## કાન, નાક, ગળું, અને પ્લાસ્ટિક સર્જરીની

**સર્વ શ્રેષ્ઠ સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલ**

80% કેસમાં ચક્કરનું કારણ કાનના રોગો હોય શકે છે.

:: શુભેચ્છકો ::

ડો. સુષ્મા અય્યર (ગાયનેકોલોજીસ્ટ)
ડો.પ્રદીપ માર્ટિન (ફીઝીશ્યન)

નિરીશ્વરવાદી નૈતિકતાના મુળ રહેલા છે. સમુહ જીવન, સહકાર, પ્રેમ, લાગણી, મમતા, બાળકોને વડીલો પ્રત્યે કુદરતી સહજ હકારાત્મક અભિગમ વિ. નૈતિક ગુણો સાથે જીવવા ને રહેવામાંથી વિકસેલા છે. ઈશ્વરદત્ત બિલકુલ નથી. કુદરતી નિયમબદ્ધતાને સમજવા માટે કુંભમેળામાં ડૂબકી મારવાની બિલકુલ જરૂર નથી, પરંતુ ઈન્દ્રીયજન્ય અનુભવ (પાંચ ઈન્દ્રીયો) અને તેના દ્વારા મગજને મળેલ સંદેશો જેનાથી શોધાયેલ સત્ય જેને આપણે સદ્વિવેકબુદ્ધિ (Process of congnition or derived truth) રેશનાલિટિ તરીકે ઓળખીએ છીએ તેને આધારે લેવાતો નિર્ણય તે ધર્મનિરપેક્ષ નૈતિકતા.

ધર્મનિરપેક્ષતા, નિરીશ્વરવાદી કે નાસ્તિક નૈતિકતાથી માનવીએ બે શાશ્વત સત્યો શોધી કાઢયા છે. એક, માનવીનો જન્મ અન્ય સજીવોની માફક કોઈ ઈશ્વરી તુકકાનું પરિણામ નથી જ. પણ લાખો વર્ષોના સજીવોના જૈવિક સંઘર્ષનું પરિણામ છે. સદર સજીવોની જીજીવિષાની નિર્જીવમાંથી સજીવની ઉત્પત્તિથી શરુ થયેલી સાંકળનો કોઈ અંકોડો કે મણકો પછી એક કોષી જીવથી માનવ સુધીના બહુકોષી જીવ સુધી અતૂટ છે. તમામ સજીવોની જન્મથી શરૂ કરીને મૃત્યુ સુધીની જૈવિક પ્રક્રિયામાં ઈશ્વર અને તેના પ્રતિનિધિઓની કે દલાલો જેવા કોઈ બાહ્ય પરિબળોનો પ્રવેશ કયારેય હોતો નથી. તે ચાર્લ્સ ડાર્વિને તેના પુસ્તક "Origin of Species" માં સાબિત કરી દીધું છે. એ વિષયને આપણે જીવશાસ્ત્ર ઓળખીએ છીએ.

કોપરનિકસ, ગેલેલિઓ, સર આઈઝેક ન્યૂટનથી શરૂ થયેલ કુદરતી પરિબળોને તેના નિયમોથી સમજવાની અને તે નિયમો સમજીને તે બધાનો ઉપયોગ માનવ સુખાકારી માટે કરવાનું મિશન આજે પણ અવિરત રીતે ચાલુ જ છે. ભૌતિક વાસ્તવિકતા (Physical Realism) એ છે કે જેમ સજીવન સર્જનમાં કોઈ ઈશ્વરી કે બાહ્ય તત્ત્વની દખલગીરી નથી તેવી જ રીતે કુદરતને તેનું સંચાલન નિયમબદ્ધ છે. તમામ કુદરતી ઘટનાઓ જેવી કે વરસાદ, ધરતીકંપ, પવન, તમામ અવકાશી ગ્રહોની ગતિ વ. નિયમ આધારીત છે. કોઈ ઈશ્વરી કે દૈવી દખલગીરીથી મુકત છે.

માનવીય નૈતિકતા ઈશ્વરી દખલગીરીથી મુકત છે. તેનો આધાર રેશનાલિટિ છે. આજથી આશરે બે હજાર પાંચસો વર્ષ પહેલાં થઈ ગયેલા ગ્રીક તત્ત્વજ્ઞાની એપીકયુરસે કહેલું કે, હું મારા ઈશ્વરને ખુશ કરવા અન્ય માનવીને મદદ કરતો નથી. પણ તેનાથી મને આનંદ મળે છે માટે હું સહમાનવીઓને મદદ કરું છું. **–બિપીન શ્રોફ**

✤ ✤ ✤

# ધાર્મિક હોવાનો ઢોંગ

–જાદવ વેકરિયા

## શું આને ધાર્મિક કહો છો ?

૧. ધાર્મિક સ્થળની દાન પેટી લૂંટવા માટે ધાર્મિક સ્થળ પર જાય
તેને તમે ધાર્મિક કહો છો ?

૨. ધાર્મિક સ્થળ પર કોઈ–બુટ–ચંપલ ચોરવા જાય
તેને તમે ધાર્મિક કહો છો ?

૩. ધાર્મિક સ્થળ પર કોઈ ભીખ માંગવા જાય છે
તેને તમે ધાર્મિક કહો છો ?

૪. ધાર્મિક સ્થળ પર કોઈ સાંસારિક સુખ માંગવા જાય છે
તેને તમે ધાર્મિક કહો છો ?

૫. ધાર્મિક સ્થળ પર આવતા દાનનો કોઈ પોતાના
મોજ–શોખ માટે પૈસા વાપરે
તેને તમે ધાર્મિક કહો છો ?

૬. ધાર્મિક સ્થળ બનાવવા માટે કોઈની જમીન પચાવી પાડે
તેને તમે ધાર્મિક કહો છો ?

૭. ધાર્મિક સ્થળ પર આવતા લોકોને, પોતાને ખુદ ખબર
નથી, એવી વાહિયાત વાતો કરે છે, તેને તમે ધાર્મિક કહો છો ?

૮. ધાર્મિક સ્થળ પર મોટું ભંડોળ ઉભું કરીને ઈમારતીકરણ
કરી નાંખે તેને તમે ધાર્મિક કહો છો ?

૯. ધાર્મિક સ્થળ પર વધારે ભીડ અને વધારે મોટું બાંધકામ થઈ જાય
અને ત્યાં જ ઈશ્વર અથવા અલ્લાહ હોય તેવું માને તેને તમે ધાર્મિક કહો છો ?

૧૦. ધાર્મિક ઉત્સવના નામે રોડ પર ટ્રાફિક અને ઘોંઘાટ કરે છે
તેને તમે ધાર્મિક કહો છો ?

# ભારતીય રાજકારણમાં વૈજ્ઞાનિક અભિગમ

–સુગીત પાઠકજી

ભારત એક વિશિષ્ટ પરિસ્થિતિ ધરાવતો દેશ છે. સદીઓથી અહીં તમામ વિચારધારા ધરાવતા લોકો સાથે રહે છે. અહીં બહુમતી વર્ગ ધાર્મિક વિચારો ધરાવે છે. તે મક્કમતાપૂર્વક માને છે કે તેમના ધર્મમાં લખાયેલી વાતો જ સાચી છે. સાથે સાથે આવા લોકો અન્ય ધર્મો પ્રત્યે છૂપો અણગમો અથવા ઘૃણા પણ સેવતા હોય છે. વળી દરેક ધર્મમાં ઊંચ–નીચ, જન્મ આધારિત શ્રેષ્ઠતા, સ્ત્રી–પુરુષના અધિકારોમાં ભેદભાવ સહિતની અનેક બદીઓ રહેલી છે. અમુક તર્કવાદી લોકો કે સંગઠનો આવી ધાર્મિક બદીઓને ખોટી સાબિત કરીને વૈજ્ઞાનિક પુરાવાઓ રજૂ કરે ત્યારે અતિ ધાર્મિક લોકો તેને દુશ્મન ગણીને તેની હત્યા કરતા પણ અચકાતા નથી. ભારતમાં ધાર્મિક અને તર્કવાદી વિચારધારા પણ સદીઓથી સાથે જોવા મળે છે. ચાર્વાકના સમયથી લઈને આજ સુધી તેના ઉદાહરણો જોવા મળે છે.

જ્યારે દેશમાં સંપૂર્ણ રાજાશાહી હતી ત્યારે રાજાઓનો નિર્ણય જ સર્વોપરિ હતો. તેની ઉપરવટ જઈ શકાતું નહોતું. તે સમયે શિક્ષણ પણ જાતિ આધારિત, વર્ણ આધારિત અને ધાર્મિક સ્તરે અપાતું હતું. શિક્ષણનો વ્યાપ પણ ખૂબ જ ઓછો હતો પણ જ્યારે દેશમાં અંગ્રેજો આવ્યા ત્યારે દેશની પરિસ્થિતિમાં બદલાઈ. ધીરે–ધીરે કરતા રાજકીય, આર્થિક, સામાજિક, શૈક્ષણિક પરિસ્થિતિમાં મોટા ફેરફારો થવા લાગ્યા. સાથે–સાથે બદલાતી જતી રાજકીય સામાજિક પરિસ્થિતિ મુજબ અમુક સમાજમાં મહિલાઓ સાથેનો વર્તાવ, કુપ્રથાઓ, માન્યતાઓ, સમજણમાં ફેરફારો આવવા લાગ્યા. આવો બુદ્ધિજીવી વર્ગ ખૂબ જ ઓછો હતો, પણ તેમનો અવાજ જે સદીઓથી દબાયેલો હતો તે મને કે કમને સમાજમાં કોઈને કોઈ રીતે સંભળાતો થયો. તેથી જ સતીપ્રથા જેવી કુપ્રથા બંધ થઈ શકી. વિધવા પુનર્લગ્નની માંગણીઓ ઉઠી. બાળકીઓને દૂધ પીતી કરવાની પ્રથા સામે લોકોએ અવાજ બુલંદ કર્યા. મહિલા શિક્ષણની કામગીરી શરૂ થઈ.  સમાજમાં એક એવો બુદ્ધિજીવી વર્ગ પેદા થયો. જે લોકોની વાત કરતો હતો આ એક અપવાદ જ કહેવાય કે ભારતમાં રેનેસાનો સમયગાળો તેના ગુલામીકાળ દરમ્યાનનો કહેવાયો. જે ૧૯મી સદી અને ૨૦મી સદીની શરૂઆતનો તબકકો કહી શકાય. આ પરિસ્થિતિમાં દેશમાં રાજકીય, સામાજિક, શૈક્ષણિક

સ્તરે એવા ફેરફારો થયા કે જેથી અનેક આંદોલનકારીઓ, સુધારકો, લેખકો, શિક્ષકો, આલોચકો પેદા થયા. તેમણે આઝાદીની ચળવળનો પાયો નાખ્યો. આ ચળવળો દરમિયાન ભારતના ઈતિહાસમાં પ્રથમ વાર રાજકારણમાં વૈજ્ઞાનિક અભિગમની ઝાંખી જોવા મળી.

૧૮૮૫ થી ૧૯૧૫ સુધી કોંગ્રેસ સમાજના એક કુલીનવર્ગનું નેતૃત્વ કરતી હતી જે ગાંધીજીના આગમન પછી જન–સામાન્યનો પક્ષ બન્યો. દેશના લોકો વ્યાપક રીતે સત્તા સામે માંગણીઓ કરતા થયા. ૧૯૧૭ની રશિયન ક્રાંતિએ પણ ભારતના રાજકારણ પર  ખૂબ ઊંડી અસર કરી. દેશના પરંપરાવાદી, ધર્માંધ લોકો સુધી પણ આઝાદીના આંદોલન દરમિયાન પ્રગતિશીલ વિચારો પહોંચતા થયા. માત્ર ધાર્મિક વાડાઓ માટે નહીં,  પણ લોકો તેમની આર્થિક સામાજિક જરૂરિયાતો માટે માંગણીઓ કરતા થયા. દેશમાં માંગણીઓ માટે રાજકીય દબાવ પેદા કરવાના હેતુસર દેશનું પ્રથમ ટ્રેડ યુનિયન AITUC નું પણ ગઠન થયું. વૈશ્વિક સ્તરે ચાલતી વિચારધારાઓ સાથે ભારતનું આઝાદીનું આંદોલન જોડાયું. સામ્યવાદી વિચારોને કારણે આઝાદીનું આંદોલન જોડાયું. સામ્યવાદી વિચારોને કારણે દેશને ભગતસિંહ જેવા રેશનાલિસ્ટ નેતા મળ્યા. જે ચુસ્ત નાસ્તિક હતા. આમ છતા તેઓ લોકોની વચ્ચે લોકપ્રિય બન્યાં. ભગતસિંહે કહ્યું હતું કે, જે વિચારો–તર્કની સામે  ટકી શકતા નથી તે વિચારોનું પતન થવું જ યોગ્ય છે.' ભગતસિંહ ચુસ્ત રીતે  તર્કવાદી વલણ અપનાવતા હતા. તેમણે રાજકીય ચળવળ દરમિયાન કહ્યું હતું કે, 'આઝાદ વિચારો અને આલોચના ક્રાંતિના મુખ્ય લક્ષણો છે.  તેમણે એક પુસ્તક પણ લખ્યું હતું જેનું નામ છે 'મૈં નાસ્તિક ક્યું હું.' આ પુસ્તક દરેક રેશનાલિસ્ટ મિત્રે વાંચવું જ જોઈએ. તે સમયની નેતાગીરીનો વૈશ્વિક સ્તરે તાલમેલ હોવાથી તેમનામાં વૈજ્ઞાનિક અભિગમ અને નવા ભારતનું સ્વપ્ન જોવા મળતું હતું. તેમણે યુવાનોમાં કુતૂહલવૃત્તિ અને તર્કવાદનો ફેલાવો કર્યો. આવા નેતાઓને પણ ધર્માંધ લોકોનો સમુહોનો સામનો કરવો પડયો હતો. આ સંગઠનો ધાર્મિક માંગણીઓ રજૂ કરતા હતા. તેઓ કટ્ટરવાદી–પરંપરાવાદી હતા. તેઓ આઝાદીની લડાઈથી દૂર રહ્યા. RSSના લોકો આઝાદીની લડાઈમાં જોડાયા નહીં અને મુસ્લીમ લીગના લોકોની માંગણીઓ મોટે ભાગે ધાર્મિક બાબતોને લગતી જ હતી. તેથી તે જન–સામાન્યમાં પ્રચલિત થઈ શકી નહીં. આમ આઝાદી દરમિયાન ભારતીય રાજકારણમાં ધાર્મિક સંગઠનોની નકારાત્મક ભૂમિકા જગજાહેર છે.

વળી ભારતની આઝાદીને એ રીતે જોઈ શકાય કે આ લડાઈ માત્ર અંગ્રેજોની વિરુદ્ધની લડાઈ નહોતી, એ સામ્રાજ્યવાદ વિરુદ્ધની લડાઈ હતી. આઝાદી બાદ પંડિત જવાહરલાલ નેહરૂ દેશના પ્રથમ વડાપ્રધાન બન્યા તે પગલું દેશ માટે ખૂબ જ ઉપકારક રહ્યું. તેનાથી આઝાદ ભારતના બંધારણમાં વૈજ્ઞાનિક અભિગમનો પાયો નંખાયો. જ્યારે દેશ આઝાદ થયો ત્યારે દેશની અંદાજિત ૯૦% કરતા વધુ પ્રજા અભણ હતી. આવી પરિસ્થિતિમાં પંડિત જવાહરલાલ નેહરૂએ, 'વૈજ્ઞાનિક અભિગમ'ની વાત કરી.

સમગ્ર આઝાદીના આંદોલનની વાત કરીએ તો મૂલવી શકાશે કે તે સમયે જે શીર્ષ નેતૃત્વ હતું તેમાં વૈજ્ઞાનિક અભિગમ હતો. જેથી આઝાદી મળવી શકય બની. તે સમયની નેતાગીરી પણ જો ધારતે તો મંદિર, રામ, હનુમાન, મસ્જિદ, ગાય સહિતની ધાર્મિક મુદ્દાલક્ષી વાતોને લઈને રાજકારણ કરી શકતે, પણ ત્યારની નેતાગીરી દૂરંદેશીમાં માનતી હતી. એણે આવી મૂર્ખતાપૂર્ણ વાતોને બદલે રાજકારણમાં વૈજ્ઞાનિક અભિગમને પ્રાધાન્ય આપ્યું. દેશનું બંધારણ તૈયાર કરવામાં અનેક પ્રગતિશીલ લોકો, (મહિલાઓ સહિત) જોડાયા. ધાર્મિક મુદ્દાઓને બાજુ પર મૂકીને વૈજ્ઞાનિક અભિગમનો બંધારણમાં સમાવેશ કરવામાં આવ્યો. તેથી આપણે આર્ટિકલ 51 a (h) માં વૈજ્ઞાનિક અભિગમ પેદા કરવાની વાતને સમાવી શકયા.

પંડિત જવાહરલાલ નેહરૂએ તેમના પુસ્તક 'ભારત કી ખોજ'માં વૈજ્ઞાનિક અભિગમને વ્યાખ્યાંકીત કરતા જણાવ્યું હતું કે 'વૈજ્ઞાનિક અભિગમ' બહાદુર પણ આલોચનાત્મક છે. કોઈપણ દાવાને ત્યાં સુધી નહીં માનવો જ્યાં સુધી તે સાબિત નહીં થઈ જાય. વૈજ્ઞાનિક અભિગમ સત્યતાની ખોજ છે અને જૂની માન્યતાને બદલવાની એક પદ્ધતિ છે. આઝાદી બાદ દેશના શૈક્ષણિક ઢાંચાઓમાં પણ વૈજ્ઞાનિક અભિગમને કેળવવાની ફરજ પડી. તેથી ધાર્મિક કટ્ટરવાદી સંગઠન / લોકો આજે પણ દેશની આઝાદી માટે સમર્પિત વૈજ્ઞાનિક અભિગમ ધરાવતા નેતાઓની ટીકા કરે છે. તેનું મૂળ કારણ એ છે કે બંધારણમાં સમાવિષ્ટ વૈજ્ઞાનિક અભિગમ, ધર્મનિરપેક્ષતા, બિનસાંપ્રદાયિકતા, સમાજવાદ જેવા શબ્દોને આવા ધાર્મિક કટ્ટરવાદી સંગઠનો પચાવી શકતા નથી.

ગોડસે દ્વારા ગાંધીજીની હત્યા કરવામાં આવી ત્યાર પછી સરદાર વલ્લભભાઈ પટેલે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ પર પ્રતિબંધ મૂકયો હતો, જે પાછળથી RSS દ્વારા લેખિત રીતે અમુક શરતોને પાળે, તેને આધીન પ્રતિબંધ ઉઠાવી લેવામાં આવ્યો હતો.

આઝાદી પછી ચૂંટણીલક્ષી પ્રણાલિને કારણે દેશમાં ભિન્ન વિચારધારાઓ ધરાવતા પક્ષો તેમની વિચારધારા અનુસાર લોકો સમક્ષ જઈને મત માંગતા થયા. જેમાં બિનસાંપ્રદાયિક પક્ષો ઉપરાંત ધાર્મિક ભાવનાઓ ભડકાવીને ધાર્મિક મુદ્દાઓ સંબંધિત ઉશ્કેરણીઓ કરતાં પક્ષો પણ લોકો સમક્ષ જઈને વોટ માંગતા થયા. ધીરે ધીરે કરતા જે ચુંટણીઓ દેશના સામાજિક–આર્થિક મુદ્દાઓ સંબંધિત લડાવી જોઈતી હતી, તેનું સ્થાન ધાર્મિક મુદ્દાઓ લેવા લાગ્યા. તેથી આઝાદી દરમિયાન મળેલા વૈજ્ઞાનિક અભિગમને સ્થાને જુદા જુદા ધર્મો છડેચોક એવો દાવો કરતા થયા કે તેમનો ધર્મ જ સાચો છે અને વૈજ્ઞાનિક દાવાઓ કરતાં પણ તેમના ધાર્મિક દાવાઓ જ શ્રેષ્ઠ છે. આ પ્રકારનો મિથ્યા પ્રચાર રાજકારણમાં સ્થાન લેવા લાગ્યો. ચૂંટણી વખતે મંદિર–મસ્જિદ, હિન્દુ–મુસ્લિમ જેવા મુદ્દાઓને સમય જતા પ્રાધાન્ય મળવા લાગ્યું. દેશના રાજકારણમાં તબક્કાવાર વૈજ્ઞાનિક અભિગમનો પ્રચાર–પ્રસાર ઓછો થતો ગયો. ૧૯૮૪ દરમિયાન રાજીવ ગાંધી જયારે વડાપ્રધાન બન્યા ત્યારે દેશે ટેકનોલોજીના ક્ષેત્રે પ્રગતિ સાધી, પરંતુ તે ટેકનોલોજી દેશના લોકોમાં વૈજ્ઞાનિક અભિગમ કેળવવામાં મદદરૂપ થઈ હોય તેવું જણાયું નથી. હા, એ ટેકનોલોજીનો વિસ્તાર થતા લોકોને કામકાજમાં વધુ સરળતા થવા લાગી. ૬ ડિસેમ્બર ૧૯૯૨ પછી દેશમાં એવી પરિસ્થિતિ પેદા થઈ, જેને કારણે રાજકારણમાં તર્કવાદી વિચારો, બિનસાંપ્રદાયિક વિચારો તેમ જ સમાનતા આધારિત વિચારોનું સ્થાન મહદ્ અંશે ધાર્મિક કટ્ટરવાદી વિચારો લેતા થયા. ધાર્મિક લાગણીઓને ઉશ્કેરીને પણ ચૂંટણી જીતી શકાય છે અને સરકારો બનાવી શકાય છે તે પ્રકારનો માહોલ દેશમાં ઊભો થઈ ચૂકયો હતો.

આઝાદી સમયે પણ લોકોની ધાર્મિક લાગણીઓ ઉશ્કેરવાવાળા સંગઠનો હતાં, પરંતુ દેશની પ્રજાએ તેમને રાજકીય રીતે નકાર્યા હતા. આઝાદીના ૪૫ વર્ષ પછી પણ આવા ધાર્મિક કટ્ટરવાદી રાજકીય પક્ષો અને સંગઠનોએ લોકોની ધાર્મિક ભાવનાઓ ઉશ્કેરીને સત્તા મેળવવાનાં સ્વપ્નો જોયા હતા. તે સફળ થવા લાગ્યા. વિજ્ઞાન અને વૈજ્ઞાનિક અભિગમ તરફનું આકર્ષણ સમાજમાંથી ઓછું થવા લાગ્યું. પરિણામે રાજકીય રીતે પણ ડાબેરી વિચારધારા ધરાવતા પક્ષો સિવાય અન્ય તમામ પક્ષો ધાર્મિક મુદ્દાઓને અનુલક્ષીને વર્તતા થયા ઈ. સ. ૨૦૧૪ પછી દેશમાં વૈજ્ઞાનિક અભિગમ ધરાવતા લોકો અને સંગઠનો માટે કપરાં ચઢાણ શરૂ થયા. વૈજ્ઞાનિક અભિગમને નામે સરકારો દ્વારા ભારોભાર અવૈજ્ઞાનિકતાનો પ્રચાર–પ્રસાર શરૂ કરવામાં આવ્યો. ખુદ દેશના પ્રધાનમંત્રી અને તેમના મંત્રીઓ અવૈજ્ઞાનિકતાના સૂર આલાપવા લાગ્યાં. જેમ કે દેશના

પ્રધાનમંત્રીએ પોતે જણાવ્યું હતું કે, 'ગણપતિની ઉત્પત્તિ એ વિશ્વની પહેલી પ્લાસ્ટિક સર્જરી હતી ! નાળામાંથી પેદા થતા ગેસથી ચાય બની શકે છે ! વર્તમાન સરકારના અન્ય ટેકેદારો પણ કહે છે કે, 'મોરનું પ્રજનન આંસુઓથી થાય છે. ગાય ઉચ્છ્વાસમાં ઓકિસજન છોડે છે, વિશ્વનું સૌથી પહેલું વિમાન પુષ્પક હતું, જે ભારતમાં શોધાયું હતું. વગેરે જેવી અનેક અવૈજ્ઞાનિક વાતો છે, કે જેનો પ્રચાર–પ્રસાર ખુદ સરકારી તંત્ર તરફથી કરવામાં આવે છે. ધાર્મિક લોકો, કટ્ટરવાદી લોકોનો સમુહ આ બધી વાતોનો ટેકેદાર રહ્યો છે. આવી વાતોનો વૈજ્ઞાનિક આધાર–પુરાવાઓ કોઈ જ નથી. માત્ર ધાર્મિક શ્રેષ્ઠતા અને મિથ્યા રીતે સાંસ્કૃતિક ગૌરવ લેવા માટે આવાં જુઠાણાનો પ્રચાર–પ્રસાર કરવામાં આવે છે.

આઝાદી સમયે અને ત્યાર પછી પણ દેશની શીર્ષ નેતાગીરીનું ઉઠવા–બેસવાનું પ્રગતિશીલ લોકો, ક્રાંતિકારીઓ, લેખકો, કવિઓ, ચિંતકો સાથે હતું. જ્યારે વર્તમાન સરકાર સાધુ બાબાઓને પ્રાધાન્ય આપે છે. જ્યાં ધાર્મિક સંગઠનોની સલાહ લઈને સરકાર ચલાવવામાં આવે ત્યાં અવૈજ્ઞાનિક અભિગમ જ પેદા થઈ શકે.

જેમ જેમ વિજ્ઞાનનો વ્યાપ વધ્યો છે તેમ તેમ ધાર્મિક માન્યતાઓ સદંતર ખોટી સાબિત થઈ છે. પરંતુ રાજકીય રીતે આપણા દેશમાં જોઈએ તો ટેકનોલોજીનો ઉપયોગ અવૈજ્ઞાનિક વાતોને ફેલાવવામાં સતત થઈ રહયો છે, જે ખુબ ચિંતાનો વિષય છે. દિવસે ને દિવસે દેશમાં વૈજ્ઞાનિક અભિગમ પર વાતો કરવાનું અઘરું થતું જાય છે. છેલ્લા એક દાયકા દરમિયાન દેશમાં રાજકીય કર્મશીલ કોમરેડ ગોવિંદ પાનસારે, રેશનાલિસ્ટ કલબુર્ગી, દાભોલકર, ગૌરી લંકેશ જેવા લોકોએ તેમના તર્કવાદી વિચારો બેબાક રીતે છતા કર્યા હોવાના કારણે શહાદત વહોરવી પડી છે. બંધારણમાં વૈજ્ઞાનિક અભિગમના પ્રચાર–પ્રસારની વાતો લખી હોવા છતાં તેના સ્વીકારવામાં ધાર્મિક કટ્ટરવાદી સંગઠનો દ્વારા વ્યાપક રીતે અવરોધ ઊભા કરવામાં આવે છે. જેને રાજકીય પીઠબળ છે. આવી પરિસ્થિતિમાં અત્યારે દરેક પક્ષના નેતાઓ કેટલા વધુ ધાર્મિક છે અને ભક્તિમય છે તે બતાવવા માટેની હોડ લાગી છે. વર્તમાન ભારતની રાજનીતિમાં ભારતના સામ્યવાદી પક્ષો અને DMK સિવાયના તમામ પક્ષના આગેવાનો ધાર્મિક સ્થાનોના આંટા–ફેરા કરતા જોવા મળે છે. તેમના નજીવા લાભ ખાતર દેશની પ્રજાને તેઓ ગેરમાર્ગે દોરે છે. આવા પ્રકારની રાજનીતિનો દેશની તમામ રેશનાલિસ્ટ સંસ્થાઓ અને વ્યકિતઓએ વિરોધ કરવો જોઈએ.

વૈજ્ઞાનિક અભિગમ જ્યાં સુધી દેશના લોકો માટે રાજકીય મુદ્દો નહીં બને ત્યાં સુધી ધાર્મિક મુદ્દાઓને કેન્દ્રમાં રાખીને અતાર્કિક વાતો કરીને દેશના નેતાઓ દેશની જનતામાં અવૈજ્ઞાનિકતાનાં બીજ રોપ્યા કરશે. આજની તમામ રેશનાલિસ્ટ સંસ્થાઓ અને વ્યકિતઓની એ ફરજ બને છે કે રાજકીય મુદ્દાઓ બાબતે છડેચોક ટીકા–ટીપ્પણી કરીને, લેખો લખીને તેમ જ લોકસંપર્ક કરીને લોકોમાં વૈજ્ઞાનિક અભિગમ મુદ્દે જાગૃતિ લાવે. તર્કવાદ એ વ્યકિતગત મુદ્દો નથી પણ સમાજની સાથે જોડાયેલો મુદ્દો છે. તેથી હવે રાજકારણમાં, દેશમાં અને સમાજમાં વૈજ્ઞાનિક અભિગમનું મહત્વ તેમ જ જરૂરિયાત જણાવવા માટે શકય તેટલા વધુ જાહેર કાર્યક્રમો સ્કૂલોમાં, કોલેજોમાં, લોકોની વચ્ચે જઈને કરવાની તાતી જરૂર છે. નહીં તો એ ભય છે કે આઝાદી દરમિયાન પેદા થયેલો વૈજ્ઞાનિક અભિગમના ફણગાને અત્યારના ધાર્મિક અંધશ્રદ્ધામાં રાચતા નેતાઓ ટૂંપી દેશે. આ વર્તમાન સમયમાં વૈજ્ઞાનિક અભિગમ માટે કામ કરતી તમામ સંસ્થાઓની જવાબદારી ખૂબ મોટી છે. આવનારા સમયમાં સમાજની દિશા તર્કવાદ તરફ આગળ જાય. તેને અનુલક્ષીને રેશનાલિસ્ટોએ રાજકીય પ્રશ્નોમાં પણ તેમના મંતવ્યો આપવા જોઈએ. તર્કવાદી વાતો કરતા રાજકીય પક્ષોની સાથે ઊભા રહેવું પડશે અને અતાર્કિક વાતો કરતા પક્ષ તેમજ નેતાઓનો અંગત લાભાલાભ જોયા વગર નિર્ભય થઈને છડેચોક વિરોધ પણ કરવો પડશે. આ કામ અઘરું છે પણ આ કામ માત્ર રેશનાલિસ્ટો જ કરી શકશે.

✣ ✣ ✣

## *‘સત્યાન્વેષણ’નો પ્રસિદ્ધ થતો ૪૦૦ મો અંક*

**–જાદવભાઈ વેકરિયા**

‘સત્યાન્વેષણ’ ૪૦૦ મો અંક પ્રસિદ્ધ થાય તે નાનીસુની વાત નથી. સત્યશોધક સભાના ‘સત્યાન્વેષણ’ મેગેઝિનને ચલાવવું અને ૪૦૦ માં અંક સુધી પહોંચાડવું તે કોઈ સામાન્ય વાત નથી તેના મૂળમાં વૈજ્ઞાનિક અભિગમથી ચલાવવું અને તે પણ બહુમતીના વિરોધમાં સામા પ્રવાહે, તે કપરુ કામ ગણાય, છતાં પણ સૂર્યકાંત શાહ સાહેબે સુઝબુઝથી જે કામ કર્યું તે મહેનત માંગી લે તેવું છે. તેના વખાણ કરવા માટે લખતો નથી, પણ સારુ અને સાચું હોય તે જણાવવું જ જોઈએ.

કોઈપણ કામ કરતા માણસને સલાહસૂચન કરવું સહેલું છે, પણ જ્યારે કામ હાથ પર લઈને આટલો લાંબો સમય ચલાવવું બહુ અઘરું છે. કોઈપણ કામ કરે છે તેમાં થોડી ઘણી ખામી રહે જ છે. કંઈ ન કરો તો કંઈ ભૂલ પણ નથી થતી.

# મોગલ સલ્તનતમાં પ્રગતિશીલતા

–અતુલ પાઠકજી

મોગલ સલ્તનત દરમિયાન ઈસ્લામ ધર્મનો ખૂબ પ્રચાર કરવામાં આવ્યો. હિન્દુઓને વટલાવીને મુસલમાન બનાવવામાં આવ્યાં. મંદિરો તોડીને મસ્જિદો બાંધવામાં આવી, એવું બધું જે અત્યારે કહેવામાં આવી રહ્યું છે, તે કંઈક અંશે સાચું પણ છે, પરંતુ મોગલ સલ્તનત દરમિયાન જે પ્રગતિશીલ કાર્યો થયાં છે, તેની પણ આપણે નોંધ લેવી જોઈએ.

ઈ. સ. ૧૫૨૬માં બાબરે હિન્દુસ્તાનમાં મોગલ સલ્તનતનો પાયો નાંખ્યો. આ પૂર્વે બાબર અફઘાનિસ્તાનના બાદશાહ હતા. ઈ. સ. ૧૫૦૪થી ઈ. સ. ૧૫૨૬ સુધી એટલે કે ૨૨ વર્ષ તેઓ અફઘાનિસ્તાનના બાદશાહ રહ્યા. ત્યાર બાદ ઈ. સ. ૧૫૨૬ થી ઈ. સ. ૧૫૩૦ એમ ૪ વર્ષ તેઓ સમગ્ર હિન્દુસ્તાનના બાદશાહ રહ્યા.

તે જમાનામાં લોકો પોતાના પુત્રને ભણાવતા, પરંતુ પુત્રીઓને ભણાવતા ન હતા.

બાબરે અફઘાનિસ્તાનમાં કન્યા કેળવણીનું કામ હાથમાં લીધું. પોતાના ૨૨ વર્ષનાં શાસન દરમિયાન તેમણે કન્યા કેળવણી માટે જોરદાર પ્રચાર કર્યો અને તેને કારણે અફઘાનિસ્તાનમાં મોટી સંખ્યામાં લોકો તેમની પુત્રીઓને પણ ભણાવતા થયા. આમ અફઘાનિસ્તાનમાં મોટી સંખ્યામાં સ્ત્રીઓ શિક્ષિત બની.

ઈ. સ. ૧૫૨૬માં બાબર સમગ્ર હિન્દુસ્તાનના બાદશાહ બન્યા. સત્તા ગ્રહણ કર્યા પછી બાબરે આખા હિન્દુસ્તાનમાં કન્યા કેળવણી અંગે પ્રચાર શરૂ કર્યો, પરંતુ ઈ. સ. ૧૫૩૦માં બાબરનું અવસાન થયું. આથી માત્ર ૪ વર્ષની અંદર મોટા પાયા ઉપર કન્યા કેળવણીનું કામ તેઓ હિન્દુસ્તાનમાં કરી શકયા નહીં.

ઈ. સ. ૧૫૩૦માં બાબરનાં અવસાન બાદ તેમના પુત્ર હુમાયુ હિન્દુસ્તાનના બાદશાહ બન્યા.

હુમાયુએ ઈ. સ. ૧૫૩૦ થી ઈ. સ. ૧૫૫૬, હિન્દુસ્તાનમાં સત્તાના સૂત્રો સંભાળ્યાં. વચ્ચે ઈ. સ. ૧૫૪૦ થી ઈ. સ. ૧૫૪૫ હિન્દુસ્તાનની ગાદી પર શ્રી શેરશાહ

સૂરી આવી ગયા. એમ છતાં હુમાયુએ ૨૧ વર્ષ સુધી તો હિન્દુસ્તાનનાં સત્તાનાં સૂત્રો સંભાળ્યાં.

હુમાયુ જાતે ચિત્રકળા અને પેઈન્ટિંગમાં નિષ્ણાત હતા. તેમનાં શાસન દરમિયાન તેમણે સમગ્ર હિન્દુસ્તાનમાં ચિત્રકળા અને પેઈન્ટિંગને ખૂબ પ્રોત્સાહન આપ્યું. હુમાયુ 'મોગલ ચિત્રકળા'ના જન્મદાતા તરીકે ઓળખાતા થયા.

ઈ. સ. ૧૫૫૬માં અકબર હિન્દુસ્તાનના બાદશાહ બન્યા. બાદશાહ બન્યા પછી તેમણે જાહેરાત કરી કે મોગલ સલ્તનતમાં તમામ કોમના લોકોને સંપૂર્ણ સલામતી રહેશે. કોઈ પણ કોમના લોકો પર અત્યાચાર નહીં થાય. કોઈના તરફ પણ ભેદભાવવાળી નીતિ રાખવામાં આવશે નહિ.

આ પછી દક્ષિણમાં વસતા મોટી સંખ્યામાં હિન્દુઓ મોગલ સામ્રાજ્યમાં જઈને મોગલ સલ્તનતમાં વસવા લાગ્યા.

અકબરના દરબારમાં ૯ રત્નો હતા, જેમાંથી ૫ મુસલમાન અને ૪ હિન્દુ હતા. અકબરે રાજા ટોડરમલ નામના હિન્દુને પોતાના દિવાન તરીકે નિયુકત કર્યા હતા. પોતાના સૈન્યના સરસેનાપતિ તરીકે અકબરનાં રાજ્યનું રક્ષણ કરવાની તેમ જ તેનો વિસ્તાર વધારવાની સંપૂર્ણ જવાબદારી રાજા માનસિંહ સંભાળતા હતા. આમ રાજયની આટલી મહત્ત્વની જવાબદારી પણ અકબર હિન્દુઓને સોંપી, તેમના પર સંપૂર્ણ વિશ્વાસ રાખતા હતા.

મહારાણા પ્રતાપ અને અકબરના યુદ્ધ વખતે પણ ઘણીવાર રાજા માનસિંહ ચિતોડ ઉપર આક્રમણ કરવા માટે જતા હતા.

અકબરે જોધાબાઈ નામની હિન્દુ રાજકુંવરી સાથે લગ્ન કર્યા હતા. જોધાબાઈએ આખી જિંદગી હિન્દુ ધર્મ પાળ્યો હતો. અકબરના મહેલની આગળના બગીચામાં જોધાબાઈએ હિન્દુ મંદિર બંધાવ્યું હતું, જેની અકબરે મંજૂરી આપી હતી.

ઈ. સ. ૧૫૭૩માં અકબરે સુરત ઉપર આક્રમણ કર્યું હતું. ૧ મહિનો અને ૧૭ દિવસ યુદ્ધ ચાલ્યું. સુરતનો કિલ્લો ખૂબ મજબૂત હતો. અકબરનાં સૈન્યએ કરેલા જોરદાર તોપમારા છતાં જરા પણ તૂટયો નહિ. આખરે સુરતના કિલ્લાની અંદર ખાવાનો ખોરાક ખૂટી જતા સુલતાને સરંડર કર્યું.

અકબરે સુલતાન તેમ જ તેના સૈન્યના સૈનિકોને માફી આપી. કિલ્લાને તોપમારાથી જે નુકસાન થયું હતું, તેનું સમારકામ કરાવી આપ્યું.

અકબરે સુરતના સુલતાનને બોલાવીને આ કિલ્લો કોણે બાંધ્યો છે તે વિષે પૂછપરછ કરી. તેને મળવાની ઈચ્છા વ્યક્ત કરી. સુલતાને જણાવ્યું કે, 'આ કિલ્લો ખુદાવંશખાને બાંધ્યો છે અને તે ગુજરી ગયા છે. અકબરે આ કિલ્લાની મજબૂતાઈની ખૂબ પ્રશંસા કરી. અકબરે સૈયદપુરા ટૂંકી પાસે આવેલા ખુદાવંશ ખાનના રોજા ઉપર જઈ નમાઝ પઢી અને તેમને માટે દુવા માંગી.

અકબરે હિન્દુસ્તાનનો બુલંદ દરવાજો બંધાવ્યો. આ દરવાજો આજે પણ આખા દેશનો સૌથી ઊંચો દરવાજો કહેવાય છે.

આખા દેશમાંથી અકબરે દાસ પ્રથા (ગુલામીની પ્રથા) નાબુદ કરી.

સતી થવાની પ્રથામાં અકબરે સુધારો કર્યો. તેમણે એવો કાયદો ઘડયો કે જે સ્ત્રી સ્વેચ્છાએ સતી થવા ઈચ્છતી હોય, તે થઈ શકશે, પરંતુ સતી થવા માટે કોઈપણ સ્ત્રી ઉપર દાબદબાણ થવું જોઈએ નહીં. સતી થવા માટે દાબદબાણ કરનારને જેલની સજા કરવામાં આવશે.

હિન્દુ–મુસલમાન બન્ને પ્રજામાં બાળલગ્નની પ્રથા ચાલતી હતી. અકબરે કાયદો કર્યો કે, છોકરાની ઉંમર ઓછામાં ઓછી ૧૬ વર્ષની અને છોકરીની ઉંમર ઓછામાં ઓછી૧૪ વર્ષની હોવી જોઈએ.

અકબરે બહુપત્નીત્વની પ્રથાનો વિરોધ કર્યો હિન્દુ–મુસલમાન બન્ને કોમની વ્યકિત માત્ર એક પત્ની સાથે જ લગ્ન કરી શકે. આ કાયદાનો ખાસ કરીને મુસલમાનોએ ખૂબ વિરોધ કર્યો. તેમનું કહેવું હતું કે ઈસ્લામમાં ૪ પત્ની કરવાની મંજુરી આપવામાં આવી છે. અકબરે આવા કોઈપણ વિરોધને સાંભળ્યા વગર એક જ પત્નિના કાયદાનો કડક રીતે અમલ કર્યો. આ કાયદામાં અકબરના ૯ રત્નો, ઉચ્ચ દરબારીઓ તેમ જ અમીર ઉમરાવોને અપવાદરૂપ ગણી તેમને માટે બહુપત્નીત્વની છૂટ આપવામાં આવી હતી. આ કાયદો માત્ર આમ જનતા માટે જ ઘડાયો હતો.

અકબરે 'દિને ઈલાહી' નામનો નવો ધર્મ સ્થાપ્યો હતો. જુદા જુદા ધર્મના સારા સારા મુદ્દાઓ લઈ આ ધર્મ સ્થપાયો હતો. અકબરે આ ધર્મના ફેલાવા માટે કોઈ પણ

પ્રકારની હિંસા આચરી ન હતી કે કોઈ પણ પ્રકારનું દાબદબાણ કર્યું ન હતું. આથી આ ધર્મનો ફેલાવો થયો નહી. અકબર પછીના મોગલ બાદશાહો પણ આ 'દિને ઈલાહી' ધર્મ પાળતા ન હતા, પરંતુ ઈસ્લામ ધર્મ જ પાળતા હતા.

ઈ. સ. ૧૬૦૫માં અકબરનું અવસાન થયા પછી જહાંગીર હિન્દુસ્તાનના બાદશાહ બન્યા.

જહાંગીર લોકોને ન્યાય અપાવવા માટે હંમેશાં પ્રયત્નશીલ રહેતા. તેમણે આગ્રામાં પોતાના કિલ્લાની બહાર એક સાંકળ લટકાવી હતી. આ સાંકળ ખેંચવાથી કિલ્લાની અંદર ઘંટ વાગે અને આ ઘંટનો અવાજ સાંભળી જહાંગીર કોઈપણ સમયે બહાર આવતા અને સાંકળ ખેંચનારની ફરિયાદ સાંભળી તેને ન્યાય આપતા.

જહાંગીર જીવદયામાં માનતા હતા. તેઓ સંપૂર્ણપણે શાકાહારી હતા. ખાવા માટે અથવા બલિ ચઢાવવા માટે પ્રાણીઓની કતલ થાય, એની તેઓ વિરુદ્ધમાં હતા. તેઓ પ્રાણીઓની હત્યા ઉપર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવા ઈચ્છતા હતા, પરંતુ એકાએક કડક પ્રતિબંધ મુકવાને બદલે તેમણે એવો કાયદો જાહેર કર્યો કે અઠવાડિયામાં બે દિવસ દર રવિવાર અને ગુરુવારે ગાય, ભેંસ, ઘેટાં, બકરાં, હરણ અને ઊંટની કતલ કરવી નહીં. ઉપરોક્ત બે દિવસ કતલ કરનારને સજા કરવામાં આવશે.

હિન્દુસ્તાનમાં ચીકુ બિલકુલ ઉગતા ન હતા. પોર્ટુગલો અહીં ચીકુ વેચતા હતા અને તે ખૂબ જ મોંઘા ભાવે વેચાતાં હતોં. જહાંગીરે હિન્દુસ્તાનમાં ચીકુની ખેતી કરવાની શરૂ કરી અને તેનો ખૂબ વિકાસ કર્યો. જેથી હિન્દુસ્તાનના લોકોને સસ્તા ભાવે ચીકુ મળતા થયા.

ઈ. સ. ૧૬૨૭માં જહાંગીરનું અવસાન થયું. તેમને સ્થાને તેમનો પુત્ર શાહજહાં હિન્દુસ્તાનનો બાદશાહ બન્યો.

શાહજહાંને પોતાનાં શાસનમાં લોકોની ભાગીદારી વધારી. તેમણે 'દીવાને આમ' અને 'દીવાને ખાસ' ની સ્થાપના કરી. 'દીવાને આમ', જેમાં સામાન્ય માણસોની નિયુકિત થતી અને 'દીવાને ખાસ'માં અમીર ઉમરાવોની નિયુકિત થતી. મહત્વના નિર્ણયો લેવામાં આવે, તે વખતે 'દીવાને આમ' અને 'દીવાને ખાસ' બન્નેનાં અભિપ્રાય મેળવવામાં આવતા.

શાહજહાંનને કળાત્મક બાંધકામોનો ખૂબ શોખ હતો. તેમણે તેમની બેગમ મુમતાઝનાં અવસાન બાદ તેની કબર ઉપર 'તાજમહલ' બંધાવ્યો. આજે પણ આપણા દેશનો આ તાજમહાલ વિશ્વની એક અજાયબી ગણાય છે.

ઈ. સ. ૧૬૫૮માં શાહજહાંના પુત્ર ઔરંગઝેબે બળવો કર્યો અને તે હિન્દુસ્તાનનો બાદશાહ બની ગયો.

શાહજહાંને હિન્દુસ્તાનના ૪ ટુકડા કરી, પોતાના ૪ પુત્રોને વહેંચી આપ્યા હતા. હિન્દુસ્તાનના ૪ ટુકડા થાય એ માટે પ્રજાનો સખત વિરોધ હતો. ઔરંગઝેબે પોતાના ચારે ભાઈઓની હત્યા કરી સમગ્ર હિન્દુસ્તાનને એક કરી દીધું અને તેના બાદશાહ બન્યા. આમ ઔરંગઝેબે દેશના ટુકડા થતા અટકાવ્યા. તેથી તેઓ હિન્દુ મુસલમાન બંને પ્રજામાં ખૂબ લોકપ્રિય બન્યા.

ઔરંગઝેબ બાદશાહ બન્યા બાદ કોઈકે તેમનું ધ્યાન દોર્યું કે તેમના વડદાદા અકબરે 'સતી પ્રથા' ઉપર પ્રતિબંધ મૂકયો હતો, પરંતુ આજે ફરીથી આ પ્રથા શરૂ થઈ ગઈ છે.

આ વાત ધ્યાનમાં આવતાં જ સતીપ્રથા વિરુદ્ધ ઔરંગઝેબે ખૂબ જ કડક કાયદો જાહેર કર્યો.

હિન્દુસ્તાનમાં કોઈ સ્ત્રી સતી થઈ શકશે નહીં. જો કોઈ સ્ત્રી સ્વેચ્છાએ સતી થવા ઈચ્છે અને સતી થાય, ત્યાર પહેલાં તેની જાણ થાય તો તે સ્ત્રીની ધરપકડ કરી તેને જેલમાં પુરવામાં આવશે. જે કોઈ વ્યક્તિ કોઈ સ્ત્રીને સતી થવા માટે દાબદબાણ કરશે, તો તેવી વ્યક્તિને ફાંસીની સજા કરવામાં આવશે. જો કોઈ સ્ત્રી સતી થતી હોય, ત્યાં લોકોનું ટોળું ભેગું થયું હોય અને તે સ્ત્રીને આ લોકો સતી થતી રોકવાનો પ્રયત્ન ન કરે, તો તે તમામ લોકોનાં ટોળાંની ધરપકડ કરી તેમને જેલમાં પુરવામાં આવશે.

હિન્દુસ્તાન ઉપર રાજ્ય કરતા છેલ્લા સર્વસત્તાધીશ બાદશાહ ઔરંગઝેબનું ઈ. સ. ૧૭૦૭માં અવસાન થયું.

આ પછી મોગલ સલ્તનતમાંથી એક પછી એક ભાગ છૂટો થતો ગયો અને કેટલાક વખત પછી માત્ર દિલ્હી તેમજ આગ્રા વિસ્તાર ઉપર જ મોગલ સામ્રાજ્ય રહ્યું.

✣ ✣ ✣

# વિચાર શૂન્યતા

–ઘનસુખભાઈ પટેલ

આપણી પ્રજાના અનેક અનિષ્ટોનું મૂળ કદાચ વિચારશૂન્યતામાંથી જડશે. વિચારશૂન્યતા પણ કેવી કે સમાજમાં પ્રવર્તમાન સડીયલ માન્યતા પ્રત્યે પણ વિચારવું નહિ. જેવી કે,

– સૃષ્ટિ અને તેમાં વસતા પ્રાણીઓ ભગવાને બનાવ્યા છે. તો ભગવાનને કોણે બનાવ્યા ?
– વિધાતાએ લખેલ ભવિષ્ય જો નિશ્ચિત જ હોય તો તેમાં ફેરફાર કરવાના ઉધામા શા માટે ?
– ભગવાન જે કરે તે ભલા માટે તો નાનકડી દીકરી કે કોઈ મહિલા પર બળાત્કાર થાય તેમાં તેમનું શું ભલું ?
– મા–બાપની સેવા કરવાની સલાહ આપ્યા કરતા બાવાઓ સંસાર છોડી બાવા બની ગયા એમાં મા–બાપનું શું ભલું ?
– એકનો જીવ, બીજાનું જીવન. જેમ કે હરણનો જીવ, સિંહનું જીવન–એમાં હરણનું શું ભલું ?
– કોઈ બેંક અચાનક ઊઠી જાય કે ઈરાદાપૂર્વક ઉઠાડી દેવાય તેમાં ખાતેદારોનું શું ભલુ ?
– આતંકવાદીઓ અસંખ્ય માણસોને મોતને ઘાટ ઉતારી દે એમાં એમનું શું ભલું ?
– આખેઆખા પરિવાર અકસ્માતમાં મૃત્યુમાં હોમાઈ જાય એમાં ભલું શું ?
– આપણી પ્રજાને કાયદેસરનું કામ કઢાવવા માટે પણ એકવીસ હજાર કરોડ જેવી માતબર રકમની લાંચ આપવી પડે એમાં પ્રજાનું શું ભલું ?
– કાળ ચોઘડિયામાં કોઈને એટેક આવે કે અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલાને તાત્કાલિક સારવાર કરવાની જરૂર હોય ત્યારે ડૉકટર કાળ ચોઘડિયું હોઈ ઈન્કાર કરે તેમાં દર્દીનું શું ભલું ?

- આયુષ્ય નિશ્ચિત હોય તો દીર્ઘાયુની પ્રાર્થના સાર્થક કે નિરર્થક ?
- આવેલા મૃત્યુને કોઈ ટાળી શકતું નથી, તો હોસ્પિટલની દોડ શા માટે ?
- કોઈ અકસ્માતમાં એકાદ બચી જાય તો તે પુણ્યશાળી અને મોતને ભેટેલ પાપી ?
- સન્યાસી બની જવાથી સ્વર્ગ મળી જતું હોય તો તેવા લોકો પોતાના બાળકોને કેમ સન્યાસી બનાવી દેતા નથી ?
- મંદિરની મૂર્તિમાં પ્રાણ પૂરનાર તેના સ્વજનોને સ્મશાન કેમ લઈ જાય છે ? એમાં પ્રાણ કેમ પૂરતા નથી ?
- નવા ધંધાનો આરંભ ઈશ્વરની પૂજાથી કરે છે જેથી ધંધો બરાબર ચાલે. તો પછી નવું ક્લિનીક શરૂ કરતો ડૉકટર, સ્મશાનમાં લાકડા વેચનારો કે શબવાહિનીની પૂજા કરતો ડ્રાઈવર શું વિચારતો હશે ? કે હે ઈશ્વર અમારા ધંધા બરાબર ચલાવજે !
- આજકાલ ધરમ અને અંધશ્રદ્ધાએ ઉપાડો લીધો છે અને નીતિમત્તાની કટોકટી કોઈપણ સમય કરતાં વધુ છે. ખરેખર તો ધાર્મિકતામાં નૈતિકતા જરૂરી છે પણ નૈતિકતામાં ધાર્મિકતા બિલકુલ જરૂરી નથી.
- ઈશ્વર માનવાનો પણ સટ્ટો જ છે, નહિ તો આટલા અંધેર પછી પણ દાવ તો એની ઉપર જ લગાવવામાં આવે છે.
- ધર્મની વિરાટ વિનાશક શકિત સાથે જ્યારે રાજશકિત ભળી જાય ત્યારે વધુમાં વધુ વિનાશક અને ભયાનક બની જાય છે. એ શકિતઓને રેશનાલિસ્ટો પ્રત્યે અણગમો હોય એ સમજી શકાય, પણ એમને 'વોન્ટેડ' કરી દે એ જરા વધુ પડતુ છે.
- રાજકારણી, સાધુબાવાઓ, મૌલવીઓ, પાદરીઓ વગેરે તો આ દેશની નબળી પ્રજાતિઓ છે, એટલે તેમની પાસે સમાજ સુધારાની કે વિચાર જડતાને તોડવાની આશા રાખવી નિરર્થક છે. પણ દેશનો બુદ્ધિજીવી વર્ગ પણ એ નબળી પ્રજાતિ જેવું વર્તન કરે તે અજુગતુ લાગે છે.

# દુનિયાને સુધારતાં પહેલા ઘરના લોકોને સુધારવા જરૂરી છે ? હા કે ના ?

-રોહિત કર્મ

આપણે ઘણીવાર જાહેર મીટિંગમાં કે સોશિયલ મિડીયામાં સાંભળતા, વાંચતા હોઈએ છીએ કે, 'તું પહેલા તારા ઘરના લોકોને સુધાર પછી દુનિયા સુધારવા નીકળજે.'

આ બાબતે આજે જવાબ આપવો છે પણ સૌને વિનંતી છે કે આને પર્સનલી ના લેતા અને હું જે મુદ્દા રજૂ કરું છું તેના પર ધ્યાન આપજો. તેની જ વાત કરજો.

(૧) ગૌતમ બુદ્ધનો પિતરાઈ ભાઈ દેવદત્ત (દેવદહ) આજીવન વિરોધી રહ્યો. કયારેય બૌદ્ધ ન બન્યો.

(૨) ડૉ. બાબાસાહેબ આંબેડકરે 'રાજગૃહ' મકાન બનાવ્યું. તો પત્નીના આગ્રહથી તેમણે વાસ્તુ કરાવવું પડેલું. જ્યારે બાબાસાહેબ કર્મકાંડના વિરોધી હતા.

(૩) ડૉ. બાબા સાહેબ હિંદુ ધર્મથી ત્રાસી જઈ ધર્માંતરણની જાહેરાત કરી હતી પણ રમાબાઈની મૃત્યુની ઘડીએ, લાંબી માંદગીમાં પંઢરપુર યાત્રા કરવાની ખૂબ ઈચ્છા હતી.

(૪) જ્યોતિરાવ ફૂલે પ્રખર નાસ્તિક હતા. કર્મકાંડી બ્રાહ્મણોથી ચીડાતા પણ તેમના પિતાજી ધાર્મિક હતા અને બ્રાહ્મણોનું માનતા. બીજા લોકોના કહેવાથી તેમના પિતાજીએ જ્યોતિરાવને ઘરમાંથી કાઢી મૂકયા હતા. જો કે પાછળથી અપનાવી લીધા હતા. પણ જ્યોતિરાવ ફૂલેના વિચારોથી તેમના પિતાજી સહમત હતા અથવા તેમના પુત્રના કામમાં જોડાયા હતા, તેવો કયાંય કહેતા કયાંય ઉલ્લેખ નથી.

(૫) ઈ. વી. રામાસામી પેરિયારના માતાપિતા પણ ખૂબ ધાર્મિક હતા. તેમણે કયારેય સામાજિક ન્યાયની લડતમાં પેરિયારને સાથ આપ્યો હોય, તેવું કયાંય નોંધાયેલ નથી.

હવે તમે લોકો નકકી કરો કે,

બુદ્ધ, બાબાસાહેબ, ફૂલે અને પેરિયાર તેમના ઘરનાને સુધાર્યા વગર સમાજ સુધારવા નીકળી ગયા હતા, તે સારું કર્યું હતું કે ખોટું કર્યું હતું ?

જો આ લોકો પહેલા ઘરનાને સુધારું પછી સમાજ સુધારવા જાઉં, તેવું વિચાર્યું હોત તો શું તેઓ (તેમના વિચારો) આજે આપણા સુધી પહોંચી શકયા હોત ?

પહેલા હું મારા ઘરનાને સામાજિક ન્યાય સમજાવું, પછી હું બીજાને સામાજિક ન્યાય સમજાવીશ, જો આવું કર્યું હોત તો શું આપણને આજે તેમનો જેટલો લાભ મળ્યો છે તેટલો લાભ મળી શકત ?

સત્યશોધક સભાના
એક સ્થાપક,
પ્રમુખ : ઈ. સ. ૧૯૮૪ થી ૨૦૧૦.
આ અંક માટે સૌથી વધારે
જાહેર ખબર મેળવી
આપનાર મુરબ્બી



આપણા પેટ્રન

**ડૉ. બી. એ. પરીખ**

# સમયના વહેણ સાથે સાથે...
# સત્યશોધક સભાના સુકાનીઓ



મુરબ્બી ગોરધનદાસ ચોખાવાલા
સ્થાપક પ્રમુખ : ઈ. સ. ૧૯૮૪ થી ૧૯૮૮



બાબુભાઈ દેસાઈ
ઈ. સ. ૧૯૮૮ થી ૨૦૧૬



સિદ્ધાર્થ દેગામી
ઈ. સ. ૨૦૧૮ થી ૨૦૨૨

## સત્યશોધક સભા, સુરત

# પ્રમુખ- ૨૦૨૨-૨૦૨૪-૨૬



સૂર્યકાન્ત શાહ
કાર્યકારી પ્રમુખ : ૨૦૧૭-૧૮



ઉપપ્રમુખ
મનસુખભાઈ નારિયા



ઉપપ્રમુખ
અતુલ પાઠકજી



મંત્રી
જાદવ વેકરિયા



મંત્રી
સુષ્મા ઐય્યર



કોષાધ્યક્ષ
મોહન પટેલ



સહમંત્રી
સુગીત પાઠકજી



સહમંત્રી
રાકેશ દેસાઈ

સત્યશોધક સભા, સુરત

# કારોબારી સભ્યો
## ૨૦૨૫-૨૬


વિજય ભગત


હસમુખ પટેલ


જનક બાબરિયા


ડો. મનસુખ પટેલ

## : સહકાર્યકરો :


મધુભાઈ કાકડિયા


અકબર લોખંડવાલા

કાર્યાલય મંત્રી


ડો. પ્રદીપ માર્ટિન

દોસ્તો,

વિચારધારાની લડાઈ તે વિચારોની લડાઈ છે. આપણા પરિવારનું દરેક સભ્ય આપણા જેટલું જ સમજે કે આપણા જેટલું જ યોગદાન આપે તે શકય નથી. અને ત્યાં સુધી કે જે તે વિચારધારાના અનુયાયીઓ પણ એકસરખી પ્રગતિ કરે ને એકસરખી સમજ ધરાવે, તે પણ શકય નથી.

તમે તમારા જીવનમાં તમારા વિચારો પ્રમાણે ચાલતા જાવ, વિચાર બીજ વેરતા જાવ, જેના મગજ તમારા વિચારબીજને અનુરૂપ હશે તેના દિમાગમાં તે ઉગશે. જેને તમારા વિચારોની જરૂર નથી લાગતી તે શું કામ તમારા વિચારો અપનાવે ?

મારી સૌને નમ્ર વિનંતી છે કે,

(૧) વિચારધારાના નામે પરિવારમાં કલેશ ના કરશો. પરિવાર માનસિક શાંતિ, હૂંફ, પ્રેમ, વિગેરે માટે હોય છે એને પ્રાથમિકતા આપો.

(૨) ઘરના સભ્યો સાથે વાતચીત કરો, ચર્ચા કરો, પણ ના સમજે તો તે તમારા બાપ, મા, ભાઈ, બહેન, દીકરો, દીકરી મટી નથી જતા. પોતાના સમજાવવામાં ભૂલ છે તેમ જુઓ અને ઘણીવાર તો જે તે વ્યકિતને તમારા વિચારો સાથે કોઈ લેવાદેવા ના હોય તો શું કામ સમજે ? વિચારોનું સિંચન કરવામાં જબરજસ્તી ઉતાવળ ના કરશો.

(૩) ઘર કી મુર્ગી દાલ બરાબર' કહેવત અહીં પણ લાગુ પડે છે. બહાર ગમે તેટલા મોટા સામાજિક, રાજકીય કાર્યકર્તા, નેતા હોય પણ ઘરમાં તો તમે કોઈકના પતિ, બાપ, દીકરા, દીકરી છો એટલે સમાજમાં તમારા શબ્દોની જેટલી અસર પડે તેટલી ઘરમાં ના પડે તે સ્વાભાવિક છે. એટલે પહેલા ઘરનાને સમજાવવાનો આગ્રહ ખોટો છે. કલેકટર, મામલતદાર, મુખ્યમંત્રી વગેરે બધું ઘરની બહાર હોય. ઘરમાં તો પતિ તરીકે તેમણે જ તેમની પત્નીને સોરી કહેવું પડે. ત્યાં કોઈ પદ, કોઈ સત્તા ના ચાલે. તેવું જ વિચારધારાનું છે. વિચારધારા ફેલાવવાનું કામ સમય માંગી લેતું કામ છે અને ભારત જેવા દેશમાં તો દાયકાઓ અને ઘણી બાબતોમાં સદીઓ જોઈએ. એટલે ખૂબ ધીરજ સાથે સતત આગળ વધતા રહો.

(અ) ઘર વિચારધારાનું કેન્દ્ર નથી પણ તમારું મન (દિમાગ) વિચારધારાનું કેન્દ્ર છે. તમે તમારા ઘરને ઘર જ રહેવા દેજો.

**નોંધ** : વિચારધારાને નામે એકબીજા પર પર્સનલ એટેક અને એકબીજાના ઘરના લોકો વિશે જાહેરમાં લખવાનું બંધ કરો. આમાં તમારી જ વિચારધારાનું ખરાબ દેખાય છે.

✤ ✤ ✤

# તહેવારોની ઉજવણીનો અતિરેક

–ગિરીશ સુંઢિયા

ભારત તહેવારો અને ઉત્સવોનો દેશ છે. માનવ સમાજમાં અને જીવનમાં ધર્મનું અનેરુ સ્થાન છે. ખરેખર તો માનવી ધર્મ વિના ટકી પણ ન શકે, પણ આજે લોકો ધર્મનો અર્થ અવળો કરી બેઠા છે. ધર્મનો મૂળભૂત હેતુ આજના ભૌતિક યુગમાં હવે ઓછો જોવા મળે છે. દેશમાં સતત કોઈને કોઈ તહેવારો કે ઉત્સવો ચાલતા જ હોય છે. તહેવારો વિવિધ સમુદાયોને એકસાથે લાવવા, ભાઈચારો અને એકતા વધે, તે સાથે આનંદ પણ વધારે છે. ઉજવણીથી ઊર્જા મળે છે તે વાત બરાબર, પરંતુ ધાર્મિકતાનો અતિરેક ઘાતક નિવડી રહ્યો છે, ત્યારે આપણે શું જાગવાની જરૂર નથી ? તહેવારોમાં ઘણા લોકો પુષ્કળ કુદરતી પદાર્થોને પવિત્ર માની તેની પૂજા કરવામાં કે હોમ–હવન કરી અમૂલ્ય પદાર્થો વેડફી નાખે છે, અને ગજા બહારના ખર્ચાઓ કરે છે.

દેવ–દેવીઓની મૂર્તિની કે ઈશ્વરની પૂજા–પ્રાર્થના એ વ્યકિતગત આસ્થાનો વિષય હોઈ, તે માત્ર વ્યકિતની ઉપાસના ગણાય, તેને ધર્મ કહી શકાય નહિ. ધર્મ એ તો એક મનુષ્યનું, બીજા મનુષ્ય સાથેનું આચરણ છે. પરસ્પર પ્રેમ એ જ ધર્મ છે. ધર્મને વ્યકિતગત ઉપાસના કે ક્રિયાકાંડો સાથે કોઈ જ સંબંધ નથી. આજે જેને ધર્મ કહેવામાં આવે છે તે સંગઠીત કે સંસ્થાકીય ધર્મ છે. જો ધર્મ સનાતન સત્ય હોત તો દુનિયામાં એક જ ધર્મ હોત, જુદી જુદી વિચારસરણીવાળા આટલા ધર્મો અને દરેક ધર્મના આટલા સંપ્રદાયો–પંથો ન હોત. કામ પર રજા પાડીને પગપાળા યાત્રા જતા હો એટલે માનવશકિત, માનવ કલાકોનો બગાડ છે. રસ્તામાં ચાલતા ચાલતા પ્લાસ્ટીકના પાઉચ, બોટલો, કચરો વગેરે ફેંકતા જાવ એ પર્યાવરણનો અનાદર કહેવાય. આવી યાત્રા તો અંધશ્રદ્ધા છે. સાધુ સંતો સંસારનો ત્યાગ કર્યા પછી યે સંસારના લોકો સાથે જ રહે છે, સગવડોવાળી જગ્યાએ રહે છે અને સગવડોનો ત્યાગ કરવાને બદલે ખૂબ જ ઉપયોગ કરે છે. દીક્ષા પછી ડગલે ને પગલે બીજા લોકોની સેવા લેવી પડે છે. પર્વનું મહત્વ જાળવી રાખવા માટે ધનની નહિ, ત્યાગની જરૂર પડે છે.

સાચા શ્રદ્ધાળુઓએ તો ગણેશોત્સવ, જન્માષ્ટમી, ઉતરાયણ, હોળી–ધૂળેટી અને નવરાત્રિ જેવા ઉત્સવોમાં પ્રવેશેલા મદીરાપાનને કારણે બદનામ થતા ધર્મોને

બચાવવાના પ્રયત્નો કરવા જોઈએ. મંદિરોમાં ઘી, દૂધનો બગાડ થતો હોય, મૂર્તિના દર્શન માટે ધક્કા મુક્કી વચ્ચે કલાકો સુધી લાઈનમાં ઊભા રહેવું પડતું હોય તો એવી પૂજાને સમયનો બગાડ જ ગણી શકાય.

હોળીનો તહેવાર આજના જમાના સાથે સુસંગત નથી. ગલી–ગલીએ હોળી પ્રગટાવી કરોડો રૂપિયાનું લાકડું સળગાવવામાં આવે છે અને પર્યાવરણને નુકસાન કરવામાં આવે છે. હોળી–ધૂળેટીના દિવસે સમગ્ર ગુજરાતમાં લોકો કરોડો રૂપિયાનો દારૂ પીએ છે. સોસાયટી સહિતના અનેક વિસ્તારોમાં રંગોત્સવની ઉજવણી માટે કેમીકલવાળા રંગીન પાણીની પિચકારીઓ તેમજ ગુલાલથી એકબીજાને રંગે છે, કપડાં બગાડે છે, આંખ–કાન કે મોંઢામાં કલર જાય તો નુકસાન પણ થાય છે, કયારેક મોટા ઝઘડાઓ અને હત્યાના બનાવો બન્યા છે અને આવું દર વર્ષે થાય છે.

ઉતરાયણ ઉજવવાનો કોઈ હેતુ નથી કે પ્રજાને કોઈ લાભ નથી. લોકોના ખિસ્સા ખાલી થાય છે. લોકો કરોડો રૂપિયાનો ખર્ચ કરે છે, અને પર્યાવરણને નુકસાન થાય છે. કરોડો રૂપિયાના પતંગના દોરાથી ઘણાય પક્ષીઓ મરે તે માટે કોઈ દિલગીરી નહિ.

દિવાળીના તહેવારોમાં વેપારીઓ, પૂજાપાઠ કરતા લોકો અને મંદિરોને અઢળક ફાયદો થાય અને સામાન્ય લોકોનાં ખિસ્સા ખાલી થાય છે. કરોડો રૂપિયાનું દારૂખાનું ફોડવાથી હવા અને અવાજનું પ્રદૂષણ ફેલાય છે. નવરાત્રિ, ગણેશોત્સવ અને મોટા ભાગના ધર્મના તહેવારો વ્યાપક પ્રમાણમાં પ્રદૂષણ ફેલાવે છે.

આપણે ત્યાં છાશવારે ટ્રાફીક જામ કરી મૂકતા ધાર્મિક સરઘસો, જુલુસો, વરઘોડાઓ નીકળે છે. રસ્તા ઉપર નાચગાન થાય અને કાન ફાડી નાખતા ફટાકડા ફૂટે છે. લાઉડ સ્પીકરથી અવાજનું પ્રદૂષણ થાય છે. દર વર્ષે આવો ત્રાસ થાય છે અને તેમાં સતત વધારો થતો જ રહે છે. ભારતમાં કરોડો લોકો દરરોજ ભૂખ્યા સૂઈ જાય છે. કરોડો બાળકોને પૌષ્ટિક ખોરાક મળતો નથી, ત્યારે ધાર્મિક પ્રસંગોએ હજારો માણસોના જમણવાર થાય છે અને વધેલી રસોઈ ઉકરડામાં ફેંકી દેવામાં આવે છે. મોટાભાગના ઉત્સવોમાં વધુને વધુ અશાંતિ, અરાજકતા, અસંતોષ વગેરેનું પ્રમાણ વધુ નજરે પડે છે.

તહેવારો ટાણે જ ટ્રાફિક સમસ્યા, વાહનોનો અતિરેક, પાર્કિંગની સ્મસ્યા, બજારોમાં આડેધડ વાહન પાર્કીંગથી લોકો માટે માથાનો દુઃખાવો બને છે. જેના કારણે બાળકો, મહિલાઓ, રાહદારીઓ, અશકતો, શાળાના બાળકો સહિત સામાન્ય વર્ગ માટે

જાહેર રસ્તા પર પસાર થવું સતત જોખમદાયક રહે છે. તહેવારોની સીઝનમાં લોકો અમર્યાદિત માત્રામાં મીઠાઈઓ વગેરે ખાઈ આનંદ લે છે એટલે સુગર લેવલ વધી જવાની સમસ્યા પણ પેદા થાય છે.

નેશનલ ક્રાઈમ રેકર્ડ્સ બ્યુરો વર્ષ ૧૯૯૬ થી ભારતમાં નાસભાગની ઘટનાઓનો ડેટા એકત્ર કરે છે. આવી કેટલીક ઘટનાઓ :

૧૯૫૪ કુંભમેળામાં ધક્કામુક્કીમાં ૮૦૦ ના મોત.

૨૦૦૩ નાશિક કુંભમેળામાં ૩૯ નાં મોત

૨૦૦૫ મહારાષ્ટ્રના સતારાના માંઢર દેવી મંદિરમાં નાસભાગ થતા ૩૦૦ થી વધુ લોકોના મોત થયા હતા.

૨૦૦૮ રાજસ્થાનના ચામુંડા દેવી મંદિરમાં ભાગદોડથી ૨૫૦ ના મોત.

૨૦૧૦ ઉત્તરપ્રદેશના રામ જાનકી મંદિરમાં ધક્કામુક્કીમાં ૬૩ ના મોત.

૨૦૧૧ શબરીમાલા મંદિરમાં ધક્કામુક્કીમાં ૧૦૯ ના મોત.

૨૦૧૨ પટણા રાવણ દહનમાં ૩૩ નાં મોત.

૨૦૧૩ પ્રયાગરાજ કુંભમેળા બાદ રેલ્વે સ્ટેશને ફૂટ ઓવર બ્રીજ તૂટી પડતાં ૪૨ નાં મોત.

૨૦૨૩ ઈન્દોર રામનવમી ભાગદોડમાં ૩૫નાં મોત.

૨૦૨૫ પ્રયાગરાજમાં ચાલી રહેલા કુંભમેળામાં ભીષણ આગ લાગતાં અનેક તંબુઓ બળીને ખાખ થઈ ગયા અને ધક્કામુક્કીથી ૩૦ થી વધારે લોકોના કરુણ મોત થયા.

**ખરી ઉજવણી તો આ છે :** કામદારોને મજૂર કાયદાનું રક્ષણ મળે, પૂરતો પગાર તથા તમામ લાભો મળે તે માટે કામદાર દિવસની ઉજવણી કરવી જોઈએ. સતત વધતી જતી મોંઘવારી, બેકારી, ગરીબી અને ભ્રષ્ટાચારના વિરોધમાં દેખાવો કરવા જોઈએ. સારા શિક્ષણ, આરોગ્ય માટેની સગવડો, રહેઠાણ, પાણી વીજળી રસ્તા, ગટરો તેમજ જંગલ અને જમીનના પ્રશ્નો, ખેડૂતો આદવાસી, દલિત ખેમજૂરોના વર્તમાન સમયના સળગતા પ્રશ્નો પર દેખાવો કરવા જોઈએ. બાળલગ્નો, બાળમજૂરી, જાતિ અસમાનતા અસ્પૃશ્યતા , માનવ અધિકારો, યુવાન અને મહિલા અધિકારોનું ઉલ્લંઘન થતું અટકાવવાના પ્રયાસો કરવા જોઈએ. વૈજ્ઞાનિક અભિગમ વધારવા માટેના પ્રયત્નો થવા જોઈએ.

# મહાકુંભમાં મારો ડૂબકી

-ભગવાનજી રૈયાણી

પાપ કરીને ધોઈ નાખવાનો સૌથી સીધો મહામાર્ગ એટલે પ્રયાગરાજનો મહાકુંભ. કોણે કયારે શરૂ કર્યો વિશ્વનો આ સૌથી મોટો મેળો ? જવાબ જરા અઘરો છે ચાલો સતયુગમાં જઈએ, એટલે કે અંદાજે ચાર લાખ વર્ષ પહેલાં જ્યારે સ્વર્ગ, ધરતી અને પાતાળ એમ ત્રણ ભવનો હતા.

પૌરાણિક કથાઓ જે મહદ્‌ંશે  કપોળ કલ્પિત હોય છે. એ પ્રમાણે દેવો સ્વર્ગમાં ધરતી પર મૃત્યુલોક અને પાતાળમાં દાનવોનો વાસ હતો. દેવો અને દાનવોનો યુદ્ધો તો અનંત વર્ષો સુધી ચાલ્યા કરતાં. સ્વર્ગમાં મહારાજા ઈંદ્રદેવ બિરાજતા હતા.

એક મહાયુદ્ધ થયું. મહાસાગરમાં સ્વસર્જિત બે કુંભ એટલે કે બે ઘડા તરતા દેખાયા. એકમાં અમૃત અને બીજામાં હળાહળ એટલે કે ઝેર. અમૃત પીઓ અને યાવત્‌ચંદ્ર દિવાકરો જીવો, ઝેર પીયો અને તત્ક્ષણ મરો. આમ સમુદ્રમંથન દરમિયાન દેવો અને દાનવો વચ્ચે ભયંકર ઝુંટાઝુંટ થઈ. દેવોના હાથમાં અમૃતકુંભ આવી ગયો, પણ કાતિલ ઝેર ભરેલ ઘડો દાનવો પાસે રહી ગયો. જે ઈન્દ્રદેવ સહિત પૂરા સ્વર્ગને ધનોતપનોત કરી શકે. ઈન્દ્ર મૂંઝાયા. તેઓ દોડયા દેવોના દેવ બ્રહ્મા, વિષ્ણુ અને શિવ પાસે. એમણે શિવને દેવોને સહાય કરવા માટે નિયુકત કર્યા. શિવ તાંડવ કરે એટલે ધરતી ધ્રુજે.

કહે છે કે, હળાહળ કુંભમાં કાણું પડયું અને એ સમુદ્રમાં ટપકવા માંડયું. દાનવો સ્વર્ગ તરફ ઊડયા. સ્વર્ગને અને નિવાસી દેવોને ઝેરથી મારી નાખવા ઝેરી ઘડાને લઈને ઉડાન કર્યું. શિવ પણ બરાબર નીચે નીચે ઉડાણ ભરી રહયા હતા. અને ઝેરના બિંદુઓને ગળે ઉતારી રહયા હતા. પાર્વતીએ એમનું ગળુ દબોચ્યું કે જેથી ઝેર એમના ગળા નીચે ન ઉતરે. જો એમ થાય તો એમને થયું કે પતિ મરી જશે. પોતે વિધવા થશે પણ શિવ તો શિવ હતા. એમણે તો ઝેર પી લીધું જેથી એમણું ગળુ નીલ રંગનું થઈ ગયું જેથી તેઓ નીલકંઠ કહેવાયા. લાખો વર્ષ નીચે ઉતરીને હવે વર્તમાનમાં જઈએ.

સાડાત્રણ હજાર વર્ષ પહેલા મધ્ય એશિયામાં રહેતા સિંધુ સંસ્કૃતિના આર્યોમાંથી કેટલાક ઈરાન, યુરોપ કે આર્યાવર્તમાં આવ્યા અને સિંધ પ્રદેશ જેને હિંદ પ્રદેશ તરીકે ઓળખાય  એવા વિસ્તારમાં વસ્યા. દક્ષિણના દ્રવિડોને એમણે હરાવ્યા  અને કેટલાકને શૂદ્ર બનાવ્યા.

આમ આ સાડા ત્રણ હજાર પહેલાનો અને છવ્વીસસો પહેલાનો બુદ્ધ–મહાવીર પહેલાનો લિખિત ઈતિહાસ મળતો નથી. તો લાખો વરસના સતયુગ, દ્વાપર યુગ કે કળિયુગની વાતમાં કેટલો ભરોસો કરવો ? ધર્મધુરંધરો કહે છે કે વેદો અને પુરાણ પાંચ–છ હજાર વર્ષ પહેલા લખાયા. હું અંગત રીતે માનું છું કે આ ગ્રંથો તેમ જ રામાયણ–મહાભારત લખનાર વાલ્મિકી અને વ્યાસ નામના કોઈ ઋષિજનો નહોતા પણ સમર્થ લેખકો હતા જે ત્રણેક હજાર વર્ષ પહેલાં પણ સમૃદ્ધ સાહિત્યનું સર્જન કરી શકયા.

રામ, કૃષ્ણ, પાંડવ, કૌરવો, સ્વર્ગ, નરક, સુરો–અસુરો એ બધા કાલ્પનિક પાત્રો છે. ઈતિહાસ એની કોઈ ગવાહી કરતો નથી.

હવે અત્યારે ચાલી રહેલા ૧૪૪ વર્ષે ખાસ આવેલ મહાકુંભની વાત કરીએ. અગાઉ કહ્યું એમ અમૃતકુંભ દેવોના હાથમાં આવ્યો, અને એના ટીપા ચાર જગ્યાએ પડયા. એક પ્રયાગરાજ(અલ્હાબાદ), બીજુ હરદ્વાર, ત્રીજું ઉજ્જૈન અને ચોથું નાશિક. આમ દર ત્રણ વરસે દરેક જગ્યાએ કુંભમેળો યોજાય. પણ આ વરસનો પ્રયાગરાજનો મહાકુંભ એટલે કહેવાયો કે ૧૪૪ વરસે સૂર્ય, ચંદ્ર, ગુરુ અને શનિ એક લીટીમાં આવે. આ એક ખગોળ વિજ્ઞાનની ઘટના છે. અત્યાર સુધીમાં ૬૧ કરોડ લોકોએ મોક્ષ મેળવવા ગંગામાં ડૂબકી મારી.

સેંકડો શ્રદ્ધાળુઓએ પાંચ–દસ ડૂબકી મારી હશે.  તેઓ પણ ૬૧ કરોડમાં ગણાઈ ગયા. પરંતુ ૨૯ જાન્યુઆરીએ તો મૌની અમાવસ્યાને દિવસે સાડા પાંચ કરોડ લોકોએ ગંદી ગંગામાં ડૂબકી મારી. કેન્દ્ર અને ઉત્તર પ્રદેશ સરકારોએ છેલ્લા ૩૫ વરસમાં ૩૫,૦૦૦ કરોડ રૂપિયા ગંગાને ચોખ્ખી કરવામાં ખર્ચ્યા, પણ પરિણામ શૂન્ય આવ્યું. દેશવિદેશના લાખો લોકો ચામડીના રોગો લઈને ઘરે જશે.

✤ ✤ ✤

# શ્રદ્ધા એટલે જ અંધશ્રદ્ધા

–વિજય ભગત

સુરતના એક જાણીતા કવિ, ગઝલકાર, શાયર એવા શ્રી ગનીભાઈ દહીંવાળાનો એક બહુ જ જાણીતો શેર છે.

'શ્રદ્ધા જ મને લઈ ગઈ મારી મંઝીલ સુધી
રસ્તો ભૂલી ગયો તો દિશાઓ ફરી ગઈ.'

આમ તો આપણે શ્રદ્ધાપૂર્વક આ વાત માનીએ તો એ સાચી લાગે પરંતુ હકીકતમાં આવું કયારેય બને નહીં. કારણ કે શ્રદ્ધા એ હવામાં થયેલ ગોળીબાર જેવી છે. કોઈને લાગે પણ ખરી કે નહીં પણ લાગે, એ ચોક્કસ સચોટ નિશાના પર હોતી નથી. કોઈપણ કવિ, શાયર આવી કલ્પનાઓ કરે એ બહું સ્વાભાવિક અને રસપ્રદ હોય છે. કવિ કે શાયરની આવી બધી કલ્પનાઓ જ ઉચ્ચકક્ષાની શાયરી કે કવિતાનું નિર્માણ કરી શકે છે પણ આપણે જ્યારે વાસ્તવિકતાની વાત કરીએ ત્યારે કલ્પનાને બાજુ પર રાખી હકીકત તરફ આપણું ફોકસ હોવું જોઈએ.

આપણે લગભગ ૯૯% લોકો પાસે એક વાકય વારંવાર સાંભળતા હોઈએ છીએ કે શ્રદ્ધા ખોટી નથી, પરંતુ અંધશ્રદ્ધા ખોટી છે. શ્રદ્ધા અને અંધશ્રદ્ધા વચ્ચે પાતળી ભેદરેખા છે. કેટલાક તો વળી શ્રદ્ધા, અશ્રદ્ધા અને અંધશ્રદ્ધા જેવા ભેદ પાડીને વધારે ગૂંચવાડો ઊભો કરે છે. હકીકતમાં આ બધા સમાનાર્થી શબ્દો છે. દા. ત. સત્યનારાયણની કથા કરાવવાથી મારો દિકરો/દિકરી પાસ થઈ જશે કે અમુક તમુક દેવ–દેવીઓની બાધા રાખવાથી મારા તમામ કાર્યો નિર્વિઘ્ને થઈ જશે. એવી દ્રઢ માન્યતા એટલે જ અંધશ્રદ્ધા. નમાઝ પઢવાથી કે કુરાન–બાઈબલના પઠન કરવાથી સુખ–શાંતિ–સમૃદ્ધિ આવી જશે, એવી માન્યતાઓનું નામ જ અંધશ્રદ્ધા.

કોઈપણ ઘટના બનવા પાછળ કોઈ ચોકકસ કારણ હોય છે. અકારણ કોઈ ઘટના બનતી નથી એ કુદરતનો અફર નિયમ છે, જેને આપણે કાર્યકારણનો સંબંધ એવું પણ કહી શકીએ. હવે શ્રદ્ધાળુ માણસ શ્રદ્ધાની મૂળ વિભાવના જ એવી કરે કે કુદરતના કાર્યકારણ સિદ્ધાંતની વિરુદ્ધ કોઈ એવી ઘટના બનશે કે જેનાથી એ વ્યકિતને અમુક તમુક લાભ થશે એવી દ્રઢ માન્યતાનું નામ જ અંધશ્રદ્ધા. કારણ કે એવું કયારેય બને નહીં, જેમ કે

શ્રદ્ધાપૂર્વક ઉપવાસ કરવાથી, એકટાણુ કરવાથી કે કુંભમેળામાં નાહવાથી આપણા પાપ કે કુકર્મો ધોવાય જાય. આવી માન્યતા એટલે જ અંધશ્રદ્ધા. શ્રદ્ધાપૂર્વક ગીરનાર કે પાવાગઢ ચઢીને દેવ–દર્શન કરવાથી કે હજ જેવી યાત્રાથી માણસ પવિત્ર બની જાય એવી માન્યતા બિલકુલ અવૈજ્ઞાનિક હોવાથી, કુદરતના કાર્યકારણના સિદ્ધાંતથી વિરુદ્ધ હોવાથી આપણે સ્વીકારવી જોઈએ નહીં. શ્રદ્ધાપૂર્વક અંબાજી –તિરુપતિ કે એવા ધાર્મિક સ્થળોએ જતા લોકો પણ અકસ્માતનો ભોગ બને છે. એવું હજારો વાર આપણે જોયું, જાણ્યું છે. ગાંધીજીએ પણ કહ્યું હતું કે 'શ્રદ્ધા આંધળી જ હોય છે.'

એક કવિએ તો કહેલું કે અંધને શ્રદ્ધા ન હોય તો બીજું હોય પણ શું ? હું તો ત્યાં સુધી કહીશ કે Shraddha doesn't make sense it is non-sense. શ્રદ્ધા અને અંધશ્રદ્ધા વચ્ચે પાતળી ભેદરેખા છે એવું નથી, પરંતુ શ્રદ્ધા એટલે કે અંધશ્રદ્ધા અને વિશ્વાસ વચ્ચે પાતળી નહી પણ બહુ જાડી ભેદરેખા છે. આપણે ટ્રેનમાં કે વિમાનમાં મુસાફરી કરીએ છીએ ત્યારે તેના ચાલક એવા ડ્રાઈવર કે પાઈલટને આપણે જોતા પણ નથી હોતા. છતાં ટ્રેન કે વિમાનમાં બેધડક મુસાફરી કરીએ છીએ. કેમ કે આપણને એ ભરોસો કે વિશ્વાસ છે કે આ ચાલક આપણને આપણા ગંતવ્ય સ્થાને સહીસલામત પહોંચાડશે. આ વિશ્વાસ પણ એટલે જ આવે છે કે રોજબરોજની ઘટનાઓમાં કાંઈ ટ્રેન કે વિમાનમાં અકસ્માતો થતા નથી. કયારેક એવું બને પણ ખરું, પરંતુ મોટે ભાગે બધું વ્યવસ્થિત ચાલતું હોવાથી આપણી સમજણ આપણને વિશ્વાસ મૂકવા પ્રેરે છે. શ્રદ્ધાનું આનાથી બિલકુલ ઊલટું છે.

શ્રદ્ધા આપણને નિર્માલ્ય, નિર્બળ, નિઃસહાય બનાવી દે છે કેમ કે શ્રદ્ધાળુ માણસને પોતાની જાત પર, પોતાના કામ, પોતાની સમજણ પર પ્રમાણમાં ઓછો વિશ્વાસ હોય છે. કોઈક ચમત્કારિક શકિતની આશા બાંધીને બેસી રહેવાથી ઘણીવાર અણધાર્યા પરિણામ આવતા હોય છે. આપણે જાતે જ એ નકકી કરવું જોઈએ કે આપણે શ્રદ્ધાળુ બનવું જોઈએ કે આપણી જાત પર વિશ્વાસ રાખી એક સમજદાર, વિશ્વાસપાત્ર વ્યકિત બનવું જોઈએ.

અંતમાં એક કવિની સુંદર વાત છે
નહી આરપાર એની તમે નીકળી શકો
રસ્તામાં અંધશ્રદ્ધાનું બાંધકામ છે.

# મહિલા અને અંધશ્રધ્ધા

–ડો. રાધિકા મુરુગ્રેસન

અંધશ્રદ્ધા નબળા લોકોનો ધર્મ છે, પરંતુ એમ કહી શકાય કે અંધશ્રદ્ધા કચડાયેલા–દબાયેલા લોકોનો ધર્મ છે. અંધશ્રદ્ધાનાં મૂળ BC 4 થી સદીથી જોવા મળે છે. અંધશ્રદ્ધા અજાણ્યા પરિબળની આરાધના અને ગુલામીનું નિવેદન છે.

મહિલાઓ વધારે અંધશ્રદ્ધાળુ હોય છે. ગ્રીસમાં દેવીઓને પ્રેમ, લગ્ન, બાળ જન્મના રક્ષક તરીકે પૂજવામાં આવતી હતી. પશ્ચિમના દેશોમાં ડાકણ ગણી અનેક સ્ત્રીઓને મારી નાખવામાં આવી હતી. કન્યાને માસિક ધર્મની શરૂઆત વખતે અને સ્ત્રીએ બાળકને આપેલ જન્મ સમયે દૈવી તત્ત્વ ગણીને ઉજવણી કરવામાં આવતી હતી. તેથી આ પિતૃપ્રધાન સમાજમાં સ્ત્રીને ત્યાગની મૂર્તિ તરીકે લેખવામાં આવી. સ્ત્રીને યુગોથી નીચી અને અજ્ઞાંકિત હોવાનું ધારી લેવામાં આવેલ છે. એક ફ્રેંચ લેખિકાએ કહ્યું છે કે, 'સ્ત્રી જન્મતી નથી, સ્ત્રી બનાવવામાં આવે છે. જન્મે છે તો માણસ જ,' સમાજ સ્ત્રીને શકિતશાળી ત્યારે જ ગણે છે કે જયારે તે બાળકને જન્મ આપે અને કુટુંબના ગૌરવ કે આબરુ–ઈજ્જતનું રક્ષણ કરે, કુટુંબના ગૌરવનું રક્ષણ કરવું એટલે કુટુંબની ધાર્મિક–અતાર્કિક પ્રણાલિકાઓ અને અંધશ્રદ્ધાઓનું પાલન કરી તેને જાળવવી.

મહિલાઓ જાણતી હોય છે કે અમુક અંધશ્રદ્ધાઓ તદ્દન અન્યાય અને અતાર્કિક છે અને છતાં તેનું તે પાલન કરે છે. એનું કારણ એ છે કે મહિલાઓનું જીવન અનિશ્ચિતતાઓથી ઘેરાયેલું હોય છે. ઘરના વડીલ કે માતાપિતા કયાં સુધી ભણવા દેશે, બહાર ભણવા કે નોકરી કરવા દેવાની પરવાનગી મળશે કે કેમ, સાસરું કેવું મળશે, પતિ–સાસુ, નણંદ, સસરાનો સ્વભાવ કેવો હશે. મહિલા માટે બધું અનિશ્ચિત હોય છે. અંધશ્રદ્ધા કોઈ તર્ક કે પુરાવા પર આધારિત હોતી નથી. તેને Obsessive Compulsary Disorder (OSD) અથવા ભ્રમણા (delusion) સાથે સરખાવવામાં આવે છે. કોઈને આપણે હાથી સમક્ષ ઉભા રાખી કહીએ કે હાથીનો રંગ પીળો છે, તો તે તરત જ વિરોધ કરી કહેશે કે નહી, હાથીનો રંગ ભૂખરો છે. કારણ કે તેની સમક્ષ પુરાવો છે, પરંતુ જો કોઈ સ્ત્રીને એમ કહેવામાં આવે કે જો તે અમુક ધાર્મિક પ્રણાલિકાનું પાલન

નહી કરે તો તેનો પતિ બીમાર થશે. આવી સ્ત્રી તરત જ મુશ્કેલી વેઠીને પણ તે ધાર્મિક પ્રણાલિકાનું પાલન કરશે. કારણકે તેના મન તેના પતિનું આયુષ્ય સૌથી વધારે મૂલ્યવાન છે. આ પ્રણાલિકાનો સંદેશ એ છે કે પતિ વિના સ્ત્રી નકામી છે....કારણ કે સ્ત્રીને બીક (ભય) છે. જો તે પ્રણાલિકાનું પાલન ન કરે અને કંઈક અનુચિત તેના પતિ માટે બને તો તેનો દોષ તેના પર જ આવવાનો છે. આ અજ્ઞાત ભય સ્ત્રીને આવી અતાર્કિક ધાર્મિક પ્રણાલિકાનું પાલન કરવા પ્રેરે છે. નવાઈની વાત એ છે કે પુરુષો આવી ધાર્મિક પ્રણાલિકામાં માનતા નથી. તેઓ તેમની પત્ની આવી પ્રણાલિકાનું પાલન કરે તેમ ઈચ્છતા હોય છે, કારણ કે કૌટુંબિક ગૌરવ અને પ્રણાલિકાઓ જાળવવાની જવાબદારી સ્ત્રીની માનવામાં આવે છે.

દા. ત. સમાજમાં કાળો રંગ અસ્પૃસ્ય અને તિરસ્કૃત ગણાય છે. કાળીબિલાડી આડી ઉતરે તો અપશુકન મનાય છે. ઓછી સ્વરૂપવાન કન્યા લગ્નપાત્ર માટે ઓછી પસંદ કરવામાં આવે છે. મૃત્યુનો શોક પ્રગટ કરવા સ્ત્રીઓ કાળી સાડી પહેરી જવાનું વધુ પસંદ કરે છે. ભારતમાં સદીઓથી સ્ત્રીઓ અંધશ્રદ્ધાના દુષ્ટ પરિણામો ભોગવી રહી છે, કેમ કે, પતિના અવસાન પ્રસંગે પત્નીને પતિની ચિતા સાથે સળગાવી સતી બનાવી દેવામાં આવતી હતી. લૉર્ડ બેન્ટિકે ૧૮૯૪ માં તેના પર પ્રતિબંધ મૂકયો હતો. ૧૯૮૭માં રાજસ્થાનમાં એક સ્ત્રીને સતી બનવા ફરજ પાડવામાં આવી હતી. ત્યારબાદ સતી પ્રથા અટકાવવા કેન્દ્ર સરકારે કાયદો ઘડયો છે. બંગાળમાં સ્ત્રી વિધવા થાય ત્યારે તેમને વૃંદાવન મોકલી દેવામાં આવે છે. ત્યાં આશ્રમોમાં આ સ્ત્રીઓ દોઝખભર્યું જીવન ગુજારે છે. ઝારખંડમાં ૨૦૧૬ થી ૨૦૧૯ના ગાળા દરમિયાન ૧૨૩ સ્ત્રીઓને ડાકણ માની હત્યા કરવામાં આવી હતી. ડાકણ ગણી સ્ત્રીની હત્યા પાછળનો હેતુ તે સ્ત્રીને મિલકતમાં ભાગ ન આપવાનો હોય છે. દેશમાં રોજ ૧૦ દલિત મહિલા પર જાતીય અત્યાચાર થાય છે. યુનેસ્કોના હેવાલ પ્રમાણે ૨૫ ટકા છોકરીઓના લગ્ન અઢાર વર્ષ પહેલા થાય છે.

દક્ષિણનાં કેટલાક રાજયોમાં દેવદાસી પ્રથા આજે પણ અમલમાં છે. તેનું કારણ એ છે કે સમાજ તરફથી તેને માન્યતા છે, છોકરી દેવને અર્પણ કરાય છે, અને પૂજારીઓ તેમનું જાતીય શોષણ કરે છે. કર્ણાટકમાં આશરે ૮૦,૦૦૦ દેવદાસીઓ હોવાનું કહેવાય છે.

ધાર્મિક પ્રથાઓના બહાને સ્ત્રીઓને અજ્ઞાત, નબળી અને અંધશ્રદ્ધામાં ડૂબી રખાવતો પુરુષપ્રધાન સમાજનો આવો વારસો હોય ત્યાં સમાજની પ્રગતિ કયાંથી થાય ?

# મહિલાઓ અને વિવેકબુદ્ધિવાદ

-Dr. Sushma Iyer

આપણે જાણીએ છીએ કે રેશનાલિઝમ એટલે કે માનવ મૂલ્યોમાં માનવું. આ માનવ મૂલ્યો એટલે શું ? સ્ત્રી પુરુષ ભેદ ભાવ = લિંગનો ભેદ ભાવ, જાતિ – જ્ઞાતિનો ભેદભાવ, ઊંચ, નીચનો ભેદભાવ, ધર્મનો ભેદભાવ, રંગ ભેદ = મનુષ્યની ચામડીના રંગ – કાળા – ધોળાનો ભેદભાવ. આ બધાથી રહિત હોવું – અથવા એમાં માનવું નહિ તે ઉચ્ચ માનવ મૂલ્યો. વૈજ્ઞાનિક અભિગમ રાખવો. વિવેકબુદ્ધિ, તર્ક, સત્ય, જ્ઞાનના પ્રકાશમાં રહેવું.

જ્યારે આપણો સમાજ, અરે, સમગ્ર વિશ્વમાં વધારે સંખ્યામાં લોકો ધાર્મિક છે. તેઓ જે વિવેકબુદ્ધિનો ઉપયોગ કર્યા વિના, ધાર્મિક પ્રવૃત્તિઓ, અંધશ્રદ્ધા, કુરિવાજો, ક્રિયા કાંડોમાં વ્યસ્ત રહે છે, ત્યારે સ્ત્રીઓની દશા અને દુર્દશા વિષે વિચારવું મહત્વનું છે. આ સમયની જરૂરિયાત છે. અને માનવ જાતિના ઉત્થાન માટે અનિવાર્ય છે.

સ્ત્રી અને રેશનાલિઝમની વાતને મેં ત્રણ મુદ્દાઓમાં વહેંચીને ચર્ચા કરી છે.

(૧) પહેલા મુદ્દામાં આપણે સ્ત્રીની દશા ગઈકાલે અને આજે કેવી છે તેની ચર્ચા કરીએ.

'સ્ત્રી અને ધર્મો.' આ સાંભળતા તરત જ તમામના મનમાં એક વાત ચોકકસ સ્પષ્ટતા સાથે ઉદભવે જ કે સ્ત્રી અને ધર્મ એકબીજાના વિરોધી subjects છે. તત્વો છે. મારા અધ્યયનનું તારણ પણ એ જ હતું કે દુનિયામાં તમામ ધર્મો વત્તે ઓછે અંશે, સીધી કે આડકતરી રીતે સ્ત્રી વિરોધી રહ્યા છે. આ ધર્મો રેશનાલિસ્ટ વિચારધારાની વિરુદ્ધ દિશામાં ગતિ કરે છે.

(અ) ખ્રિસ્તી ધર્મમાં સ્ત્રી કરતા પુરુષ ચડિયાતો છે. સ્ત્રીએ પોતાના પુરુષને આધીન રહેવાનું છે. પુરુષની સેવા કરવાની, બાળકો ઉછેરવાના અને આદર્શ નારી બની માથું ઢાંકીને પ્રાર્થના કરવાની. ખ્રિસ્તીઓ ઈશ્વરની કલ્પના પુરુષ ના રૂપે કરે છે. તેઓમાં GOD 'HE' FATHER, SON તેવી વાતો થાય છે. સ્ત્રી પૉપ કે બિશપ ના બની શકે.

(બ) ઈસ્લામ ધર્મમાં સ્ત્રી, પુરુષ અલ્લાહની નિગાહમાં સરખા ગણાવ્યા છે,

પરંતુ પુરુષનું સ્થાન ઊંચું છે. તલાક –ફારગતિ – Divorce, ગર્ભપાત અને ગર્ભનિરોધક સાધનોના નિયમો સખ્ત છે. 12- બાર પ્રકારના હિજાબ – બુરખા સ્ત્રીઓએ પહેરવા – ઓઢવા જરૂરી છે. યુરોપના ફ્રાન્સ સહિતના અનેક દેશોમાં માથા કે શરીરને ઢાંકવાવાળા વસ્ત્રો વિરુદ્ધ કાનૂન બન્યા છે, કારણ કે અમુક પ્રકારના વસ્ત્રો ધર્મ નિર્દેશ કરે છે, જે ભેદભાવ ફેલાવે છે.

એકવાર ટીવીમાં જોયું હતું કે છોકરીઓ બુરખો પસંદ કરતી હતી, પંખીને પીંજરું ફાવી જાય તેમ સ્ત્રીને બંધનો સદી જાય છે.

અમુક આફ્રિકન મુસ્લિમ દેશોમાં વિચિત્ર પ્રકારનાં બંધનો તથા અત્યાચારો પ્રચલિત છે. માવરિતાનિયા નામના દેશમાં સ્ત્રીના બાહ્ય ગુપ્તાંગો કાપી નાખવામાં આવે છે. (External Sex Organs Multilation) આ કુરિવાજનો ભોગ નાની બાળકીઓ બને છે, જેમને અસહ્ય શારીરિક અને માનસિક પીડા સહન કરવી પડે છે. તમને આશ્ચર્ય અને દુઃખ થશે કે ૯૦ ટકા બાળાઓ પર આ અમાનવીય જુલમ થાય છે જેની કલ્પના પણ કંપારી ઉપજાવે છે.

અરે વિકસિત દેશોમાં ચર્ચનું દબાણ હોવાથી ગર્ભપાતની છૂટ અપાતી નથી. ભલે પછી સ્ત્રીની જિંદગી જોખમમાં કેમ ન હોય. આયરલેંડ નામના દેશમાં એક ભારતીય મહિલાએ રકતપાત દ્વારા જીવ ગુમાવ્યો પણ ગર્ભપાતની મંજૂરી ના મળી. આમ બધી બાબતમાં વિકાસને સ્થાન છે પરંતુ સ્ત્રીને પોતાના શરીર પર હક નથી.

(ક) હિન્દુ ધર્મમાં નારીને નારાયણી કહીને ભોળવી છે. આ ધર્મએ નારીની અવહેલના કરવામાં પાછું વાળીને જોયું નથી. સતી પ્રથા, નિયોગ, બાળ વિવાહ, વિધવા દમન જેવા રિવાજો દૂરની વાત નથી. ઘણી જ્ઞાતિઓમાં અને વિશેષ તો ગામડાઓમાં બાળ વિવાહ થાય છે. વિધવાને પુનઃવિવાહની રજા નથી. સ્ત્રીઓને ચૂડેલ, ડાકણ જાહેર કરી મારી નાખવામાં આવે છે. પૈત્રુક સંપત્તિમાં ભાગ આપવામાં આવતો નથી.

હરિયાણા રાજયમાં ગોત્રના નામે યુવા પ્રેમિકાઓની હત્યા આજે પણ કરવામાં આવે છે. (Honour Killing)

દહેજના નામે ત્રાસ, હત્યા, ઘર નિકાલ કરાય છે. અનશન પૂજા, વ્રત, પરિક્રમા, મનોરથ, માનતા, બાધા, ઉપવાસ, સ્ત્રીઓ માટે જ છે. પુંસવનંની વેદ

પુરાણની વાતો પર આજે પણ વિશ્વાસ રખાય છે. દીકરાની ચાહ અદમ્ય હોય છે. પુત્ર જન્મને વધાવી લેવામાં આવે છે. છોકરી જન્મને અભિશાપ ગણાય છે. શોકનું કારણ બને છે.

પુરાણમાં સ્ત્રીને ઢોર, મૂરખ, કૂતરાસમી, નિર્દયી નીચ ચંચળ, અવિશ્વાસુ, કમ બુદ્ધિ, તાડન (માર ખાવાને) ને પાત્ર, ભોગની વસ્તુ, ચલસંપત્તિ, ગણવામાં આવી છે. જે વાતો આજે પણ માન્ય છે. સમાજમાં 'સ્ત્રી એક ચીજ છે.'

સુધારાના આવરણ નીચે આજે પણ ઘણા ઘરોમાં સ્ત્રીઓનું જાતીય શોષણ, સ્ત્રી ભ્રુણ હત્યા, સ્ત્રીપીડન, તાડન, હિંસા, અપૂરતું પોષણ, શિક્ષણનો અભાવ, કુટુંબના તથા સ્ત્રીના પોતાના જીવનના અગત્યના નિર્ણયોમાં ભાગીદારીનો અભાવ, માનસિક આર્થિક, સામાજિક, શારિરીક શોષણ ભરપૂર છે. અંધશ્રદ્ધા, રીતરિવાજ, પરંપરા , સંસ્કૃતિ, ધાર્મિક ક્રિયાઓના (Rituals) નામે નારીને દાસી બનાવી દીધી છે.

એક જ ગુના માટે, સ્ત્રી અને પુરુષને જુદી રીતે દોષી ગણાય છે. સજામાં પણ ફર્ક હોય છે. એકસરખા કામ માટે, મજૂરી માટે સ્ત્રી પુરુષના વેતનમાં ફરક હોય છે. સ્ત્રીનું કાર્યસ્થળ પર તમામ પ્રકારનું શોષણ થાય છે. જે તે સ્ત્રી મૂંગા મોંઢે લાચારીવશ સહે છે.

સ્ત્રીરોગના એક નિષ્ણાત ડોકટર તરીકે થોડાક આંકડા રજુ કરૂં છું. જેથી ભારતમાં સ્ત્રીઓની શું હાલત છે તેનો ટૂંકમાં ખ્યાલ આવે. આ બધું વર્ણવાનો મારો આશય નારી પ્રત્યે જાગૃતિ લાવવાનો છે.

(૧) સ્ત્રી જાતિના બાળકની જન્મ સંખ્યા પુરુષ બાળકના જન્મની સંખ્યા કરતા ઘણી ઓછી છે. દર ૧૦૦૦ છોકરા પર ૮૪ ૦ છોકરીઓ જન્મે છે. ગર્ભપાત ઉપરાંત છોકરી અવાંછિત બાળક છે. જેથી જો પ્રથમ બાળક–છોકરો હોય તો બીજું બાળક બનાવતા નથી.

(૨) દર બીજી છોકરી કુપોષણનો શિકાર બને છે એટલે કે જે છોકરી ગમેતેમ કરીને જન્મી જાય છે, તેમાંથી અડધો અડધી ૫૦ ટકા ને પૂરતો ખોરાક મળતો નથી. આથી છોકરીઓમાં બાળમૃત્યુ દર, માંદગી તથા કુપોષણના લીધે નિર્બળતા વધુ છે. તે છોકરીઓ પાંચ વર્ષ સુધી જીવીત રહી શકતી નથી. દરકારના અભાવ હોવા છતાં જે છોકરીઓ જીવી જાય છે તેમા ૭૦ ટકા કુપોષણ અને

એનિમિયા અલ્પરક્તતા (લોહીની ઓછી ટકાવારી નો રોગ)નો શિકાર હોય છે. (Hb. 9 gram થી ઓછું)

(૩) આ છોકરીઓ અભ્યાસમાં પાછળ રહી જાય છે. તેથી શાળાઓમાંથી ઉઠાડી દેવામાં આવે છે. ૫ થી ૯ વર્ષ વચ્ચે ૭૦ ટકા છોકરીઓ ભણવાનું છોડી દે છે. આથી સ્ત્રીઓમાં શિક્ષણનો અભાવ પણ મોટું કારણ બની રહે છે.

(૪) ઉપર જણાવ્યા મુજબની આવી જીવી ગયેલી છોકરીઓ જન્મથી કુપોષિત અને એનિમિક હોય તેમના વહેલા લગ્ન કરાવી દેવામાં આવે તો આવી કમજોર બાળકીઓ કમજોર માતાઓ બની જાય છે. તેમને જન્મેલાં બાળકો જન્મથી જ નબળા અને કુપોષિત હોય છે. આવી દુર્બળ માતાઓને જો દીકરી જન્મે તો તે ભવિષ્યની દુર્બળ કુપોષિત માતા થવાની, આમ વિષચક્ર ચાલ્યા છે.

(૫) ભારતમાં ૭૦ ટકા સ્ત્રીઓ એનિમિક છે, ૮૦ ટકા ગર્ભવતી સ્ત્રીઓ એનિમિક છે.

(૬) આપણા દેશમાં ૫૩ ટકા બાળકીઓ શાળાનો અભ્યાસ પૂર્ણ કરતી નથી. જે બાળકીઓ શાળાનો અભ્યાસ પૂર્ણ કરે છે તે ૬૦ ટકા આગળ અભ્યાસ કરતી નથી. અભ્યાસ ન કરતી હોવાથી આવી છોકરીઓના લગ્ન પણ જલ્દી થઈ જાય છે. આમ ભારતમાં સ્ત્રીના જન્મથી જ માનસિક, સામાજિક, શારીરિક, આર્થિક વિકાસ ને રૂંધવાના કારણો મોજુદ હોય છે, આમ સ્ત્રીને ડગલે ને પગલે કમજોર બનાવવામાં સમાજના ગલત વિચારોની ભૂમિકા રહેલી છે.

(૭) કહેવાતાં સુખી કુટુંબોમાં ભણેલી ગણેલી ગૃહિણી પર પણ હિંસા થાય છે. સ્થૂળ હિંસા ઉપરાંત ૧૦૦ ટકા સ્ત્રીઓ સૂક્ષ્મ હિંસાનો શિકાર થતી હોય છે.

(૮) ૮૦ ટકા સ્ત્રીઓ જીવનમાં એકવાર તો જાતીય સતામણીનો ભોગ બનેલી હોય છે. ગુજરાતમાં જ ૨૫૦૦ થી વધુ બળાત્કારના કેસ નોંધાયા છે. વણ નોંધાયેલા તો અસંખ્ય છે.

(૯) સ્ત્રીની પ્રગતિ પુરુષ પ્રધાન સમાજને પચતી નથી. ભણેલો ગણેલો સુધરેલો પુરુષ પણ સ્ત્રીનું શોષણ કરવામાં (પત્ની, માતા, દીકરી, સહ કર્મચારી, સ્ત્રી મિત્ર) અને સૂક્ષ્મ હિંસા આચરવાનું ચૂકતો નથી.

**સ્ત્રીની દુર્દશાના વર્ણન પછી થોડી આશા ઉપજાવતી વાત તે મારો બીજો મુદ્દો છે.**

## રેશનાલિઝમ સ્ત્રીને શું અર્પે છે ?

સ્ત્રીના તમામ દુઃખ દર્દ, સમસ્યા, મદદ, ઉત્થાન, પ્રગતિ, ઉત્કર્ષ, સ્વાવલંબનનો ઉકેલ–ઉત્તર રેશનાલિઝમ પાસે છે. તકલીફ એટલી જ છે કે રેશનાલિસ્ટો ઓછા છે. રેશનાલિઝમમાં સ્ત્રી–પુરુષ વચ્ચે કોઈ ભેદભાવ રાખવામાં આવતો નથી. રેશનાલિઝમ સ્ત્રીને માનવ હોવાનું ગૌરવ અને તક આપે છે. જન્મથી જ બાળકીને બધું મળે જેની તે હકદાર છે. જેમ કે પ્રેમ, સ્નેહ, પોષણ, શિક્ષણ, નિર્ણય લેવાનો હક અને ખાસ તો આત્મ સ્વમાન, બાળકીને મુકત રીતે સર્વાંગી વિકાસની તક રેશનાલિસ્ટ માતા–પિતા આપી શકે. વિચાર પરિવર્તનની જરૂર છે. બાળકીને દીકરા જેટલી જ અભ્યાસમાં, રમત ગમતમાં, ખોરાકમાં એટલે કે પરવરીશ ઉછેરમાં ધ્યાન તથા સુવિધા મળવી જેઈએ. એ તર્કસંગત, વિવેકપૂર્ણ ઉપાય–વિચાર છે. સ્ત્રીને માત્ર ભોગનું, બાળજન્મ તથા ઉછેરનું, ઘરકામ પૂરતી જ લાયક ન ગણતા સમાજ, દેશ પરિવારના વિકાસમાં ભાગીદાર તથા ફાળો આપી શકે તે માટે યોગ્ય બનાવાય તથા ગણાય તે જરૂરી છે.

રેશનાલિઝમ જ સ્ત્રી પોતે પોતાની જિંદગીના જરૂરી નિર્ણયો, લગ્ન જીવન, શિક્ષણ, પોશાક,વ્યવસાય, બાળ જન્મ વગેરે લે તેની શકયતાઓ સર્જે છે.

રેશનાલિઝમ સ્ત્રીને અંધશ્રદ્ધા, કુરિવાજોના બંધનોમાંથી મુકિત આપે છે. શાના માટે, કોના માટે, શાથી વગેરે સવાલો સ્ત્રી પૂછી શકે છે. દીકરા દીકરીને સમાન તક મળતા દીકરી સશકત, શિક્ષિત નારી બની શકે છે. સક્ષમ નારી જ સશકત વિકસિત સમાજ બનાવી શકે છે. તે જાતીય સતામણી, હિંસા, અન્યાય, ગરીબી, માંદગીને ઘટાડી શકે છે. પોતાનો અવાજ મત રજૂ કરી શકે છે. અરે, નારી આતંકવાદ અને યુદ્ધો પણ ખાળી શકે છે. આમ વિવેકબુદ્ધિપૂર્વક, વૈજ્ઞાનિક અભિગમ ધરાવનારો સમાજ સ્ત્રીને તમામ ક્ષેત્રમાં આગળ વધવા તક આપે છે. આથી સ્ત્રી સશકિતકરણ કરવાનો એક માત્ર ઉપાય રેશનાલિઝમ જ છે.

## (૩) હવે મારો ત્રીજો અને છેલ્લો મુદ્દો છે

આ રેશનાલિઝમનો પ્રચાર, પ્રસાર તથા જીવનમાં ઉતારવાનું કામ કોણ કરી શકે ? તો તેનો જવાબ છે નારી. એક સ્ત્રી જો રેશનાલિસ્ટ હશે તો તે પોતાના દીકરા–

દીકરી વચ્ચે ભેદ નહી રાખે. તે બાળકીના સર્વાંગી વિકાસમાં મહત્વનો ભાગ ભજવશે. ઘર, સમાજ, કાર્યસ્થળ પર થતા અન્યાયને ઓળખશે અને તેનો વિરોધ કરશે. દોરા, ધાગા અને ભુવાને બદલે તેવી સ્ત્રી બાળકને રસી–વેકસીન મુકાવશે, પૌષ્ટિક ખોરાક આપશે. પોતે પણ પોતાનું ધ્યાન રાખશે. ગર્ભાવસ્થામાં દવાખાને જશે. પોતે શિક્ષણ પ્રાપ્ત કરશે. બાળકોને વૈજ્ઞાનિક અભિગમ શીખવશે. અંધશ્રદ્ધા, ગુરુ, તંત્ર, મંત્ર ભવિષ્ય વાણી, રાશિફળ, સાધુ બાવાના ચુંગાલમાં પોતે નહિ પડે અને બીજાને નહિ પડવા દે. પાપ, પુણ્ય, કર્મફળ, નસીબના આધારે નહીં પરંતુ સમજપૂર્વક દરેક પરિસ્થિતિનો ઉકેલ કરશે.

રેશનાલિઝમનો ખરો પ્રચાર પ્રસાર તથા વિકાસ સ્ત્રી દ્વારા જ થઈ શકે છે. એક સ્ત્રી માતા, પત્ની, બહેન દીકરી, શિક્ષક, પ્રોફેશનલ તરીકે ઘર, પરિવાર સમાજમાં જો સુધારો લાવી શકે તે કોઈ પુસ્તક પણ ના કરી શકે. આમ **સ્ત્રીનો ઉદ્ધાર સ્ત્રી જ કરી શકે, અને તેનું શસ્ત્ર છે રેશનાલિઝમ.** આમ મહિલાઓને આપણા કાર્યક્રમમાં વધુ જોડવાની અને જોડાવાની જરૂર છે. અને Charity Begins at Home. ઘર થી જ શુભ કાર્યની શરૂઆત થવી જેઈએ.

સમાજમાં આજે પ્રગતિ થઈ છે. પહેલા કરતાં સ્ત્રીને વધુ હકકો, માન સગવડ મળ્યા છે. પરંતુ તે માત્ર શિક્ષિત, આર્થિક રીતે સબળ તથા નીડર, મહત્વાકાંક્ષી સ્ત્રીને જ. પણ વ્યવહારમાં ગામડાની મોટા ભાગની મહિલાઓ ખરા અર્થમાં પરિપૂર્ણ. સંતોષકારક, સમ્માનપૂર્વકનું જીવન જીવી શકતી નથી.

સ્ત્રીમાં સમાનતા તથા જાગૃતિ લાવવાની જરૂર છે. સ્ત્રીએ કપાયેલ પાંખવાળા, પિંજરે પુરાયેલ, પરિસ્થિતિને અનુકૂળ બનેલા પંખી મટી સત્ય, શાન, માનના મુકત આકાશમાં ઉડવાની ક્ષમતા કેળવવાની જરૂર છે. તો જ આ પુરુષ પ્રધાન ધાર્મિક, રૂઢિચુસ્ત સમાજ સામે સ્ત્રીશકિત વિજયી બની શકશે.

જય નારી શકિત, જય રેશનાલિઝમ

✤ ✤ ✤

---

**ક્રૂર જીવદયા !**

કેટલાંક સ્થળોએ જંતુની પાંજરાપોળ હતી. આ પાંજરાપોળમાં જંતુને લોહી પીવાનું મળે એટલે માણસો ભાડે રાખવામાં આવતા. એમને ખુલ્લા કરી. ખાટલા સાથે બાંધી જંતુઓને લોહી પીવાની સગવડ (!) આપવામાં આવતી હતી !

*With Best Compliments From...*

# S. D. ENTERPRISE

**Dinesh J. Patel**

**Bhupendra B. Naik**
D. M. E.
**M : 63535 890884**


*With Best Compliments From...*

# Bhumi Sales

Industrial Painting & Coating

**A/6 R. D. Park Society, Behind Althan Tenament,**
**Bhatar Char Rasta, SURAT. Offi. : 99253 45535.**
**E-mail : bhumisales@hotmail.com**
**bhupendranaik304@gmail.com**

*May 'Satyanveshan' Prosper Forever*




# Vimal Insulation Services

**SURAT.**

***Prop. : Jawaharbhai***

*Wish*
*Styashodhak Sabha*
*Serve the*
*Society Forever*



# OM
# SAI CONTRACTER

**Jagdish Mishra**

# શ્રી શંભુદયાળ ફ. અગ્રવાલ ટ્રસ્ટ

(એક અનોખુ વ્યાપારી ટ્રસ્ટ)

આર્થિક પ્રવૃત્તિ દ્વારા કમાણી કરીને
સમાજોપયોગી કાર્યોમાં તેનો ઉપયોગ કરતું ટ્રસ્ટ
આથી

## અમારે ત્યાં છાપકામ અને ખરીદી કરવાનો આગ્રહ રાખો.

- કોલેજોની એસાઈનમેન્ટ નોટબુકો
- આઈકાર્ડ
- મેગેઝીન
- રજિસ્ટર
- પરીક્ષાની ઉત્તરવહીઓ
- ફાઈલ
- ઉપરાંત કોલેજોને ઉપયોગી અન્ય સ્ટેશનરી

મેળવવા માટે અમને અચૂક મળો.

શાળા-મહાશાળાઓના પ્રશ્નપત્રો છાપવાનું વિશ્વનીય સ્થળ

વિદ્યાર્થીઓને જરૂરી એકસરસાઈઝ નોટબુકો મળશે.

દરેક પ્રકારનુ બાઈન્ડીંગ કરી આપવામાં આવશે.

**આ ઉપરાંત કોઈપણ પ્રકારનું છાપકામ કરી આપવામાં આવશે.**

અમારે ત્યાં સભ્યશોધક સભાનાં પ્રકાશનો અને રેશનાલિઝમને લગતું સાહિત્ય પણ મળશે.

## શ્રી શંભુદયાળ ફ. અગ્રવાલ ટ્રસ્ટ

૮/૧૩૦૮, રંગીલદાસ મેહતાની શેરી, ગોપીપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

સંપર્ક

યોગેશ પ્રજાપતિ – ૯૯૭૮૮ ૯૬૩૬૪

નોંધ : અમારે ત્યાં ''સાંખ્યકીય કોષ્ટક'' પુસ્તિકા જથ્થાબંધ-છુટકમાં મળશે.

# ANERI CORPRATION

AUTHORIZED DISTRIBUTOR OF BIRLA
HIL PIPE & FITTING




557/1, PATEL STREET ,NAVAGAM (DINDOLI),
NEAR UMA CNG PUMP,POST -UDHNA,
DIST – SURAT -394210

PRASHANT PATEL
:- 9825128501
:- 9825128507
EMAIL:-anericorporation.surat@gmail.com

* OUR PRODUCTS

* PVC PIPE & FITTING
* ALL TYPE OF INDUSTRIAL PIPE & FITTINGS
* VALVES
* ACCESSORIES











OUR HARD WORK IS ENOUGH TO MAKE YOUR IMAGE SHINE

શુભેચ્છા સહ...

# મેઘ કોર્પોરેશન

*With Best*
*Comliments From !!!*

**HARI OM MARBLES**

### સુરત ખાતે તા. ૨૭–૧૨–૨૦૧૬ ના રોજ અવસાન પામેલા રેશનાલિસ્ટ

# પ્રા. બાબુભાઈ દેસાઈને સ્મરણાંજલિ

**–મોહનભાઈ પટેલ**

પ્રા. બાબુભાઈ દેસાઈનું સમાજવાદી વલણ અને માનવતા – રેશનાલિઝમના હિમાયતી અને જાગૃત શિક્ષણકાર તરીકે ગુજરાત–ભારતમાં પ્રખ્યાત હતા. સાથોસાથ વિદેશમાં પણ તેઓ ચાહકો અને વિશાળ મિત્રવૃંદ ધરાવતા હતા. કુટુંબીજનોથી માંડીને વિશાળ વિદ્યાર્થીવૃંદ અને સત્યશોધક સભાના અગ્રણીઓ ડૉ. બી. એ. પરીખ – પેટ્રન અને સત્યશોધક સભાના હાલના પ્રમુખ પ્રા. સૂર્યકાન્ત શાહ, પૂર્વ પ્રમુખ  શ્રી સિદ્ધાર્થ દેગામી સહિતની ટીમ સાથે પ્રા. બાબુભાઈ દેસાઈનો સંબંધ યાદગાર છે. સત્યશોધક સભા – સુરતના સ્થાપક પ્રમુખ મા. ગોરધનદાસ ચોખાવાલા સાથે નજીકનો સંબંધ અને ડૉ. બી. એ. પરીખ સાહેબની રાહબરી હેઠળ વિવિધ વૈજ્ઞાનિક–રેશનલ વિવેકબુદ્ધિ અને તર્ક–અનુભવથી શ્રેષ્ઠ કામગીરીનો પાયો પ્રા. બાબુભાઈ દેસાઈ જેવા મહાનુભાવે નાંખ્યો. તેના મોટા વટવૃક્ષ રૂપે સત્યશોધક સભા આજે શ્રેષ્ઠ કામગીરી કરે છે. તેનો યશ બાબુભાઈને પણ આપીએ,  એમની શ્રેષ્ઠ યાદગીરી અને સ્મરણાંજલિ છે.

* આ  તબક્કે  મારે માટે ખાસ યાદગીરી માટેનો પ્રસંગ એ હતો કે, તા. ૧૦–૧૨–૨૦૧૬ ના દિને તેમનો ફોન હતો કે, ‘મોહનભાઈ તમે મને રૂબરૂ મળી જશો...!’ કંઈક વધુ આશ્ચર્ય મૂંઝવણના ભાવથી પ્રેરાઈને હું એમને તે જ દિવસે મળ્યો. કેન્સરની વ્યાધિથી પિડાતા એવા પ્રા. બાબુભાઈ દેસાઈને પથારીવશ જોઈને ભારે દુઃખની લાગણી અનુભવી હતી. તેઓ મનથી ગંભીર જણાતા હતા.

* તા. ૧૨ મી ડિસેમ્બર–૨૦૧૬ની મારી બીજી મુલાકાતમાં સ્પષ્ટપણે મક્કમતાથી સંદેશો આપ્યો હતો કે, ‘આપણું મિશન ચાલુ રાખજો’...ત્યારે સમજી શકાય એવું હતું કે તેઓ પામી ગયા હતા કે – અસાધ્ય રોગ કેન્સર થકી પોતાના મૃત્યુના દિવસો  નજીકના છે. એમની ગંભીર વાણીથી મેં સમજી લીધું.

સને ૧૯૭૨ના વર્ષથી હું જયારે ઝેડ. એફ. વાડિયા વિમેન્સ કોલેજ, સુરતમાં રાજયશાસ્ત્રના વ્યાખ્યાતા તરીકે હતો. ત્યારથી એમની સાથે જે મિત્રતા સુરતમાં થઈ તે અંતિમ વર્ષ ૨૦૧૬ સુધી એટલે–કે ૪૪ વર્ષનો પરિચય–મિત્રતા યાદગાર રહી હતી. મારા પત્નિ સ્વ. રંજન પટેલની કેન્સરની બિમારીમાં ભરત કેન્સર હોસ્પિટલ, સુરત ખાતે

રૂબરૂ મળીને સાંત્વન આપવા પણ સને ૨૦૧૦ ના વર્ષમાં આવેલા. તે પણ મને બરાબર યાદ છે.

ખાસ નોંધવા જેવો પ્રસંગ એ હતો કે બાબુભાઈ પોતે સમાજવાદી–કોંગ્રેસપક્ષના કાર્યકરો સાથે નજીકનો સંબંધ ધરાવતા હતા. તેનું ખાસ ઉદાહરણ એ છે કે શિક્ષણવિદ્ પ્રા. હકુમતભાઈ દેસાઈ–સુરત અને મોજે ઉંટડી, તા. વલસાડના ઈશ્વરભાઈ દેસાઈ – જેઓ ગુજરાત વિધાનસભાના સભ્ય હતા. અને ડુમલાવ, તા. પારડીના ધારાસભ્ય ઉત્તમભાઈ હરજી પટેલ એક વખતના કેન્દ્રીય મંત્રીશ્રી સાથે રહીને પારડીના ઘાસીયા સત્યાગ્રહની જમીન જે તે ગણોતીયા, આદિવાસીઓને ખેડૂત હક આપીને માલિક બનાવવા માટેની સરકાર સામેની લડતમાં, પ્રા. બાબુભાઈ દેસાઈએ નવસારી ખાતે જેલવાસ પણ ભોગવ્યો હતો. તે પક્ષોમાં સત્તાધારીઓ સાથે લડત આપનાર તરીકે પણ પ્રા. બાબુભાઈ દેસાઈની સેવા યાદગાર છે!

ગુજરાતના સને ૧૯૭૪ના નવનિર્માણ આંદોલન જે વખતે મુખ્યમંત્રી શ્રી ચીમનભાઈ પટેલની સરકાર ગુજરાતમાં હતી. ત્યારે પણ પ્રા. બાબુભાઈ દેસાઈ, પ્રા. હકુમતભાઈ દેસાઈ, પ્રા. સૂર્યકાન્ત શાહ જેવા શિક્ષણકારોએ જે તે અન્યાય સામે અવાજ ઉઠાવી વિચારો રજૂ કર્યા હતા. તે પણ ખાસ યાદગાર છે. બાબુભાઈ દેસાઈ અન્યાય સાથે સત્તાધીશો–સંગઠન–પદાધિકારીઓને રજૂઆત કરી શકયા હતા.

ટૂંકમાં સત્યશોધક સભાને ગુજરાત–ભારતમાં પણ વૈજ્ઞાનિક માનવવાદથી અસરકારક રીતે અદા કરવા માટેની મહત્વની પાયાની કામગીરી કરવામાં પ્રા. બાબુભાઈ દેસાઈ, પ્રા. સૂર્યકાન્ત શાહ, દ. ગુજરાત યુનિ. સુરતના પૂર્વ વાઈસ ચાન્સેલર ડૉ. બી. એ. પરીખ કે જેઓ વર્ષો સુધી એમ.ટી.બી. કોલેજના પ્રિન્સિપાલ તરીકે પણ રહ્યા હતા. તેમની વડપણ હેઠળ ગુજરાતમાં રેશનાલિસ્ટ પ્રવૃત્તિને ઝડપથી પ્રચાર–પ્રસાર કરવાનો સિંહફાળો આપ્યો. તેની સુવાસ આજે પણ દરેક ક્ષેત્રે શિક્ષણ કે સમાજસેવા ક્ષેત્રે જોવા મળે છે. ખાસ કરીને ધાર્મિક ઘેલછા–અંધશ્રદ્ધા અને બિનવૈજ્ઞાનિક અભિગમો વિરુદ્ધ શિક્ષણ ક્ષેત્રે જાગૃતિ આવી છે. 'પછાત વર્ગ સમાજના શિક્ષિતો પોતે સ્વાર્થી ન બનતાં પોતાના નબળા સમાજની સેવામાં લાગી જવું જોઈએ'. – તેવું કથન પણ જે તે પ્રસંગે પ્રા. બાબુભાઈ દેસાઈએ કહ્યું હતું તે યાદગાર રહેશે.

✣ ✣ ✣

# સત્યશોધક સભાના સત્યશોધન માટેના પ્રયત્નો




**૧. કીમમાં વિજ્ઞાન શિબિર :**

વિજ્ઞાન સપ્તાહ નિમિત્તે સત્યશોધક સભા અને કીમ એજ્યુકેશન સોસાયટીના સંયુક્ત ઉપક્રમે કીમના વિદ્યા સંકુલમાં તા. ૨૪–૨–૨૦૨૫ના રોજ સવારે ૧૦.૦૦ થી સાંજે ૫.૦૦ સુધી કીમ વિસ્તારની શાળાઓના વિજ્ઞાન શિક્ષકોનો શિબિર યોજવામાં આવી. 'રમણભ્રમણ સુવર્ણચંદ્રક'થી આભુષિત ઉત્તમભાઈ પરમારે સમગ્ર શિબિરિના આયોજન–સંચાલનનો ભાર ઉઠાવ્યો. આશરે ૧૦૦ શિક્ષકોવાળા આ શિબિરની પહેલી બેઠક ડૉ. બી. એ. પરીખના પ્રમુખપદે મળી. ઉત્તમભાઈએ સૌનું સ્વાગત કર્યું. સૂર્યકાન્ત શાહે શિબિરના હેતુઓ સમજાવ્યા. કીમ વિસ્તારના અગ્રણી ડૉ. ઘનશ્યામ મહીડા અને સંજયભાઈ દેસાઈએ શિબિરનું ઉદ્‌ઘાટન કર્યું. ડૉ. સુષ્મા અય્યરે સૌને સત્યશોધક સભાનો પરિચય આપ્યો.

આ શિબિરમા 'વિજ્ઞાન અને વૈજ્ઞાનિક અભિગમ'ની મીમાંસા કરવા માટે દિલ્હીથી ખાસ પધારેલા ગૌહર રઝાએ 'વિજ્ઞાન અને વૈજ્ઞાનિક અભિગમ'ની એવી તલસ્પર્શી અને સ્પષ્ટ મીમાંસા કરી કે જેથી હાજર વિજ્ઞાન શિક્ષકોએ ત્યારબાદ એમના તરફથી પૂછાયેલા પ્રશ્નોથી સમજાયું કે એમને એ બન્ને તત્ત્વોની સંકલ્પનાઓ તો સ્પષ્ટ

થઈ, પરંતુ એમાં વધારે જાણવા–સમજવા માટે એમને મજબૂર કર્યા ! 'ડૉ. રઝાના વ્યાખ્યાનનો સાર હવે પછીના અંકોમાં પ્રસિદ્ધ થશે.)

ભોજન બાદની બીજી બેઠકમાં સૂર્યકાન્ત શાહે 'પ્રતીતીકારક પુરાવાઓ અને માન્યતાઓ' પર મનનીય વ્યાખ્યાન આપ્યું. ખાસ તો પુરાવો અને માન્યતાના તફાવતની અસ્પષ્ટતા માનવ અને સમાજ જીવનને કેટલું નુકસાનકારક છે તેની પૃચ્છા કરતા પ્રશ્નો પૂછાયા. (સૂર્યકાન્ત શાહનું પ્રવચન હવે પછીના અંકોમાં પ્રસિદ્ધ કરવામાં આવશે.




અમદાવાદથી ખાસ પધારેલા કિરણ ત્રિવેદીએ વિજ્ઞાન અને ટેકનોલોજી વચ્ચેના સૂક્ષ્મ તફાવત અને પસ્પરની પૂરકતાને જણાવ્યો. શિબિરાર્થીઓ વિજ્ઞાન કયાં પુરુ થાય અને ટેકનોલોજી કયાં શરૂ થાય એ જાણવા ઉત્સુક હોવાનું એમના પ્રશ્નો પરથી સમજાયું.

છેવટે, શિબિરના સમાપન પ્રસંગે જુદા જુદા શિબિરાર્થીઓએ શિબિર અંગે સંતોષ વ્યકત કર્યો. આવા શિબિર અને તેમાં પીરસાતા વિજ્ઞાનને જનમાધ્યમો અને સોશયલ મીડીયા દ્વારા વધુ ને વધુ પ્રસારવાનું સૂચન પણ થયું. કીમ એજ્યુકેશન સોસાયટી વતી ઉત્તમભાઈએ અને સત્યશોધક સભા વતી મોહનભાઈ પટેલે સૌનો આભાર માન્યો. ખાસ તો ઉત્તમભાઈ, એમના સંચાલક મંડળ અને બધા કર્મચારીઓએ જે દિલી સહકાર આપ્યો તેની પ્રશંસા કરીને સૌ છૂટા પડયા.

---

## બાકીના લેખો આવતા અંકોમાં...

***આ ચારસોમા વિશેષાંકમાં અપેક્ષા કરતાં વધારે લેખો આવ્યા છે. ''સત્યાન્વેષણ''ને પોતીકુ માનીને લેખકોએ જે ઉમેળકો બતાવ્યો છે તે અમને એનું હવે પછી પણ પ્રકાશન જારી રાખવા માટે પ્રોત્સાહિત કરે છે.***

# અંધશ્રધ્ધા નાબુદી કાર્યક્રમ

૨.	સત્યશોધક સભા, સુરત અને શ્રીમતી ભીખીબેન દારૂવાળા પ્રાથમિક શાળાના સંયુકત ઉપક્રમે રાષ્ટ્રીય વિજ્ઞાન દિને શાળા નંબર 38, રૂસ્તમપુરા સુરતમાં ચમત્કાર નિદર્શન અને વૈજ્ઞાનિક પ્રયોગોના કાર્યક્રમોથી અંધશ્રદ્ધા વિરુદ્ધ જાગૃતિ અભિયાન કરાયું હતું.



સુરત પાલિકા સંચાલિત શ્રીમતી ભીખીબેન દારૂવાળા પ્રાથમિક શાળામાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની અનોખી ઉજવણી કરવામાં આવી હતી. સત્યશોધક સભા, સુરત દ્વારા ચમત્કાર નિદર્શન કાર્યક્રમ વકતવ્ય તથા પ્રશ્નોત્તરી અને શાળા તરફથી વિજ્ઞાનના પ્રયોગો, નિબંધ સ્પર્ધા, ચિત્રકામ સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરાયું હતું. સત્યશોધક સભા અને શાળાના સંયુકત કાર્યક્રમના ઉપક્રમે સમાજમાંથી અંધશ્રદ્ધા દૂર થાય, વિદ્યાર્થિનીઓ વૈજ્ઞાનિક વલણ કેળવે અને વિજ્ઞાનમાં રસ લેતી થાય તે માટે આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થિનીઓ, વાલીઓ, શિક્ષકગણ જોડાયા હતા. જેઓને સત્યશોધક સભાના વૈજ્ઞાનિક પ્રયોગો, ચમત્કાર નિદર્શન કાર્યક્રમ કરી જાગ્રત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં પ્રમુખશ્રી તરીકે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના અધ્યક્ષ શ્રી

રાજેન્દ્ર કાપડિયા, ઉપાધ્યક્ષ રંજના ગોસ્વામી, સ્થાનિક નગર સેવક શ્રી ભારતીબેન વાઘેલા, સત્યશોધક સભાના પ્રમુખ સૂર્યકાંત શાહ, મંત્રી સુગીત પાઠકજી, મંત્રી જાદવ વેકરીયા, સહમંત્રી રાકેશ દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા. શાળાના એસ.એમ.સી. અધ્યક્ષ શમશાબાનુ તથા દિવ્યાંગ બાળકોના કોઓર્ડિનેટર મિહિર દેસાઈ, શાળાના આચાર્ય શ્રી અમીન શેખ અને શિક્ષક ગણ, વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સત્યશોધક સભાના જાદવભાઈ વેકરીયાએ વિદ્યાર્થિનીઓને રસ પડે તેવા ચમત્કાર નિદર્શન–વૈજ્ઞાનિક પ્રયોગો કર્યા હતા. જેમાં વિદ્યાર્થિનીઓ ખૂબ જ ઉત્સાહપૂર્વક જોડાઈ હતી, અને આનંદ માણ્યો હતો. દરેક ચમત્કાર અને ઘટના પાછળ કાર્ય–કાર્યકરણનો સિદ્ધાંત હોય છે. વૈજ્ઞાનિક સિદ્ધાંતોની સમજ આપી હતી. પાખંડીઓ અને ગેરમાર્ગે દોરનારા કેવી રીતે છેતરપિંડી કરે છે તે પ્રયોગો કરીને જણાવ્યું હતું.

કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનોએ વિવિધ સ્પર્ધાના વિજેતા વિદ્યાર્થિનીઓને તેમના વરદ હસ્તે પ્રમાણપત્રો આપી ઉત્સાહિત  કરવામાં આવી. સત્ય શોધક સભાના



પ્રમુખ શ્રી પ્રાધ્યાપક સૂર્યકાંત શાહે ઉદ્‌બોધન કરતા જણાવ્યું કે, ‘હંમેશા કુતૂહલ જીવંત રાખો. પૂછવાનું રાખો.’  ચેરમેન શ્રી રાજેન્દ્ર કાપડિયાએ પૂર્વ યુગના વિજ્ઞાન ગૌરવથી લઈ આધુનિક યુગના વિજ્ઞાનથી થતા લાભ અંગે જણાવ્યું હતું. વિદ્યાર્થિનીઓને વૈજ્ઞાનિક અભિગમ અપનાવવા પર ભાર મૂકયો હતો.  વાઈસ ચેરમેન શ્રી રંજનાબેન ગોસ્વામીએ મહિલા તથા વિદ્યાર્થીઓને અંધશ્રદ્ધા ન રાખવા અને દૂર કરવા વૈજ્ઞાનિક દ્રષ્ટિ કેળવવા જણાવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ સક્રિય રીતે અવનવા વૈજ્ઞાનિક પ્રયોગો ચમત્કારના પ્રયોગો કરીને જાદવભાઈ વેકરીયાએ આખા કાર્યક્રમને વિદ્યાર્થિનીઓને રસપૂર્વક બતાવ્યા હતા.

આ તબકકે વેકરિયાનો જન્મદિન હોઈ કાર્યક્રમમાં સૌએ તેની ઉજવણી કરી એમને જન્મદિનની શુભકામના પણ પાઠવી હતી.



કાર્યક્રમની શરૂઆતમાં વિદ્યાર્થિનીઓએ પ્રાર્થના રજૂ કરી હતી. સ્મિતાબેન સહાયે મહેમાનોનો પરિચય આપ્યો હતો. આચાર્ય શ્રી અમીન શેખે આવકાર આપ્યો. ઈન્ચાર્જ તરકેશ્વરી બેને તથા જ્યોત્સના બેને ફૂલ અને પુસ્તકોથી સૌ મહેમાનોનું સ્વાગત કર્યું હતું. અજરાબાનુએ ફોટોગ્રાફી કરી હતી. કાર્યક્રમ સમાપન બાદ ચર્ચા કરી અલ્પાહાર બાદ કાર્યક્રમની સમાપન જાહેરાત કરી હતી. આભાર વિધિ આચાર્યશ્રી અમીન શેખે કરી હતી.

✣ ✣ ✣

---

## ...આભાર...

***આ ચારસોમા વિશેષાંકમાં લેખકોએ એમનાં લેખો દ્વારા અને કેટલીક સંસ્થાઓએ જાહેર ખબરો દ્વારા જે યોગદાન આપ્યું છે તે બદલ એમનો હાર્દિક આભાર...***

***જાહેર ખબરો મેળવી આપવા માટે મુરબ્બી ડૉ. બી. એ. પરીખ, ધનસુખભાઈ પટેલ, સૂર્યકાન્ત શાહ, મોહનભાઈ પટેલ અને સુષ્માબેન અધ્યરના સહકારની સકદર નોંધ લઈએ છીએ.***

# જે. કે. ...આવજો ! (૧૯૩૩–૨૦૨૫)

–બિપીન શ્રોફ

(નખશીખ રેશનાલિસ્ટ જયંતિભાઈ પટેલ હવે આપણી વચ્ચે નથી. આપણા બિપીનભાઈએ એમના વિશે લખેલ અંજલિ લેખમાંથી અત્રે ટૂંકાવીને.)

જે. કે. ક્રાંતિકારી માનવવાદના મશાલચી હતા. ગુજરાત યુનિવર્સિટીમાં ભલે તેઓ પોલિટિકલ સાયન્સના પ્રોફેસર હતા, પરંતુ તેઓ તો તેનાથી આગળ વધી સમગ્ર સભાએ માનવવાદ આધારિત રાજકારણ અપનાવવાનું જાણે કે અધ્યાપન કરતા હતા ! એમણે આથી જ તો માનવવાદ અને નવજાગરણ પર સંખ્યાબંધ પુસ્તકો અને લેખો લખ્યા દાયકા સુધી તંત્રીપદ સંભાળેલું. એમની 'ઈશ્વર એક હાનિકારક કલ્પના' એ તો ગુજરાતીભાષીઓને ઈશ્વર હોવાની માન્યતાથી થતા ભયંકર નુકસાનથી માહિતગાર કર્યા હતા. તેઓ અમદાવાદમાં નિયમિત રીતે રેશનાલિસ્ટો સાથે માસિક ગોષ્ઠી ગોઠવતા હતા. એમનું કુટુંબ અમેરિકામાં છે, છતાં 'વિશ્વ માનવવાદ'નું એમણે અમદાવાદમાં પોતાના જ સમાજમાં રહી એને રેશનાલિઝમ–માનવવાદના સંદેશા પહોંચાડવાનું પસંદ કર્યું. એમણે દેહદાન કર્યું. એમના વિચાર વારસાને અનેક નવોદિત રેશનાલિસ્ટોએ પ્રાપ્ત કર્યો છે કે જેઓ તે વારસાને અનુરૂપ સતત રેશનાલિઝમ–માનવવાદના પ્રચાર–પ્રસાર માટે જ ઝઝુમે છે. સત્યશોધક સભાની એમને ભાવ ભરી અંજલિ.... જે. કે. આવજો. !

---


**'સત્યાન્વેષણ' માસિક**

**ધી રજિસ્ટ્રેશન ઓફ ન્યુઝ પેપર્સ, સેન્ટ્રલ રુલ્સ, ૧૯૯૬ અન્વયે**

**સત્યાન્વેષણ માસિક સંચાલિત માહિતી**

**ફોર્મ નં. : ૪ (નિયમ નં. ૮ મુજબ)**

સમાચારપત્રનું નામ : 'સત્યાન્વેષણ', પ્રકાશનની સામયિકતા : માસિક, સમાચારપત્રની ભાષા : ગુજરાતી, પ્રકાશક : સત્યશોધક સભા, મુદ્રક : સૂર્યકાન્ત સોભાગચંદ શાહ, સુરત, શ્રી શં ફ. અગ્રવાલ ટ્રસ્ટ, ગોપીપુરા, સુરત, રાષ્ટ્રિયતા : ભારતીય, માલિક : સત્યશોધક સભા, સરનામુ : C/O. શ્રી શં. ફ. અગ્રવાલ ટ્રસ્ટ,ગોપીપુરા, સુરત. અવધિ : માસિક–કિંમત : વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦, આજીવન રૂા. ૧૦૦૦/–. હું સૂર્યકાન્ત સોભાગચંદ શાહ મુખ્ય સંપાદક : સત્યશોધક સભા, આથી જાહેર કરું છું કે ઉપર આપેલ વિગતો મારી જાણ અને માન્યતા મુજબ સાચી છે.

**તા. ૧૫–૩–૨૦૨૫** **સૂર્યકાન્ત શાહ**

With Best
Compliments From...



**Vandana
Infraspace**

શુભેચ્છા સહ...



મનીષ પેકેજીંગ

કનુભાઈ પટેલ



28 BRANCHES +1 ADMIN
21 PBK
ATM/CRM 36
THE VARACHHA CO-OP. BANK LTD.
SURAT
2025
International Year of Co-Operatives
The Varachha Co-Op. Bank Ltd., Surat
Surat - Navsari - Ankleshwar - Ahmedabad - Rajkot
(Multi State Bank)
Our Bank's Digital Service
ATM
રોકડ ઉપાડ / ફંડ ટ્રાન્સફર
Cash Recycler
રોકડ જમા / રોકડ ઉપાડ
CDK
ક્લિયરિંગ ચેક જમા
Self Passbook Printer
પાસબુક પ્રિન્ટર
Debit Card
ઓફલાઈન શોપિંગ
Debit Card E-Commerce
ઓનલાઈન શોપિંગ
Mobile Banking
મોબાઈલ દ્વારા ફંડ ટ્રાન્સફર
Net Banking
પર્સનલ કોમ્પ્યુટર દ્વારા ફંડ ટ્રાન્સફર
e Mandate
E-Mandate
નિયમિત બીલ / હપ્તા આપના ખાતામાંથી ઓટો પે કરવા માટે
Rupay Platinum Contactless Debit Card
વધુ સુવિધા સાથે
IMPS IMMEDIATE PAYMENT SERVICE
IMPS 24X7
ત્વરિત ફંડ ટ્રાન્સફર
UPI UNIFIED PAYMENTS INTERFACE
UPI
એપ્લિકેશન વડે ફંડ ટ્રાન્સફર
NACH NATIONAL AUTOMATED CLEARING HOUSE
NACH આધાર નંબર વડે મળતા સરકારી લાભો સીધા ખાતામાં
Bank Statement
E-Statement
દર મહિને ઈ-મેઈલ પર ખાતાનું સ્ટેટમેન્ટ મેળવવા માટે
B BHARAT BILLPAY
BBPS
તમામ બિલ પેમેન્ટ કરવા માટે
ICD Service
અન્ય બેંકના ખાતામાં મશીન દ્વારા કેશ જમા કરવાની સુવિધા
IVR SERVICE Interactive Voice Response
0261-6918152
પોતાના બેંક ખાતાની જાણકારી મેળવવા પોતાના રજીસ્ટર મોબાઈલ નંબર દ્વારા ડાયલ કરો ૦૨૬૧-૬૯૧૮૧૫૨
Follow us :
Miss Call No. 0261 691 8151
WhatsApp No. 84601 84601
Email : info@varachhabank.in
1800 258 7750
www.varachhabank.com

# राष्ट्र भाषा प्रचारक मंडल, सूरत

रजि. नं. ६१



| | |
|---|---|
| सलाहकार | : डो. अतुल पाठकजी |
| अध्यक्ष | : डो. राजेष हजीरावाला |
| उपाध्यक्ष | : आचार्या नंदिनी शाह |
| मंत्री संचालक | : सुगीत पाठकजी |
| केन्द्र व्यवस्थापक | : डो. हरीश मोदी |
| कोषाध्यक्ष | : आचार्या मयूरा ठक्कुर |

**९/२४४० राष्ट्रभाषा भवन,**
**पार्वतीशंकर दवे चोक,**
**खपाटिया चकला, सूरत–६९५ ००३.**

માલિક સત્યશોધક સભા વતી મુદ્રક અને પ્રકાશક સૂર્યકાન્ત શોભાગચંદ શાહે અગ્રવાલ ટ્રસ્ટ, રંગીલદાસ મહેતાની શેરી, ગોપીપુરા, સુરત–(ગુજરાત), ખાતે ‘સત્યાન્વેષણ’ છાપ્યું અને પ્રસિદ્ધ કર્યું. મુખ્ય સંપાદક : સૂર્યકાન્ત શાહ